કુમાર

સંસ્થાપક
સ્વ. રવિશંકર રાવળ


આવતી કાલનાં નાગરિકોનું માસિક
વર્ષ પંચાવનમું · અંક નવમો
સપ્ટેમ્બર · ઓગણીસસો અઠ્યોતેર

તંત્રી: બચુભાઈ રાવત



તાજા ખબર (ફોટો · સુરેન્દ્ર પટેલ) કુમળા છાયા-પ્રકાશમાં સુંદર ફોટો-સંયોજન
(સ્પીડ: ૧/૨૫૦ સે., એફ ૮, ફિલ્મ: 'ઓરવો', ડેવલપર 'ડી-૭૬')

સળંગ અંક
૬૫૭



સાધુ
ચિત્રકાર :
મગનલાલ ડી. ત્રિવેદી

પલટાતી જતી પરિસ્થિતિઓમાં સમાજનાં આવાં પાત્રો હવે તો ઓછામાં ઓછાં જોવા મળે છે, પણ માનવપાત્રોના અભ્યાસ માટે બેત્રણ દાયકા પહેલાં ચિત્રકળાના વિદ્યાર્થીઓ એમને શોધી શોધીને એમનાં ચિત્રો કરતા. રખડી રખડીને કસાએલાં એમનાં શરીર, દાઢી-જટા ને ટીલાંટપકાંથી મંડિત નિષ્ફિકર ચહેરા, જુદી જુદી રીતે દેહ પર લપેટેલાં વસ્ત્રો, હાથમાં કડાં-ચીપિયા ને વિવિધ રંગ-આકારના એમના ખહેચામાંથી ચિત્રકામની તાલીમને યોગ્ય પૂરતો મસાલો મળી રહેતો. છાયા-પ્રકાશ અને આકાર-આકૃતિના આલેખનના એમાં ઠીકઠીક પાઠ મળી રહેતા. દેશના તેમ જ વિદેશના કલાના વિદ્યાર્થીઓ તથા પકાએલા ચિત્રકારોને માટે તેઓ એક અચ્છો ચિત્રવિષય બની રહેતા. આજે ચિત્રકૃતિ હોવા ઉપરાંત ધીરેધીરે એનું દસ્તાવેજી મૂલ્ય પણ વધી રહ્યું છે. રંગીન ફોટોગ્રાફી જ્યારે હજી વિકસી રહી હતી ત્યારનાં એમનાં આવાં ચિત્રોનું આગવું મૂલ્ય વધી રહ્યું છે. જૂની પેઢીના ચિત્રકારોએ આવી તો કેટલી ય ભૂતકાલીન સામગ્રીને આ રીતે ચિત્રાંકિત કરીને અજાણતાં સાચવી રાખી છે. આજના ચિત્રસર્જનમાંથી બેપાંચ દાયકા પછી કેટલીક કૃતિઓ સંગ્રહણીય રહી હશે એ તો સમય જ કહેશેને ?

દરેક ભાતના
ભોજન સાથે
ભળી જાય છે



Lijjat PAPAD
REGD. TRADE MARK

લિજ્જત
પાપડ
મસાલા

શ્રી મહિલા ગૃહ ઉદ્યોગ લિજ્જત પાપડ
(ખાદી અને ગ્રામોદ્યોગ કમિશન દ્વારા માન્ય)
• જ. શં. માર્ગ મુંબઈ-૨ • નારાયણવાડી, મુંબઈ-૪
• વાંદરા, મુંબઈ-૫૦ • વડાલા, મુંબઈ-૩૧
• કાંદિવલી, મુંબઈ-૬૭ • મુલુંડ, મુંબઈ-૮૦
• પુના • અમરાવતી • ભાવનગર • વાલોડ
• રામપુરીયા • રાજકોટ • • હૈદ્રાબાદ • કલકત્તા.

કુમાર

સપ્ટેમ્બર ૧૯૭૮ · અંક ૬૫૭

તંત્રી: બચુભાઈ રાવત ∞ ઉપતંત્રી: બિહારીલાલ ટાંક

ચિત્રો

કાવ્યો

ચરિત્ર

વાર્તા

લેખો

વિભાગો

'કુમાર' સામાન્યત: દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે. તે પછી અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી પહોંચી વળવાનો પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એવા ગુમ થએલા અંકો ભરપાઈ કરી આપવાનું બંધન અમારે માથે રહેતું નથી.

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક: બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ. ૧૪૫૪ રાયપુર, અમદાવાદ-૧
વાર્ષિક લવાજમ: રૂ.૨૪-૦૦; પરદેશ: રૂ.૪૮ યા પાઉન્ડ ૩ યા ડૉ. ૬-૦૦; છૂટક નકલ: રૂ.૨-૫૦

'કુમાર'માંનાં સર્વ લખાણો ચિત્રો ને ફોટો કૉપીરાઈટથી રક્ષિત છે.

વાચકો લખે છે...

મહારાષ્ટ્રની અસર?

'કુમાર' ૬૫૪માં રુક્મિણી મંદિરની ચર્ચા કરતાં ગોસ્વામી મોહનપુરીએ ગુજરાતમાં આવેલાં રુક્મિણી મંદિરને મહારાષ્ટ્રની અસર ગણાવી તે વિચારવા જેવું છે. આપણા સાહિત્ય અને સંસ્કૃતિ ઉપર વિદેશી અસરો વિષે અવારનવાર કંઈ ને કંઈ વાંચવા-સાંભળવા મળે છે, જ્યારે ગુજરાતી ભાષા-સાહિત્ય અને સંસ્કૃતિ ઉપર મહારાષ્ટ્રની અસર કે એવી અન્ય રાજ્યોની અસર વિષે વિગતવાર વિચાર થએલો જોવા મળતો નથી. એ તો સ્પષ્ટ છે કે નરસિંહનાં પદોમાં આવતો છઠ્ઠી વિભક્તિનો પ્રત્યય 'ચા' ('નરસૈયા ચા સ્વામી') મરાઠી અસરથી આવ્યો છે. આ ઉપરાંત નરસિંહની ભક્તિમાં પણ મરાઠી સંતભક્તિની અસર છે. વારકરી સંતોએ નરસિંહ અને અન્ય સંત કવિઓને સવિશેષ પ્રભાવિત કર્યા જણાય છે.

પરંતુ 'કુમાર'માં જ્યારે રુક્મિણી મંદિરની ચર્ચા ચાલી છે ત્યારે મહારાષ્ટ્રની અસર વિષે ફરી વિચારવાનું થાય છે ને દ્વારકા, માધવપુર તથા તુલસીશ્યામમાં આવેલાં રુક્મિણી મંદિરો કેવી રીતે મહારાષ્ટ્રની અસર સૂચવી શકે તે પરત્વે આવું કંઈક વિચારી શકાય:

ગોકુલવાસી બાલક કૃષ્ણ સાથે રાધા, લલિતા વગેરે અષ્ટ સખીઓનાં નામ તેમ દ્વારકાવાસી પ્રૌઢ શ્રીકૃષ્ણ સાથે રુક્મિણી સત્યભામાદિ અષ્ટ પટરાણીઓનાં નામ જોડાએલાં છે. આમાંથી શાક્તપીઠ તરીકે રાધા અને રુક્મિણિ પૂજાસ્થાનનાં અધિકારી ક્યારે બન્યાં તે પ્રશ્ન છે, પરંતુ તેમને પ્રાપ્ત થએલો પૂજાધિકાર ઈ. સ.ની દશમી સદી પહેલાં તો જણાતો નથી. સંભવતઃ દશમી સદી પછી ઉદ્ભવેલાં ઉપપુરાણોમાં રાધા-રુક્મિણીની શક્તિ તરીકે પ્રતિષ્ઠા થવા લાગી જણાય છે. પંદરમી સદીનું 'દેવી ભાગવત' દ્વારકામાં રુક્મિણીપીઠ આવેલી હોવાનો નિર્દેશ આપે છે. સત્તરમી સદીમાં આ 'દેવી ભાગવત'નું મરાઠી ભાષાંતર થાય છે. અતઃ એની લોકપ્રિયતા વધી છે. આપણે અનુમાની શકીએ કે ચૌદમી સદીથી અઢારમી સદી વચ્ચેનાં પાંચસો વર્ષમાં રુક્મિણીએ દેખા દીધી છે અને સૌરાષ્ટ્રના આ પશ્ચિમ કિનારે બીજાં અસંખ્ય ધર્મસ્થાનોની વચ્ચે રુક્મિણી મંદિરો પણ ઊભાં થયાં છે.

જોકે મંદિર-સ્થાપત્યની દૃષ્ટિએ અહીં એક પ્રશ્ન ઊભો થાય છે. તુલસીશ્યામનું રુક્મિણી મંદિર ચૌદમી સદી પહેલાંનું નથી તેથી ઉપરના અનુમાનને બાધ આવતો નથી, પરંતુ માધવપુર અને દ્વારકાનાં રુક્મિણી મંદિરો ચૌદમી સદીથી પ્રાચીન છે એટલે એમ સ્વીકારવાનું રહે કે મૂળ મંદિરો કોઈ બીજા દેવનાં હશે અને પાછળથી રુક્મિણી સાથે તેને જોડી દેવામાં આવ્યાં યા રુક્મિણીપૂજા વધુ પ્રાચીન સમયની હશે. જો આ બીજી સંભાવના સાચી પડે તો ગુજરાતમાં આવેલાં ત્રણ રુક્મિણી મંદિરો ઉપર મહારાષ્ટ્રની અસર નહિ પરંતુ મહારાષ્ટ્ર ઉપર ગુજરાતની અસર સ્વીકારવાની રહે.

(પોરબંદર) —નરોત્તમ પલાણ

રુક્મિણી મંદિરનો શિલાલેખ

અંક ૬૫૪માં દ્વારકાના રુક્મિણી મંદિરના શિલાલેખ વિષે તથા દ્વારકા પાસેના સાંબલક્ષ્મણા મંદિર વિષેની વાત શ્રી ચાવડાએ કરી તે પરત્વે:

રુક્મિણી મંદિરની બહારની ચોકીનો શિલાલેખ હજુ સુધી વિદ્વાનોની નજરમાં આવ્યો નથી. ચોકીના છેક ઉપરના પાટડામાં લેખ હોવાથી ત્યાં કોઈની પણ નજર જઈ શકે તેમ નથી. શ્રી રણજિત ચાવડા અને શ્રી કમલેશ વીસાણી જેવા જિજ્ઞાસુ યુવાનોએ એ લેખ ખોળી કાઢ્યો છે અને એના વિષે 'સ્વાધ્યાય'ને લખેલું પણ છે. દ્વારકાના આ મિત્રોની મદદથી સીડી ગોઠવીને હું ત્યાં ચડેલો અને મહા મહેનતે લેખનું અક્ષરાંતર કર્યું છે, પરંતુ હજુ તેમાં થોડાક શબ્દો અવાચ્ય જણાય છે. આથી કાં તો એ લેખનો ફોટો લઈ અથવા ફરીવાર દ્વારકા જઈ ચકાસવાનું થાય ત્યાર પછી જ એના વિષે સ્પષ્ટ કહી શકાય. પરંતુ ઇતિહાસ-પુરાતત્ત્વના અભ્યાસીઓની જાણ ખાતર જણાવું તો આ લેખ અદ્યાપિ અપ્રસિદ્ધ છે. એ લેખ ત્રણ પંક્તિઓનો છે, પ્રથમ પંક્તિ સૌથી મોટી છે, બીજી સહેજ નાની અને ત્રીજી પંક્તિ માત્ર એક જ શબ્દની છે. આ છેલ્લો શબ્દ 'દ્વારકા' હોવાનું વાંચી શકાય છે. ઉપરની બે પંક્તિઓમાં રુક્મિણી મંદિર ફરીવાર બંધાયું ત્યારની અથવા બહારની આ ચોકી ચણનાર કડિયાઓની નામાવલી છે. મુખ્ય કડિયાએ પોતાની પાંચ પેઢીનાં નામ એમાં લખ્યાં છે. લિપિ સંસ્કૃત છે, પરંતુ વચ્ચે 'લ' અક્ષર ગુજરાતી જેવો છે. લેખમાં સંવતનો નિર્દેશ નથી, પરંતુ લિપિ ઉપરથી તે સોળમી સદીનો જણાય છે.

સાંબ-લક્ષ્મણાના મંદિરમાં પણ નજરે નહિ ચડેલો, અપ્રકાશિત તથા લગભગ અવાચ્ય એવો શિલાલેખ આવેલો છે. સાંબ-લક્ષ્મણાનાં શિલ્પો તથા આ લેખ વિષે ચીવટ લેવાય તો ઘણો જ નવો પ્રકાશ મળે તેમ છે, કેમ કે મેં લેખમાં છેલ્લે 'દામોદર પ્રાસાદ' શબ્દો વાંચ્યા છે. સાંબ-લક્ષ્મણાને શાક્તપીઠ કહેવામાં આવેલ છે તેની સામે લેખમાંના શબ્દોનો વિરોધ ઊભો થાય છે. લેખ જોતાં એમ લાગે છે કે સાંબ-લક્ષ્મણાનું મંદિર વિષ્ણુ મંદિર જ છે.

શ્રી ચાવડાએ વૈષ્ણવી શાક્તપીઠનો ઉલ્લેખ કર્યો તે પરત્વે વિચારવા જેવું છે, કારણ કે શાક્તપીઠોમાં શૈવ-વૈષ્ણવ એવા ભેદ નથી. બધી જ પીઠો શૈવ-વૈષ્ણવોમાં સરખી રીતે પૂજાય છે. વળી, શાક્તપીઠોવાળા 'નમઃ શિવાય'ને બદલે 'નમઃ નારાયણ' એવો મંત્ર બોલે છે એ વાત દરેક શાક્તપીઠમાં જોવા મળે છે, એટલે કે શાક્તપીઠોમાં શૈવ-વૈષ્ણવોની એકતા છે. શંકરાચાર્યે સ્થાપેલા ચાર મઠ-પીઠ શાક્ત-શૈવ છે અને એ ચારે મઠ-પીઠ વૈષ્ણવ ક્ષેત્રમાં છે આથી આ ચાર ક્ષેત્રનો પણ વિચાર કરવા જેવો છે. શંકરાચાર્ય શાક્તશૈવ હોવા છતાં ય દરેક પીઠનો મુખ્ય દેવ વૈષ્ણવ છે! જેમકે ઉત્તરમાં જ્યોતિર્મઠ-પીઠના દેવ બદ્રીનારાયણ છે, દક્ષિણમાં શૃંગેરીમઠ-પીઠના દેવ વરાહ—વિષ્ણુ અવતાર છે; એમ જ પૂર્વમાં ગોવર્ધનમઠ-પીઠના દેવ જગન્નાથ—વિષ્ણુ છે. આમ જ દ્વારકાની શારદામઠ-પીઠના દેવ સિદ્ધેશ્વર છે પરંતુ પીઠારાધ્ય દ્વારકાધીશ છે, એટલું જ નહિ ખુદ શંકરાચાર્યની પરંપરાનું મૂળ 'નારાયણ'થી શરૂ થાય છે. એટલે કે શંકરાચાર્ય ખુદ શાક્ત-શૈવ હોવા છતાં વૈષ્ણવ છે. આથી વૈષ્ણવી શાક્તપીઠ એવો પ્રયોગ મારા મતે બરાબર નથી.

(પોરબંદર) —ગોસ્વામી મોહનપુરી

છંદોભંગવાળી ગઝલો

આપે મે '૭૮ના અંકમાં છંદોભંગવાળી ગઝલોના દાખલા આપવાનું કહેલ છે. જૂન '૭૮ના અંકમાં ચાર ગઝલો છે. તેમાં 'મૌન' ગઝલમાં 'મૌન એટલે બધા આયનાઓનું તૂટી પડવું' પંક્તિ વજનમાંથી તૂટી પડે છે. તેની નીચેની પંક્તિની પણ એ જ દશા છે.

'તો જુઓ'-ગઝલમાં પહેલી પંક્તિ 'સર્પ તો ગયા લીટાનું જોર તો જુઓ' વજનમાં નથી. આ ગઝલના વજન—ગાગા લગા લગા લલ ગાગા લગા લગા—મુજબ 'લાખ લાખ તારલા'-વાળી પંક્તિ પણ આ વજનમાં નથી. તે સિવાયની પંક્તિઓ જે વજનમાં નથી તે આપ મેળવી શકશો. 'હું' ગઝલ પણ ઉપરના જ વજન (છંદ)માં છે. બંનેને મેળવવાથી છંદોભંગનો ખયાલ આવી જશે.

ગઝલ એ કોઈ છંદ નથી, પણ ઘણા બધા છંદોમાં લખાતો એ કાવ્યપ્રકાર હોવાથી તમારે જ્યારે કોઈ પણ ગઝલ 'કુમાર'માં છપાવા માટે આવે ત્યારે તેના કર્તા પાસેથી એ ગઝલ તેમણે કયા વજનમાં (છંદમાં) લખેલ છે તે કૃતિ નીચે

લખી મોકલવાનું કહેવું એટલે આપોઆપ બધા કાં તો સુધારીને જ મોકલશે અથવા આપને સુધારવાનો પૂરો મોકો રહેશે.

(વેરાવળ) —એમ. જે. જોશી

વિનોદની નજરે-૧

૬૫૨મા અંકમાં શ્રી ચૈતન્યભાઈએ ચર્ચા છેડી તે પહેલાંથી જ હું 'વિનોદની નજરે' લેખો ભૂલવતી. શ્રી વિનોદભાઈ સાહિત્યમાં નવો ચીલો પાડવા પ્રયાસ કરે છે. નવો ચીલો એવો ન હોવો જોઈએ જે પાછળ આવનારને મતિભ્રમ તરફ ધકેલે.

આ અંકમાં વળી ચૈતન્યભાઈએ વાત છેડી. ખુલ્લે આમ વાચકોનો અભિપ્રાય માગ્યો. હું તેઓ સાથે લગભગ સહમત છું. શ્રી રાધેશ્યામ શર્મા વિષેના લેખમાં તેઓએ રજૂ કરેલા સ્પષ્ટ મુદ્દાઓ ધ્યાન ખેંચે તેવા છે, ને સંપાદક શ્રીએ તેઓ પર કરેલો શાબ્દિક હુમલો હાસ્યાસ્પદ લાગે છે. ક્યાં છે એમાં અશિષ્ટતા? ક્યાં છે એમાં અહમ્? હા, ભાષા જરા ભારે પડી હશે! સાહિત્યના શુદ્ધિકરણ માટે આવી ચર્ચાઓ જરૂરી છે. ચર્ચા છેડી અમારા જેવાંઓને સુષુપ્તામાંથી જગાડવા બદલ 'કુમાર'નો આભાર.

(ધ્રાંગધ્રા) —(કુ.) દક્ષા શાહ

૨

અંક ૬૫૫માં શ્રી જનક ત્રિવેદી લખે છે કે શ્રી વિનોદ ભટ્ટને એક વખત 'કુમાર'-ચંદ્રક એનાયત થઈ ગયો છે અને 'કુમાર'-ચંદ્રકના નિર્ણાયકો શ્રી ચૈતન્ય દવે કરતાં અનેક રીતે વધુ વિદ્વાન છે. શ્રી જનકભાઈને વિનંતી સાથે જણાવવાનું કે ચર્ચા શ્રી વિનોદભાઈના લખાણ અંગે છે નહિ કે શ્રી વિનોદભાઈ કોણ છે. એમને 'કુમાર ચંદ્રક' મળ્યો હોય કે નોબેલ પારિતોષિક, એ વાત મહત્ત્વની નથી. વળી, આ ચર્ચામાં 'કુમાર-ચંદ્રક'ના નિર્ણાયકોનો ઉલ્લેખ કરવો જરૂરી નથી લાગતો.

(અમદાવાદ) —વિનોદ પરીખ

[*'કુમાર-ચન્દ્રક' આ લેખમાળા માટે જ મળ્યો છે એ આપના ખ્યાલમાં છે?]

૩

'વિનોદની નજરે' લેખમાળા અંગે શ્રી ચૈતન્ય દવેની દલીલ તદ્દન વાજબી છે અને હું સહમત થઉં છું. 'કુમાર'માં જ્યારથી આ લેખમાળા શરૂ થઈ ત્યારથી બધી જ મેં વાંચેલી છે, અને દરેક વખતે એક જ ભાવ પેદા થયો કે આને એક પણ ગદ્યશૈલીમાં સમાવી શકાય નહિ. માની લઈએ કે શ્રી વિનોદે નવી શૈલી કે પ્રયોગની શરૂઆત કરવા પ્રયાસ કર્યો છે, ને 'કુમાર'માં કદાચ એ જ કારણે તેમને સ્થાન મળ્યું હોય; પણ નવા પ્રયોગને કે નવી રીતને લોકો સમક્ષ મૂકવામાં તેઓ સરિયામ નિષ્ફળ નીવડ્યા છે.

સમાજનો બુદ્ધિજીવી વર્ગ કહેવાય એવામાંથી કોક વ્યક્તિ પસંદ કરી તેના અંગત જીવનના પ્રસંગો કે વ્યવહારને અને લોકો સમક્ષ મૂકવાનો મુખ્ય ઉદ્દેશ શો હોઈ શકે? એ જ કે બુદ્ધિજીવીઓનાં ખોટા, અયોગ્ય કે નૈતિક મૂલ્યો વગરના વ્યવહાર, જાહેરમાં મૂકવા જે બીજાઓને એમ ન વર્તવાના સંદર્ભમાં વિચાર કરતા કરે, જે શુદ્ધ સામાજિક વ્યવસ્થાને વધુ મજબૂત બનાવે. બુદ્ધિપ્રધાન વર્ગની સમાજ પર ઘણી અસર છે અને સમાજને ઘણી અપેક્ષા છે. એવા વર્ગની વ્યક્તિઓની વ્યવહારમાં પ્રવર્તતી વિચિત્રતાઓ અને મર્યાદાઓ કેટલી છે તેનું વિશ્લેષણ કરી તેનાથી આ વર્ગને દૂર રાખવાનો ઉદ્દેશ જ માત્ર 'વિનોદની નજરે'નો હોવો જોઇએ. પણ ખેદ સાથે નોંધવું પડે છે કે વિનોદની વક્ર નજરને આ દૃષ્ટિ જડી નથી.*

વિનોદ-શૈલી માટે તેઓ સફળ રહ્યા છે, પણ આ રીતની વિનોદ-શૈલી વાહિયાત, અર્થહીન, બુદ્ધિહીન છે. જે ભવિષ્યના નાગરિક માટે કશું જ કરી શકે તેમ નથી. જ્યારે 'કુમાર' તો ભવિષ્યનાં... માટે છે.

(અમદાવાદ) —સુદીપ ચક્રવર્તી

[*પણ એ માટે તો એમને 'કુમાર ચન્દ્રક' મળ્યો છે. એ આપનારા આપની દૃષ્ટિએ નાપાસ?]

૪

'કુમાર' હાથમાં આવે કે તુરત જ સૌ પ્રથમ 'વિનોદની નજરે' વાંચવાની જિજ્ઞાસા થય છે. હાસ્યરસના કાચમાંથી વિનોદ ભટ્ટનું વ્યક્તિચિત્ર માણવું એ પણ લહાવો છે.

'વિનોદની નજરે' લેખમાળામાં જે તે વ્યક્તિને ઉતારી પાડવાનો ઈરાદો હોય છે એવી કલ્પના 'કુમાર'ના વાચકો કઈ રીતે કરી શકે? વિનોદ ભટ્ટનો બચાવ કરવાનો હોય જ નહિ. કેટલી ચકોર નજર! છતાં નિર્દોષ, નિર્મળ. ક્વચિત કલ્પનાના રંગો કે અતિશયોક્તિનો આશરો લઈ શબ્દ-ચિત્ર ઘટ્ટ બનાવે છે ત્યારે સાચું વ્યક્તિચિત્ર 'ગૉગલ્સ દર્શન'માં ધૂંધળું બની જાય છે, એ પણ મંજૂર.

'કુમાર' ૬૫૩માં સ્વ. મડિયાનું શબ્દચિત્ર ખૂબ જ સ્પર્શી ગયું. હવે પછી બચુભાઈ રાવતનું વ્યંગચિત્ર માણવાની અપેક્ષા પૂરી કરશો. અન્ય કોઈ હાસ્યલેખકને 'વિનોદ ભટ્ટ'નું શબ્દ-ચિત્ર આપવા આમંત્રણ આપશો?

કોયલી (સોરઠ) —ધીરજ ગોસાઈ

૫

'વાચકો લખે છે' વિભાગમાં વાચકોનાં મનનું સમાધાન બહુધા વાચકોની કલમે જ સાધવાના 'કુમાર'ના અભિગમ ઉપર શગ સોંતા ઢોળાઈ જવાનું મન થઈ જાય છે!

ગયા અંકમાંના શ્રી ભૂપત નાનસીના પત્રમાંથી નર્યું મિથ્યાભિમાન નીતરે છે. 'વિનોદની નજરે-માં વિનોદ અંગ્રેજી શબ્દોનો ઉપયોગ કરે છે તે મને નથી ગમતું' એમ કહેવામાં તેમણે ખાસ્સા આઠ-દસ પરભાષી શબ્દોનો આશ્રય લીધો જ છે! તેઓને તથા અમદાવાદના ભાઈ ચૈતન્ય દવેને જણાવવાનું કે છલાંગ મારતાં પહેલા આપણે આપણી ઊંચાઈ તપાસી લેવી અનિવાર્ય છે. ઘણી વાર પરભાષી શબ્દો આપણી ભાષાની મર્યાદાઓને અતિક્રમી જાય છે એનું મૂલ્ય તમારા જેવા છીછરું ધૂધવતાં વાચકોને મન કંઈ જ ન હોય તો 'કુમાર'નો પરિત્યાગ કરવો જ રહ્યો?

'વિનોદની નજરે'નાં અઢી પાનાં અઢી હજારથી વધુ વાચકોને અઢીસો કલાક સુધી પ્રફુલ્લિત રાખવા સમર્થ છે એમ હું તો માનું જ છું. બાકી મિથ્યા બકવાસ કરવાથી 'વાચકો લખે છે' સુધી પહોંચાય, અશોક હર્ષ સુધી નહિ. સમજ્યા! એવું કો'ક લખી તો જુઓ!

(રૂપાવટી) —મનહર જાની

૬

છેલ્લાં કેટલાં યે વર્ષોથી હું 'કુમાર' વાંચું છું. 'કુમાર'નો સુરુચિ માટેનો આગ્રહ સુવિખ્યાત છે. પણ જૂનના 'કુમાર'ના અંકમાં શ્રી વિનોદ ભટ્ટનો આદિલ મન્સૂરી વિષેનો પરિચયાત્મક લેખ મને સુરુચિનો ભંગ કરતો લાગ્યો.

સર્જકો વિષે આપણને જાણવાનું કુતૂહલ હોય તે ખરું, પણ તે એમની સર્જકતા વિષે. એક વ્યક્તિ તરીકે આપણા સહુમાં અમુક વિલક્ષણતાઓ કે નિર્બળતાઓ હોઈ શકે. પણ એ જાહેર ચર્ચાનો વિષય ન હોઈ શકે. આ લેખમાં આદિલ મન્સૂરીનું વ્યક્તિત્વ જે રીતે ઉપસાવવામાં આવ્યું છે, એને અંગે જે વિગતો આપવામાં આવી છે તે નિકૃષ્ટ પ્રકારનું કુતૂહલ ધરાવનારાઓને જ સંતોષે તેમ છે. 'કુમાર' કાર્યાલયમાંથી છાનામાના કાગળો તફડાવવા, સામયિકો-પુસ્તકોનું સ્થળાન્તર કરવું, ધૂમપાન નહિ કરવાનો નિયમ તોડીને સિગારેટ એની મનાઈ કરતા પાટિયા પર જ બુઝાવવી, ઉમાશંકર-બચુભાઈનાં પૂતળાં લટકાવવાં, 'રે'ના ઉત્કર્ષ માટે બૂટપૉલિશ કરી પૈસા ઉઘરાવી એનો નાસ્તો કરી નાખવો, શ્રી સુરેશ જોષીએ ઍબ્સર્ડ

આવતો અંક

દિવાળી અંક

દિવાળી ઑક્ટોબરની ૩૧મી તારીખે આવે છે એટલે ઑક્ટોબર માસનો ખાસ દળદાર દિવાળી અંક તરીકે એ માસની આખરના અઠવાડિયામાં બહાર પડશે તેની નોંધ લેવા ગ્રાહકોને વિનંતી છે. —સંચાલક

નાટકનું સંપાદન કરવાની વિનંતી કરી તેને અસ્વીકારીને, સંપાદનની જવાબદારી એમના પર છોડયા પછી એમણે નબળાં નાટક નહિ છાપ્યાં તે બદલ બધી જ શિષ્ટતાને નેવે મૂકીને ઝગડો કરવો—કેટલું ગણાવીએ ?

આ બધાથી આદિલની કાવ્યપ્રવૃત્તિ, એની ઉત્તમ કવિતાની ઝાંખી કે એક વ્યક્તિ તરીકેની માનવીય હુંફનો કશો જ પરિચય થતો નથી. તો પછી શું વિનોદ ભટ્ટનો આશય આ બધી વિગતોથી યેનકેન પ્રકારેણ આપણને પરાણે હસાવવાનો જ હશે ? સાંભળ્યું છે તે પ્રમાણે આદિલનો ધર્મ તરફનો ઝોક વધ્યો છે. એ એક પાક ખાનદાન મુસ્લિમ તરીકે જીવવા ચાહે છે.* તો એના ભૂતકાળના, હલકી રુચિવાળાને જ સંતર્પે એવાં અળવીતરાંને આગળ કરીને એના સર્જક તરીકેના ઉત્તમાંશને વિષે મૌન સેવીને એમણે નથી મિત્રને ન્યાય કર્યો કે નથી 'કુમાર'ને. એમણે કેવળ એમની હીન રુચિનો જ પરિચય આપ્યો છે, અને 'કુમારે' પણ કાં તો અસાવધાનતા કાં તો અનિચ્છનીય સમાધાનવૃત્તિને છતી કરી છે.

(વડોદરા) —ભારતી દલાલ

[*આ શુભ સમાચારની અમને, શ્રી વિનોદ ભટ્ટને કે ખુદ શ્રી આદિલને પણ ખબર નથી.]

૭

પ્રથમ તો આપશ્રીને અભિનંદન આપું છું કે 'વાચકો લખે છે' વિભાગ દિનપ્રતિદિન 'કુમાર'નો મહત્ત્વનો વિભાગ થતો જાય છે અને જે તટસ્થતાથી આપ એને મહત્ત્વ આપો છો એ અભિનંદનને પાત્ર છે જ. જે રસથી વાચકો—જાણકાર અને વિદ્વાન મહાનુભાવો-ભાગ લે છે તે રીતે તો આ વિભાગ ભવિષ્યમાં 'કુમાર'નો મહત્ત્વનો અને પ્રથમ કક્ષાનો વિભાગ થશે, ને થવો જોઈએ, એવી શુભેચ્છા.

'કુમાર'માં દરેક લેખકનાં નામ જ લખાય છે એમાં જો નામ આગળ 'શ્રી' ઉમેરવામાં આવે તો વધારે યોગ્ય અને ગૌરવપ્રદ લેખાશે એમ માનું છું. જેમ કે શ્રી બહાદુરશાહ પંડિત, શ્રી વિનોદ ભટ્ટ વગેરે.

'વિનોદની નજરે' 'કુમાર'નો એક રસપ્રદ ને મહત્ત્વનો વિભાગ છે, એ ચાલુ જ રાખવા સૂચન છે. એ વાંચવાથી આનંદ મળે છે ને હું એ પ્રથમ વાંચું છું. 'વિનોદની નજરે' વિભાગ માટે મારું એક સૂચન મોકલું છું.

એ વિભાગમાં જે વ્યક્તિ અંગે લેખ છાપવાનો હોય તેની સાથે એ વ્યક્તિનો ટૂંક પરિચય ('મારી માન્યતા' વિભાગમાં જે મહાનુભાવની મુલાકાતના સવાલ-જવાબ આવે છે તેમનો ટૂંકો પરિચય પણ અપાય છે તેમ) અપાય તો ઉત્તમ થશે અને ભાઈશ્રી ભૂપત નાનસી (મુંબાઈ) પત્ર નંબર-૫ જેવા વિદ્વાન વાચક સુશ્રી નીરુભાઈને પોતાના કરતાં એકદમ ઊતરતી કક્ષાના ગણાવે છે તેવું નહિ થાય.

ભાઈશ્રી વિનોદ ભટ્ટને વિનંતી કે બહુ જ્ઞાન હોય તો માણેકચોકમાં ચાલતા માણસને કોઈના પર ઠોકી ના બેસાડશો, પરંતુ મુંબાઈમાં ફરતા શ્રી ભૂપત નાનસી જેવા મહાનુભાવનો તાઝગીભરી શૈલીમાં પરિચય કરાવશો.

'વાચકો લખે છે' ને 'વિનોદની નજરે' વિભાગ માટે ફરી અભિનંદન. બંને વિભાગ ચાલુ રાખશો. શ્રી વિનોદ ભટ્ટને પણ અભિનંદન.

(બિલિમોરા) —મહેન્દ્રસિંહ ચૌહાણ

૮

અંક ૬૫૫માં શ્રી ચૈતન્ય દવેએ પોતાના અભિપ્રાયની સત્યતા વાચકો પર છોડી છે, પરંતુ તે જ અંકમાં શ્રી દવેને પોતાનો અભિપ્રાય કેવો હતો તેનો જવાબ અન્ય વાચકોના વિચારોમાંથી મળી ગયો હશે. લગભગ દરેક વાચકને દવેના પત્રથી આઘાત લાગ્યો છે. તેમનો વિરોધ કરવાની રીત યોગ્ય લાગી નથી.

તે જ અંકમાં ભૂપત નાનસીએ નિરુભાઈ દેસાઈનું નામ ન સાંભળ્યાનું અજ્ઞાન પ્રકટ કરી સુફિયાણી સલાહ આપી છે તે યોગ્ય નથી. વિનોદ ભટ્ટ જે વ્યક્તિઓનો પરિચય કરાવે છે તે ગુજરાતની નામાંકિત વ્યક્તિઓ જ છે. તેમના કથન મુજબ 'માણેકચોકમાં ચાલતા માણસો'ને ઠોકી નથી બેસાડયા. જો કે ભૂપતભાઈને ચાલુ અંકમાં જ ખયાલ આવી ગયો હશે કે નિરુભાઈ કેટલી પ્રખ્યાત વ્યક્તિ છે.

શ્રી વિનોદ ભટ્ટ અને હરિપ્રસાદ વ્યાસની નિરુભાઈ વિષેની ચર્ચા ન ઉકેલાય તેવી તો નથી જ. બંને પોતાને સાચા ઠેરવવા પ્રયાસ કરે છે. આ બાબતમાં સત્ય જાણવા માટે તે વખતે હાજર હતા તેમના વિચારો વધુ ઉપકારક નીવડે. તે વખતે શ્રી શેખાદમ આબુવાલા હતા તેનો અભિપ્રાય વાંચ્યો. હવે બાકી રહ્યાં શ્રી ધીરુબહેન જેમની હાજરીમાં નિરુભાઈ વિષે ચર્ચા થએલી; તો શ્રી ધીરુબહેને શું સાંભળેલું તે લખી જણાવે તો સત્યનો ખયાલ આવે. સાથેસાથ ચુનુભાઈ પણ સાંભળેલા શબ્દો વર્ણવે તો યોગ્ય ખયાલ આવે.

'વિનોદની નજરે' વિષે સારી ચર્ચા થઈ છે. આ વિભાગ ખૂબ જ આનંદ સાથે વિવિધ વ્યક્તિઓનો પરિચય આપે છે, માટે વિનોદ ભટ્ટે નક્કી કરેલી હોય તેટલી વ્યક્તિઓનો પરિચય 'કુમાર'માં આપવો જ. બે-પાંચ વાચકોના અભિપ્રાય પર મદાર બાંધશો નહિ.

'કુમાર' દ્વારા આ વિભાગ પૂરો થાય એટલે પુસ્તકરૂપે પ્રકટ કરશો તો વધુ આનંદ થશે.

(રાજકોટ) —રવજીભાઈ ડોબરિયા

[*આ ચર્ચા હવે બંધ કરવામાં આવે છે.]

(અનુસંધાન પૃ. ૩૨૯)



આગામી દિવાળી અને નૂતનવર્ષ માટે

આ જીવનભાવનાનાં અભિનંદનપત્રો

વિલિયમ હેન્રી ચૅનિંગની ખૂબ સત્કાર પામેલી આ જીવનભાવનાનાં, એના ગુજરાતી અનુવાદ સાથે છાપીને તૈયાર કરેલાં, ૫x૭ ઈંચના માપનાં અભિનંદનપત્રોનો લાભ આજ ચાર વર્ષથી સંખ્યાબંધ લોકો લેતા આવ્યા છે. દિવાળી અને નાતાલના તહેવારો હવે નજીક હોઈ અગાઉનાં વર્ષની માફક વારંવાર છાપવાં ન પડે એ સારુ અત્યારથી જ એ તૈયાર થઈ રહ્યાં છે.

ઉપહાર-વાક્યો લખવાની કોરી જગ્યા સાથેનાં ડબલ કાર્ડની કિંમત તેના કવર સાથે નંગ દીઠ ૧૦ પૈસા

બહારગામના ઑર્ડરો એક ડઝનથી ઓછા સ્વીકારાશે નહિ

રવાનગી-ખર્ચ અલગ

વી. પી. કરવામાં આવશે નહિ

આપ આપની જરૂરિયાત અત્યારથી નોંધાવી શકો છો

કુમાર કાર્યાલય લિમિ૦

૧૪૫૪ રાયપુર - અમદાવાદ-૧

સૂર્યકિરણો—પલ્વલે / વ્રજલાલ દવે

• શિખરિણી–સૉનેટ •

ઊંચેરી ભોમે તો કદી ન નીરખ્યું પલ્વલ અમે;
અમે તો સ્હેલ્યાં'તાં જલદ લહરે મુક્ત મનથી.
અમે આવ્યાં નીચે વન ઉપવનોમાં વિહરવા,
મળ્યા કિન્તુ રોગી જલવપુતણા શ્વાસ વરવા!

અમારા સંગાથી ક્ષિતિજ રમતાં આભ અમને
ગુલાલો છાંટીને કલરવભરી પાંખ અરપે;
અમારી કાયાને ઉદધિ કરી નૃત્યો રીઝવતો,
ફીણેલાં હાસ્યોથી તટ પર ધરે ઇન્દ્રધનુષો;

અહીં ફેંકાયાં શાં મલિન જલના તપ્ત ગરતે!
અમારાં સૌ તેજોમય સપન સોડે ખદબદી;
અરે! જ્યાં ત્યાં ફેલ્યાં કુટિલવિષ કૈં કીટ, મચ્છરાં!
છતાં કાંઠે ઝૂલે મૃદુલ તૃણ કાં મંદ મલકી?

કણો કોળ્યા ફૂણી લગન લહીને ભૂમિતલની,
જરી રેલ્યાં સંગે સુગતિ ગણીએ નીલ પલની!

નાસ્ / શિલ્પિન્ થાનકી

• ગઝલ •

કાળ સાથે આપણે નિસ્બત નથી,—
એક ક્ષણ પણ આપણી અંગત નથી.

ક્યાં હશે ઝુમરી તલૈયા દેશમાં?—
પ્રશ્ન કરવાની મને આદત નથી.

છે ઈલાકો આયનાનો ચોતરફ,
હું જ છું, મારી કને સૂરત નથી.

એ સમજવામાં ભલે મોડું થયું:
શબ્દ જેવી એક પણ મિલ્કત નથી.

અજાણ્યા પ્રદેશમાં પરોઢ

રામચન્દ્ર બ. પટેલ

• શિખરિણી-સૉનેટ •

ગઈ ખૂલી ધોરી નસ સરખી પૂર્વીય ક્ષિતિજ,
અને એમાં રાતો સૂરજ રણુકયો; વ્યોમ પરથી
ગયાં કાળાં અભ્રો ખરી, ઘડીકમાં રાત અસૂરી
ગઈ નાઠી ક્યાં યે—નીરવ જગ જાગ્યું વિહગના
ટહુકેઃ ખોલી પાંપણ તરુવરો સૌ મઘમઘી
રહ્યાં લ્હેરી; આછો હિમઝર બધે વાયુ વહતો.

પરોઢિયું પ્હેરી ધરતી હસતી – ધૂળ ઊજળી
ઝગે રસ્તાઓમાં – હળુ હળુ હવામાન ઊઘડ્યું
છૂટા મૂકીને શ્વાસ હીરકભર્યા ને હલી ઊઠી
ફૂલો સાથે નાચે લીલવ લયમાં ઘાસ નવલું.
દિશાઓ ખોલીને પિયળ મુખ મ્હેકે સુરભિલાં
લઈ સ્વપ્નાં આવ્યો મખમલી ધરી વેશ તડકો.

અહો જાગી ઊઠ્યું રુમઝુમ થતું નૃત્ય વગડે!
અને મારા હૈયે પગરવ ભરી કોક ઊઘડે!

◖ 'સૂર્યકિરણો-પલ્વલે': સૂર્યકિરણની ઉક્તિરૂપે રચાએલા આ સૉનેટમાં પ્રકૃતિનો ચિંતનાત્મક ઉપયોગ થએલો અનુભવી શકાશે. સૂર્યકિરણો તો ઊંચી ભોમનાં વાસી! દૂરદૂરથી એ નીચે ભૂલોકમાં વનઉપવનમાં વિહરવા આવી પહોંચ્યાં. પણ ત્યાં એમની સ્થિતિ શી થઈ? ચોથી પંક્તિમાં જણાવી છે તે 'રોગી જલવપુ' ધારણ કરવાની! અને ત્યારે આ પલ્વલમાં આવી પડેલાં સૂર્યકિરણોને થાય છે કે અન્ય કિરણો ક્ષિતિજ પરથી કેવી સુરખી છાંટી જાય છે! આ અનુભવ ફરી એમને માટે કોળાઈ રહેવાનો છે. માટે સ્તો અભિવ્યક્તિ છે 'કલરવભરી પાંખ અરપે.' અને પછી તો સાંભરી આવે છે ઉદધિનું નૃત્ય, એ ફીણયુક્ત જલ પર રચાતું ઇન્દ્રધનુ! પણ આજે તો ફેંકાઈ ગયાં છે મલિન જળની ગર્તામાં; અને સૌ તેજોમય સ્વપ્નોને સ્થાને ચોમેર છે ખદબદતાં કીટ-મચ્છરાં! પણ આવી જ પરિસ્થિતિમાં બીજો વિચાર સ્ફુરે છે—સૉનેટસહજ વિચારપલટો અહીં આવે છે—કે એ પલ્વલને કાંઠે જે લીલા તૃણાંકુરો ફૂટી નીકળ્યા છે તેના સંગના મહિમાથી પણ એ પળો નીલી નીલી થઈ જાય છે. આમ, એક ઉચ્ચ પરિસ્થિતિમાંથી નિમ્ન કક્ષાએ પછડાઈ જવાની વેદના, અને ત્યારે પણ ક્યાંક નીલા સંગથી થતી રાહતનો આનંદ, એ અહીં માણી શકાશે—અન્યોક્તિથી. ◖ 'અજાણ્યા પ્રદેશમાં પરોઢ': છ પંક્તિના પ્રથમ ખંડમાં કવિએ ઊઘડતા પરોઢનું સુચારુ શબ્દચિત્ર આંકયું છે. તરુવરોનાં પર્ણોમાં જે સંચાર થયો તેનું ચિત્ર 'ખોલી પાંપણ...રહ્યાં લ્હેરી'માં સજીવારોપણથી થયું છે તે પરોઢના આગમને પ્રત્યેકમાં પ્રાણનો સંચાર થઈ રહ્યો છે તેનું પણ સૂચન કરી દે છે. સૉનેટના છ પંક્તિના બીજા ખંડમાં પરોઢ થતાં જે વાતાવરણ સર્જાયું છે તેનું રમ્ય વર્ણન મળી રહે છે. પરોઢિયાની અસર ધરતી પર શી થઈ? કવિ કહે છે 'પરોઢિયું પ્હેરી ધરતી હસતી—' આમાં 'પરોઢિયું પહેરવું' દ્વારા ફરી એ જ સજીવારોપણની તરકીબનો અને નવીન કલ્પનાનો આશ્રય લેવાયો છે. અને અંતે આ મધુર મોહક વાતાવરણે કવિચિત્તમાં જે સ્પંદ જગાડ્યો તે અંતિમ પંક્તિમાં વ્યક્ત કરાએલો છે કે ત્યાં ચિત્તમાં કોકનાં પગલાં ઊઘડે છે! આ 'કોક' શબ્દની અનિશ્ચિતતા જ આસ્વાદ્યતાનો અંશ બની રહે છે.

—ધી. પ.

કવિલોક પ્રયોગવિશેષાંક: સપ્ટેમ્બર–ઑક્ટોબરનો આ વિશેષાંક નવેમ્બરના પ્રથમ સપ્તાહમાં પ્રકટ થશે. એમાં જૂની-નવી પેઢીના કવિઓની પ્રયોગલક્ષી કાવ્યકૃતિઓ ઉપરાંત જૂની-નવી પેઢીના અભ્યાસીઓના કવિતા અને પ્રયોગને લગતા અભ્યાસલેખો હશે. આ ખાસ અંકની કિંમત રૂપિયા પાંચ. વાર્ષિક ગ્રાહક થનારને આ અંક નિયત લવાજમમાં મળશે. આજીવન લવાજમ રૂ. ૧૦૦. આપનું લવાજમ સત્વરે મોકલી આપશો. C/o કુમાર કાર્યાલય, ૧૪૫૪ રાયપુર, અમદાવાદ–૩૮૦ ૦૦૧.

નિયમિતતા

બહાદુરશાહ પંડિત

એક અંગ્રેજ ચિત્રકારે મહારાણી મેરીનું ચિત્ર દોરવાની માગણી કરી અને એના આગ્રહને કારણે મહારાણીએ હા પાડી. મહારાણીએ ચિત્રકારને અમુક સમયે અમુક સ્થળે પહોંચી જવાનું કહ્યું, પણ ચિત્રકાર આપેલા સમયે હાજર થયો નહિ ને અર્ધો કલાક મોડો ત્યાં પહોંચ્યો. મહારાણી તો ત્યાંથી નીકળી ગયાં હતાં પણ ત્યાં ઊભેલા નોકરે કહ્યું: 'હવે બાજી હાથથી ગઈ. જીવનભર હવે તમને આવી તક ફરી કદી નહિ મળે!'

આપેલા સમયનું બરાબર પાલન નહિ કરવાથી માણસને કેટલું બધું નુકસાન થાય છે, એનું આ સરસ ઉદાહરણ છે. નિયમિત નહિ રહેવાથી આપણે હાથવેંતમાં આવેલી ઉમદા તક સદાને માટે ગુમાવી બેસીએ છીએ.

નિયમિતતાની સૌથી મોટી ને સૌથી સારી અસર તંદુરસ્તી પર થાય છે. નિયમિત આહાર-વિહાર અને વ્યાયામ કરનાર માણસો હમેશાં દીર્ઘાયુ ભોગવે છે. આપણી આગલી પેઢીના દીર્ઘાયુ ભોગવનાર વડીલોએ પોતાની નિયમિતતા દ્વારા આપણી સામે આદર્શ દૃષ્ટાંતો રજૂ કરેલાં છે. સૌથી ઉત્તમ ઉદાહરણ છે વડા પ્રધાન મોરારજીભાઈ દેસાઈ.

નિશ્ચિત સમયે અને નિશ્ચિત ગાળામાં કામ પૂરું કરવાની ટેવ પાડવી એ નિયમિતતા છે. પ્રકૃતિ આપણને નિયમિત રહેવા માટે સતત પ્રેરણા આપતી રહે છે. સમયસર ઊગતો ને અસ્ત થતો સૂર્ય, ગ્રહોનું પરિભ્રમણ, પૃથ્વીની પોતાની ધરી પરની અને સૂર્યની આસપાસની પરિક્રમા, ઋતુઓનું પરિવર્તન વગેરે તમામ પ્રાકૃતિક બનાવોમાં નિયમિતતાનું સંગીત સંભળાયા કરે છે.

વ્યક્તિ જો નિયમિત બને તો સમાજના વ્યવહારમાં સંવાદિતા સચવાય છે અને નિયમિત લયમાં વાગતાં વાજિંત્રો જેમ મધુર સંગીત નિર્માણ કરે છે એમ આખા સમાજના વ્યવહારમાંથી સંગીત ઉદ્‌ભવે છે. પરંતુ જો એકાદ વ્યક્તિ અનિયમિત બને છે તો આખા તંત્રમાં વિસંવાદિતા સર્જાય છે અને સમાજનું વાદ્ય બેસૂરું સંગીત સર્જે છે.

ગાંધીજી નિયમિતતાના કેટલા આગ્રહી હતા એ વાત જગજાહેર છે. એક વાર તેઓ મહારાષ્ટ્રમાં પ્રવાસ કરતા હતા. મિરજમાં રાખેલો એમનો એક નાનકડો કાર્યક્રમ પૂરો થતાં તેઓ આગળ જવા તૈયાર થયા પણ લોકો એમને વધારે રોકાવા આગ્રહ કરવા લાગ્યા. એમણે કહ્યું: 'આગલા મુકામે પહોંચવા માટે મારે આ ક્ષણે જ નીકળવું જોઈએ.' લોકોએ બહાનું કાઢ્યું કે 'મોટર બગડી ગઈ છે' એટલે ગાંધીજી પગે ચાલતા નીકળ્યા. થોડા સ્વયંસેવકોએ એમની સાથે ચાલવા માંડ્યું. બાપુએ એમને આગલા મુકામનો રસ્તો પૂછ્યો. લોકોની મૂર્ખામી હજી પૂરી થઈ નહોતી એથી એમણે ખોટો રસ્તો બતાવ્યો એ દિવસોમાં ગાંધીજીએ પગરખાં નહિ પહેરવાનું વ્રત લીધું હતું. બાપુએ જોયું કે આગળ રસ્તો નથી એટલે એમણે ખેતરોમાં થઈને ઉઘાડા ચાલવા માંડ્યું. પગમાં કાંટા વાગ્યા પણ તેઓ રોકાયા નહિ. આખરે સ્વયંસેવકો એમની દૃઢતા જોઈ શરમાયા અને ગાડી લઈ આવ્યા.

એક વાર લોકમાન્ય તિલક ગાંધીજીને મળવા આવવાના હતા. નિશ્ચિત સમય કરતાં તિલક બે મિનિટ મોડા પડ્યા. ગાંધીજીએ હસતાં હસતાં કહ્યું: 'જો સ્વરાજ બે મિનિટ મોડું આવશે તો એના માટે તમે જવાબદાર ગણાશો!'

અનિયમિત માણસ પોતાને તો નુકસાન કરે જ છે પણ એ સામી વ્યક્તિને ને વ્યાપક દૃષ્ટિએ તો આખા સમાજને નુકસાન પહોંચાડે છે. કેટલાક લોકો એમ માને છે કે ખૂબ નિયમિત રહેનાર માણસોનું જીવન યંત્રવત્ ને જડ બની જાય છે. એ લોકો એમ સમજતા હોય છે કે અતંત્રતા અને અનિયમિતતા દ્વારા જ આનંદ મેળવી શકાય છે. પણ અનિયમિત રહી આનંદ મેળવનાર વ્યક્તિ ખસને ખંજવાળી આનંદ મેળવનાર રોગી જેવી છે. જેણે તંદુરસ્તીનો વિધાયક આનંદ માણ્યો નથી એવા માણસને એનો સાચો ખયાલ જેમ આવતો નથી, એમ નિયમિત રહેનાર માણસને જીવન જીવ્યાનો જે આનંદ મળે છે એનો અનિયમિત વ્યક્તિને ભાગ્યે જ ખયાલ આવે છે.

અનિયમિત માણસને થતા નુકસાનનાં દૃષ્ટાંતો શોધવા જવાં પડે એમ નથી. બસ ચૂકી જતાં ઑફિસમાં સાહેબનો ઠપકો સાંભળવાથી માંડી ઈન્ટરવ્યૂમાં મોડા પડવાથી નોકરી ગુમાવવા સુધીનાં અનેક દૃષ્ટાંતો માતબર સંખ્યામાં મળી આવે છે.

કવિ પ્રેમાનંદ વિષે એક એવી કિંવદન્તી પ્રચલિત છે કે તેઓ એક સાધુના ચમત્કારી આશીર્વાદથી કવિત્વશક્તિ પ્રાપ્ત કરી શક્યા હતા. એમના ગામના મંદિરમાં એક રાત માટે ઊતરેલા આ સાધુએ પ્રેમાનંદને બીજા દિવસે સવારે પાંચ વાગ્યે મળવા બોલાવ્યા હતા. પણ પ્રેમાનંદ મોડા પડ્યા અને સમય થતાં સંત ચાલ્યા ગયા. મોડા પડેલા પ્રેમાનંદે એમની પાછળ જઈ માઈલ બે માઈલ દૂર એમને પકડી પાડ્યા, સાધુએ એમને આશીર્વાદ તો આપ્યા પણ ટકોર કરી કે 'જો તું સમયસર આવ્યો હોત તો હું તને સંસ્કૃતનો મહાકવિ બનાવત, પણ તું મોડો પડ્યો માટે તને ગુજરાતી સાહિત્યનો મહાકવિ બનાવું છું.'

નિયમિત રહેવાના ફાયદા ગણાવવાની ભાગ્યે જ જરૂર રહે છે. નિયમિતતાની ચુસ્ત હિમાયતી અંગ્રેજ પ્રજાએ એક યુગમાં અર્ધી દુનિયા પર રાજ્ય કર્યું હતું. અત્યંત નિયમિત રહેતા અમેરિકનો આજે જગતના સૌથી ધનવાન માણસો છે અને નિયમિત રહેવાનો આગ્રહ સેવતા જાપાનવાસીઓએ એક જ દાયકામાં પોતાના નાનકડા દેશને પણ અનુકરણીય બનાવી દીધો છે.

નિયમિત રહેનાર વ્યક્તિ થોડા સમયમાં વધારે કામ કરી શકે છે. એની નિયમિતતા એને આરામ માટે પૂરતો સમય પૂરો પાડે છે અને નિયમિતતા એને તંદુરસ્તીસભર દીર્ઘાયુ બક્ષે છે. સમયપાલનનો આગ્રહ રાખ્યા સિવાય કોઈ વ્યક્તિ પોતાની ફરજનું બરાબર પાલન કરી શકતી નથી.

આપણી શાળાઓમાં, ઑફિસોમાં, બૅંકોમાં અને કારખાનાંઓમાં નિયમિતતા માટે આગ્રહ રાખવામાં આવે છે અને મોડા આવનાર સામે હાજરીપત્રકમાં લાલ લીટી કરી એવી વ્યક્તિને યોગ્ય શિક્ષા પણ કરવામાં આવે છે. પરંતુ નિયમિતતા માટેની આવી કડકાઈ માત્ર કર્મચારીઓ પૂરતી મર્યાદિત હોય છે—અધિકારીઓ, માલિકો અને પ્રધાનો મોડા પડે તો એમને કશી શિક્ષા કરવામાં આવતી નથી. આ બાબતમાં પશ્ચિમ આફ્રિકાના એક રાજ્યમાં તાજેતરમાં લેવાએલો નિર્ણય પ્રેરણાત્મક ને અનુકરણીય છે. એ રાજ્યના શ્રમખાતાના પ્રધાન શ્રી સામા ઈરાન કચેરીમાં મોડા આવ્યા એ બદલ એમને વગર પગારે બે મહિના માટે સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા અને એમના ખાતાના ૧૫ અધિકારીઓને અનિયમિત રહેવા બદલ એક મહિના માટે સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. નિયમિતતા માટેની આવી કડકાઈ છેક ઉપરથી નીચે સુધી હોવી જોઈએ. પણ સાચી રીતે તો નિયમિત રહેવાની આદત નાનપણથી જ પાડવી જોઈએ. એ સ્વયંભૂ શિસ્ત બનવી જોઈએ. □

ગાડગે મહારાજ

લેખક · પ્રા. વસંત જોષી

જનતા-જનાર્દન-ઉપાસક સમાજવાદી સંત



(ગયા અંકથી સંપૂર્ણ)

શરીર એક પ્રયોગભૂમિ છે એમ માની ગાડગે બાબાએ તપ શરૂ કર્યું. બધી રીતે શરીર પાસેથી કામ લેવું, વિના શ્રમનું ખાવું નહિ, કોઈ બંધનમાં રહેવું નહિ અને સતત રખડવું અને એ બધું પરમાત્માની શોધમાં, એવો એમનો જીવનક્રમ નક્કી થયો. એ જ વિચારથી તે કોઈ ઠેકાણે એક દિવસથી વધુ રોકાતા નહિ. જ્યાં જાય ત્યાં મજૂરી કરે અને મહેનતાણાનો રોટલો માગીને ખાય. મજૂરી માટે પૈસો લે નહિ. જ્યાં કામ કરે ત્યાં ભજન ગાતા જાય અને કામ એવું કરે કે ખુશ થઈ દરેક જણ એમને કામ આપવા રાજી હોય. જ્યાં જાય ત્યાંના મંદિરનું ચોગાન સાફ કરે, ભજન કીર્તન કરે અને બીજે ગામ જતા રહે. પંઢરપુર જોવાનું મન હતું એટલે ત્યાં ગયા. પુજારીઓએ એમને મંદિરમાં દાખલ થવા દીધા નહિ. વિચાર કરવા લાગ્યા : ભગવાન શું મંદિરમાં જ છે? રખડપટ્ટી દરમિયાન એમણે લોકોનું દૈન્ય જોયું, અજ્ઞાન જોયું, દુર્ગુણ જોયા. સ્પર્શાસ્પર્શના ખયાલને લીધે સમાજમાં આવેલી દુર્દશા જોઈ. સમાજમાં રહેલી ભયંકર વિષમતા જોઈ. એમણે વિચાર કર્યો: લોકોને ઉપદેશ કરવાથી કોઈ લાભ થતો નથી, પણ પોતાનામાં છે એ બધી શક્તિઓનો પૂરો ઉપયોગ કરી, જાતમહેનત કરી લોકોને કાર્યપ્રવણ કરવા જોઈએ. શરૂઆતમાં મશ્કરી થશે, નિંદા થશે પણ કાર્યનું મહત્ત્વ સમજાતું જશે તેમ લોકો મદદ કરવા ખુશીથી આવશે.

પ્રથમ કાર્યક્ષેત્ર તરીકે એમણે પૂર્ણા નદીને કિનારે આવેલું ઋણવિમોચન તીર્થક્ષેત્ર પસંદ કર્યું. ઘરના લોકોને આ વાતની ખબર પડી અને બધાં ત્યાં પહોંચી ગયા. એમને દેખાયું કે ગાડગે બાબા હાથમાં કોદાળી લઈ એના વડે નદી કિનારાના ચડાણ પર પગથિયાં ખોદી રહ્યા હતા. સ્નાન કરી મહાદેવ પર અભિષેક કરવા ભાવિકો જાય ત્યારે ચીકણી માટીમાં એ લોકો લપસી પડતા. ત્યાં ઘાટ જેવું કંઈ હતું નહિ. ગાડગે બાબા પગથિયાં ખોદે, પાણીથી એ ભીનાં થાય એટલે ત્યાં કોરી માટી નાખતા જાય. અને આ ક્રમ આખો દિવસ ચાલ્યો. ઘરના લોકોની દલીલો સામે એમણે એક શબ્દ પણ ઉચ્ચાર્યો નહિ, અને સાંજે એમણે સગાંઓને આખરીનામું આપ્યું: 'હું તમારી સાથે પાછો આવવાનો નથી. તમારે મારી સાથે આવવું હોય તો ચાલો. હું નિઃસંગ થયો છું. આખું વિશ્વ મારું ઘર છે. જવું હોય ત્યાં જાઓ અને સુખી રહો.'

સેંકડો બળદગાડાં અહીં આવતાં. એમની ગંદકી, રસોઈનાં લાકડાં, કચરો અને અંધારાનો લાભ લઈ લોકોએ કરેલી બીજી વિધિઓ એવી જાતજાતની ગંદકી મેદાનમાં ચોતરફ હોય. બાબા એ બધું સાફ કરે. શરૂઆતમાં નહિ પણ પછી આ પુરુષ આપણા કરતા જુદો છે એવો ખયાલ થોડાના મનમાં આવ્યો, ને બાબાના કીર્તનમાંના વિચાર સાંભળી થોડા લોકો શરમાઈને એમને મદદ કરવા આવતા થયા.

એમ તો કીર્તન કે ભજન વિદર્ભવાસીઓને માટે નવાં ન હતાં. કીર્તનકાર ગળામાં હાર પહેરી, પોતાની આંગળીમાંની વીંટીઓ ફેરવતો જાય, ને બ્રહ્મ સત્ય, જગત મિથ્યા એવી વાતો કરતો જાય. રૂપિયાના ઢગલા ભેગા કરીને લઈ જાય. વિદર્ભના લોકો આ ભજનો સાંભળી ગદ્ગદ થઈ જતા. એટલે નવાઈ ભજનની ન હતી. નવાઈ હતી વર્તનની, સાક્ષાત્ અનુભવની. બોલે પછી, વર્તે પહેલાં એવો આ કીર્તનકાર એમના માટે નવો હતો. કીર્તનના વિષય પણ રોજિંદા વ્યવહારના. હરિનામ માટે પૈસાની જરૂર નથી, એવા અર્થનું ભજન ગાઈ બાબા કહેતા : 'ભજન કરો, તહેવાર ઊજવો પણ એ માટે શાહુકારના પાશમાં જકડાઈ જશો નહિ. દેવું કરી યાત્રા કરશો નહિ, દેવ ત્યાં મળશે જ નહિ. મૂગાં જાનવરો તરફ દયા રાખો, એમને તરછોડશો તો તમને નહિ સંભળાતા હોય એવા એમના નિસાસા તમને લાગ્યા વગર રહેશે નહિ. શીખીને ડાહ્યા થાઓ તો શાહુકાર તમને છેતરશે નહિ. શાહુકારનો હિસાબ—મહા, ફાગણ, હોળી, ધુળેટી એ ચાર મહિના અને અત્યારે ચાલતો હોય તે પાંચમો. પાંચે પાંચ પંચોતેર, તેમાંથી ત્રણ જમા છે તો ય રહે છહોતેર! આ સાંભળી તમે બળદોની જેમ માથું ધુણાવો છો. કેવી તમારી બુદ્ધિ!' આવાં પ્રવચનોમાં હાથહાથ દાંતવાળા રાક્ષસ ન મળે, કે ન મળે દશમુખી રાવણ! જે હતું તે વ્યવહારમાં અનુભવેલું સત્ય. અને આખરે બાબા કહેતા : 'ઘર સારી પેઠે ચલાવો, પણ ભગવાનનું નામ લેતા રહેજો એને ભૂલશો નહિ' ઋણવિમોચનમાં આ પહેલો જાહેર ભજનનો પ્રયોગ સફળ થયો. આ કીર્તન પછી બાબાએ ઋણવિમોચન ક્ષેત્ર છોડયું.

યાત્રા પતી ગઈ અને બાબાનું પરિભ્રમણ પાછું શરૂ થયું. પણ એમની કીર્તિ પ્રસરતી ગઈ. લોકોને લાગવા માંડયું કે બાબા કહેતા હતા એમાં અસત્ય કંઈ હતું નહિ. એ એમ કહેતા : 'દેવું કરી યાત્રા કરશો નહિ ગાય બળદને બરાબર સાચવો, છોકરાઓને ભણાવો, ભગવાનની બાધા રાખી મરઘાં બકરાં મારશો નહિ, માબાપની સેવા કરો, દેવું કરી જમણવાર કરશો નહિ, ભૂખ્યાંને ખાવાનું આપો, દહેજ આપી-લઈ લગ્ન કરશો નહિ, અસ્પૃશ્યતા પાળશો નહિ, દારૂ પીશો નહિ, હમેશાં ભગવાનનું સ્મરણ કરતા રહેજો.'

આવી સરસ વાતો કહેવાવાળો અને સૂરીલાં ભજનો ગાવાવાળો મહારાજ કોઈને ઘેર જમતો નથી. ભીખ માગે તે પણ રોટલાની, બીજું કાંઈ પણ માગે નહિ. રહે જંગલમાં જ અને કામ કરે લોકસેવાનું. એવી રીતે કીર્તનો કરી ગાડગે બાબાએ બધે ચૈતન્ય નિર્માણ કર્યું. ભલભલા લોકો બાબાનું કીર્તન સાંભળવા આવવા લાગ્યા. ધોબીઓની ન્યાતમાં તો નવું જોમ આવ્યું. એમની ન્યાતમાં અવતાર લઈ જાણે એમણે ધોબીઓને તાર્યા ન હોય! બીજે વર્ષે એ ઋણવિમોચન આવ્યા ત્યારે ન્યાતના મુખી એમને મળ્યા, બોલ્યા: 'અમે ગરીબ છીએ. પણ ડેબુજી બાબા, કંઈક સારું કરવા માગીએ છીએ. બીજું કંઈ નહિ તો બધાના જુદા ચૂલા બંધ કરી બધાએ જમવું, એવું સૂચન બાબાએ કર્યું. અવિરત નામસંકીર્તન આખો મહિનો ચાલ્યું, દર રવિવારે બાબાનું કીર્તન થાય. એ દિવસે હજાર હજાર માણસોની રસોઈ થાય. રોટલા, દાળ અને શાક. પછી બાબા આખું મેદાન વાળી લે. એકસરખી પંગત બેસાડે. નાતજાતના ભેદ વગર બધા સાથે બેસે. જમણ પતી જાય એટલે બાબા જાતે પતરાળાં ઊંચકવા માંડે તે જોઈ બીજા પણ મદદમાં આવે. બાબા આમાં કશું જ ખાય નહિ. એ ગામમાંથી ભીખ માગીને જ ખાય. આમ, એકેક કરતાં બાબાના અનુયાયીઓ વધવા લાગ્યા.

એક વર્ષે ઋણવિમોચનમાં બાબાનું દર વર્ષનું નદીકિનારે વાળવાનું, માટી નાખવાનું કામ ચાલતું હતું ત્યાં આઠદસ માણસ આવ્યા. તેમાં બાબાને તિડકે શાહુકાર દેખાયા. એટલે બાબા બોલ્યા: 'કેમ આવવું થયું? હવે તો હું આપના ખેતરમાં કયાં છું?' શાહુકાર બાબાના કામથી

પ્રભાવિત થઈ ત્યાં આવ્યા હતા, અને પાકો ઘાટ બાંધવા બાબાને મદદ કરવા સાથે નાણાં લાવ્યા હતા! તે જ દિવસે પૂર્ણા નદી પર ઘાટ બાંધવાની શરૂઆત થઈ. લોકોને નવાઈ લાગી. ઘાટ તો કાશી જેવા ક્ષેત્રમાં હોય, એવી લોકોની માન્યતા હતી. પણ કેવું આશ્ચર્ય કે આપણી નદી પર ઘાટ બંધાય છે! લોકો ખુશ થયા. આ કામ પત્યા બાદ બાબા પાસે હમેશાં પૈસા આવતા થઈ ગયા. અને એ જીવ્યા ત્યાં સુધી એમને પૈસાની ખોટ કોઈ દિવસ જણાઈ નહિ. એનું એક કારણ કદાચ એમની નિસ્પૃહતા હશે. ઘાટનું કામ ચાલતું હતું ત્યાં એમનાં કુટુંબીજનો પણ રહેવા આવ્યાં. એમની રહેવાની વ્યવસ્થા બીજાંની જેમ એક ઝૂંપડામાં કરવામાં આવી. બાબાને કંઈ આપવાની કોઈની હિંમત ચાલે નહિ. પણ એમનાં કુટુંબીઓને લોકો થોડું અનાજ વગેરે આપી જાય. કોણ જાણે કેવી રીતે પણ બાબાને આ વાતની તરત જ ખબર પડે. એ બધી વસ્તુઓ મજૂરોને વહેંચી દે અને પોતાની માને કહે: 'આ લોકો તારાં નથી? એ ખાય એમાં તારું શું બગડે છે?' આ નિસ્પૃહતા જોઈ, અને ઘરના લોકોને પણ અન્ય મજૂરોની જેમ જ કામ કરતા અને એમના જેટલી જ મજૂરી મેળવતા જોઈ લોકોને આશ્ચર્ય થતું.

પંઢરપુરમાં દલિતોની કફોડી હાલત જોઈ બાબાએ ત્યાં હરિજનો માટે ધર્મશાળા બાંધવાનું નક્કી કર્યું. હજારો રૂપિયાનો વ્યવહાર બાબાની કઠોર કસોટીમાં પાસ થએલા એક મદદનીશ કરતા. બાબા પોતે ત્યાં ઊભા રહી કામ કરાવતા. એક દિવસ ત્યાં એક સૌમ્ય મુદ્રાવાળો સંન્યાસી આવ્યો. 'ધર્મશાળા કોણ બંધાવે છે? ગાડગેબાબા ક્યાં મળશે?' એણે પૂછ્યું. હાથમાં રોટલાનો ટુકડો હતો તે ખાતાંખાતાં બાબા આગળ આવ્યા. સ્વામીએ એમને પૂછ્યું; 'હરિજનો માટે ધર્મશાળા કેમ?' ત્યારે બાબાએ હરિજનોને કેવી યાતનાઓ સહન કરવી પડતી તેનું વર્ણન કર્યું. એમને બધું બતાવ્યું. સ્વામી બહુ જ પ્રભાવિત થયા. બોલ્યા: 'આપના આ પુણ્યકર્મમાં હું થોડી મદદ કરવા માગું છું' બાબાને લાગ્યું સો-બસો રૂપિયા આપશે. ત્યાં સ્વામીજીએ બગલથેલીમાંથી ચેકબુક કાઢી પચીસ હજારનો ચેક લખી આપ્યો! એ વખતે સોનું પચીસ રૂપિયે તોલો વેચાતું એ ધ્યાનમાં રાખીએ તો પચીસ હજાર રૂપિયાની કિંમત સમજાય. **પ**છી બાબાએ ગોરક્ષણનું કાર્ય હાથમાં લીધું. ઘરડાં ઢોરને કતલખાનામાં લઈ જવામાં આવતાં. તેમને માટે એમણે આશ્રયસ્થાન ઊભું કર્યું. ત્યાર પછી ધોબીઓ માટે એમણે એક ધર્મશાળા પંઢરપુરમાં બાંધી આપી. એમણે ઘણી ધર્મશાળાઓ જુદાં જુદાં ક્ષેત્રોમાં બાંધી આપી. પણ મકાન તૈયાર થાય કે તરત જ એનું ટ્રસ્ટ કરી, એ ટ્રસ્ટીઓને સોંપી દેતા. પોતે કશામાં રસ લેતા નહિ. પણ એમના મૃત્યુ પછી સગાંવહાલાં મિલકતોમાં ભાગ ન માગે એટલા ખાતર ચોખ્ખું લખાવી મૂકતા કે આ મકાનો પર મારા કોઈ કુટુંબીજનનો કે શિષ્યનો અધિકાર નથી.

ઈ. ૧૯૩૨માં એમનો એકનો એક પુત્ર કૂતરું કરડવાથી ઓચિંતો મરી ગયો. તાર આવ્યો તે દિવસે બાબાનું કીર્તન હતું. કીર્તનમાં એમણે કહ્યું: 'એવા ગયા કરોડો. શું રડું એક માટે?' બીજે દિવસે બાબા બીજે ગામ ગયા. દીકરાની અંતિમ ક્રિયામાં પણ એ ગયા નહિ. એટલા એ નિ:સંગ થયા હતા.

નાસિકમાં ધર્મશાળા બંધાઈ ગઈ અને બાબાએ અનાથ તથા કુષ્ઠરોગીઓને મોટા પ્રમાણમાં અન્નદાન, વસ્ત્રદાન કર્યું. વૃદ્ધાશ્રમની કલ્પના બાબાને બહુ વહેલી સૂઝી. પંઢરપુરમાં એમણે એક વૃદ્ધાશ્રમ શરૂ કર્યો. આળંદીને દેહૂ જેવાં ગામોમાં તથા મુંબઈમાં જે. જે. ઑસ્પિટલ પાસે એમ ઘણી ધર્મશાળાઓ બાબાએ બાંધી.

બાબાના કાર્યથી આકર્ષિત થઈ ઘણા લોકો એમની સાથે કામ કરવા આવતા. બાબાની શિસ્ત બહુ કડક હતી. એ અતિશય કઠોર પરીક્ષક હતા. પોતાનું ને પારકું એવો ભેદ એમણે કદી કર્યો નહિ. જેટલો સંબંધ નિકટનો તેટલી પરીક્ષા વધુ કડક કે કઠોર. એ પરીક્ષામાં પાસ થાય તેમનાં વખાણ તો કરે, પણ એમની પરીક્ષા હમેશાં ચાલુ જ રહે. જેવા વિરક્ત અને નિર્લોભી હતા તેવા જ આખર સુધી રહ્યા.

દેશમાં બાબાના પ્રશંસકો ઘણા હતા. મુંબાઈ રાજ્યના મુખ્યમંત્રી બાબાસાહેબ ખેર, આચાર્ય અત્રે, પંજાબરાવ દેશમુખ, ભાઉરાવ પાટિલ, જીવદયામંડળના જયંતીલાલ માનકર અને ભારતનું બંધારણ ઘડનાર ડૉ. આંબેડકર એવા લોકોમાં મુખ્ય હતા. એમ કહેવાય છે કે બાબા આંબેડકરે બૌદ્ધ ધર્મ સ્વીકારવાનો નિર્ણય કર્યો ત્યાર પહેલાં એમણે બાબા ગાડગેની સલાહ લીધી હતી.

બાબા હમેશાં કામ કરતા રહ્યા. શરીરસ્વાસ્થ્ય તરફ ધ્યાન આપવાની એમને પડી ન હતી. દીવાએ હમેશાં જલતા રહેવું જોઇએ એવી એમની માન્યતા હતી. ઈ. ૧૯૫૪થી એમની તબિયત લથડવા લાગી, પણ એમણે આરામ કર્યો નહિ. એમનું છેલ્લું કીર્તન વાંદરા પોલીસ સ્ટેશનમાં થયું. બાબાની તબિયત સારી ન હતી, પણ એ માત્ર હાજર રહેવાના છે એ સમાચાર સાંભળી વીસેક હજાર લોક ભેગા થયા હતા! એટલે ના છૂટકે બાબાએ દસ મિનિટ બોલવાનું ઠરાવ્યું. લોકોએ આગ્રહ કર્યો, ખુરશી પર બેસીને બોલો. બાબા હસ્યા ને બોલ્યા: 'બેઠાંબેઠાં કંઈ કીર્તન થતું હશે? તમે ય ડાહ્યા લાગો છો.' તે દિવસે બાબાએ ત્યાં સરસ કીર્તન કર્યું. એમણે જીવનમાં જે મૂલ્યો વારંવાર શીખવાડ્યાં હતાં એ બધાંનો એ કીર્તનમાં પુનરુચ્ચાર થયો. એ કીર્તન ધ્વનિમુદ્રિત થયું છે.

તબિયત બગડતી જતી હતી. તેમાં એમને ઘણા લોકોને સાચવી લેવાનું, સમજાવવાનું કામ તો ચાલુ રાખવું પડતું. થોડા દિવસ એમને ઑસ્પિટલમાં રહેવું પડ્યું. ૬ ડિસેમ્બર ૧૯૫૬ને દિને ડૉ. આંબેડકરના અવસાનના સમાચાર સાંભળી એમને જબરો આઘાત લાગ્યો. એમની ગોરક્ષણ સંસ્થા નાગરવાડીમાં હતી ત્યાં જવા એ નીકળ્યા. ખમીસ પહેર્યું અને માથે ટોપી ચડાવી. લોકો પાસેથી પૈસા ભેગા કર્યા કારણ કે ઑસ્પિટલનું બિલ ચૂકવવું હતું. ગાડીમાં પત્ની બેઠાં હતાં. એમને નીચે ઊતરી જવા કહ્યું. 'માધુકરી માગીને રહેજો' એવી સલાહ આપી. ગાડી આગળ ચાલી. એમના શિષ્યો ભજન ગાતા હતા અને કાકલૂદીથી બાબા તરફ જોતા હતા. બાબાએ એક જ વાર બધા સામે જોયું અને એમના પ્રાણ ઊડી ગયા. ૧૯મી ડિસેમ્બરનો એ દિવસ હતો. એક ઝંઝાવાતી જીવ શાંત થયો. બાબાએ કહ્યું હતું: 'મારી સમાધિ બાંધશો નહિ. ગભરાશો નહિ. તાર કરી કોઇને બોલાવશો નહિ.'

જૂના સમયના સંતો ભગવાનની સેવાપૂજા કરતા, ભજનો ગાતા કે લખતા. ગાડગે મહારાજ એ સંતો જેવા ન હતા. મૂર્તિમાં દેવને શોધવાનો હોય નહિ પણ લોકોની સેવા કરવી એ ભગવાનની સેવા કરવા સમાન છે એવું એમનું માનવું હતું. તુકારામે મૂર્તિઓ વિષે એક ઠેકાણે લખ્યું છે: 'સિંદુર લગાડી પથ્થરનો દેવ બનાવવામાં આવે છે. સ્ત્રીઓ ને બાળકો એને નમન કરે છે. પથ્થર દેવ બને એટલે કડિયો એનો પિતા થયો કહેવાય! કોઈ વાર સોનાના દેવ બનાવવામાં આવે છે, ત્યારે સોની એ દેવનો પિતા થયો એમ કહેવું જોઇએ. આમ સાચા દેવને બદલે લોકો ખોટા દેવોની જ પૂજા કરે છે. ગાડગે મહારાજનો અભિપ્રાય પણ આવો જ કંઈ હતો. એટલે એમને જનતા જનાર્દનમાં ભગવાનનાં દર્શન થયાં. સમાજનો ઉદ્ધાર કરવામાં એમણે જીવન વીતાવ્યું. એમના કાર્યની અસર દેશવ્યાપી બની. મંદિરોમાં કપાતાં મરઘાં-બકરાંની સંખ્યામાં એમના પ્રયત્નોથી ખૂબ જ ઘટાડો થયો. હજારો લોકો દારૂની બદીમાંથી મુક્ત થયા. હરિજનોના ઉદ્ધામાં એમનું કાર્ય ઘણા મહત્ત્વનું ગણાવું જોઇએ. આમ જનતામાં કોઈ સંતે કર્યો ન હતો એટલો પ્રચાર એ કરી શક્યા. અને આચાર્ય અત્રેએ તે કારણસર 'મહારાષ્ટ્રના સમાજવાદી સંત' એવા શબ્દોમાં એમનું વર્ણન કર્યું. □

બોસ

લેખક
અશ્વિન દેસાઈ

કાકાને વાત કરી. કાકા શરૂઆતમાં તો સહેજ છેડાઈ પડયા. આરામથી સ્ટૂલ ઉપર પગ લંબાવીને બેઠા હતા, ત્યાં જ એક ઝટકામાં સીધા થઈ ગયા: 'કેમ? તારાં મા-બાપ ભૂખે મરે છે?'

હું સહેજ ખસિયાણી પડી ગઈ: 'ના. એવું તો નથી. પણ મારો સમય સારી રીતે પસાર થઈ શકે ને? આખો દિવસ ઘરમાં બેઠાંબેઠાં પણ શું કરવું?' ધીમેધીમે, હિંમત કરીને મેં કાકાને તૂટક શબ્દોમાં કહ્યું.

'પણ તું નોકરી કરવા જશે તેથી તારા બાપની ને મારી ઈજ્જતનું શું થશે તેની તેં કંઈ પરવા કરી છે?' કાકા સહેજ વધુ ગુસ્સે થયા.

થોડી ક્ષણો તો હું ચૂપ જ થઈ ગઈ. પછી સહેજ હિંમત ભેગી કરી: 'કાકા! બધી છોકરીઓ નોકરી કરે છે, તે કંઈ તેમનાં મા-બાપ ભૂખે મરતાં હોય એટલે કે મા-બાપની ઈજ્જત વટાવીને નોકરી નથી કરતી હોતી. ઘણી સારા ઘરની, પૈસાપાત્ર ઘરની છોકરીઓ પણ નોકરી કરતી હોય છે. તેથી કંઈ તેમના ઘરની ઈજ્જત ખરાબ નથી થતી. ઊલટાની, હવેના જમાનામાં તો પ્રવૃત્તિ કરવાથી છોકરીની તથા તેના ઘરની ઈજ્જત વધે છે.' કાકા પણ થોડી ક્ષણો તો મારી દલીલ સાંભળી જ રહ્યા. પછી બોલ્યા: 'એવી નોકરી કરતી છોકરીઓની શી દશા થાય છે તે તને ખબર છે?'

'શું થાય છે?'

'મારી પાસે એ બધું ન બોલાવ. પણ મહેરબાની કરીને તું નોકરીના રવાડે ન ચડે તો સારું. મને નથી ગમતું.'

કાકાને સમજાવતાં ખૂબ મહેનત પડી. જેમતેમ કાકાએ એમના કોઈ ઓળખીતા ઉપર ભલામણચિઠ્ઠી લખી આપી. હું ખૂબ રાજી થઈ. બીજે જ દિવસે ભલામણચિઠ્ઠી લઈને કાકાના ઓળખીતાની ઑફિસમાં પહોંચી ગઈ.

બહાર મોટું નામનું પાટિયું લટકતું હતું: 'ધનરાજ ઍન્ડ કો.' દરવાજામાં જ ટેલિફોન-ઑપરેટર કોઇને ફોન કરતી બેઠી હતી. તેણે હસીને ફોન ઉપર વાત કરતાં કરતાં જ આવકાર આપ્યો, અને ઈશારાથી સામેના સોફા ઉપર બેસવા કહ્યું. હું બેઠી. ઑફિસ ઘણી મોટી લાગી. કામ કરવાની મઝા આવશે એમ મનમાં થયું.

થોડી વારે ફોન મૂકીને ટેલિફોન-ઑપરેટરે મીઠા રણકતા અવાજે પૂછ્યું: 'યેસ પ્લીઝ! આપને કોનું કામ છે?'

કાકાએ આપેલું બંધ કવર મેં એના હાથમાં મૂક્યું. એણે ધ્યાનથી જોયું અને સ્મિત કરીને 'વેઈટ અ મિનિટ' કહ્યું, અને ફોન ઉઠાવીને કંઈક વાત કરી. પછી ફોન મૂકીને મને અંદરની કોઈક કૅબિનમાં જવા કહ્યું. મને પગમાં સહેજ ધ્રુજારી આવી. કોણ હશે? કેવા માણસ હશે? શું થશે? બરાબર જવાબ અપાશે કે નહિ? વગેરે વિચારો એકસામટા મગજમાં આવીને નીકળી ગયા. ધીમે પગલે હું અંદરના ભાગમાં આવેલી એક કૅબિનના બારણા પાસે ગઈ. પ્યૂને બારણું ખોલી આપ્યું. હું ધીમેથી ડોકું કરીને બારણામાં ઊભી રહી: 'મે આઈ કમ ઈન, સર?'

'યેસ!' અંદરથી જવાબ આવ્યો. હું અંદર દાખલ થઈ. એક આલીશાન ટેબલ ઉપર કુશાદે ખુરશીમાં કોઈ એકદમ યુવાન છોકરો બેઠોબેઠો ફાઈલ જોતો હતો. આ જ 'બૉસ' હશે? એમ ક્ષણભર મનમાં થયું. કે પછી બૉસના છોકરા બેઠા હશે? અને હું ગડમથલમાં એની ખુરશી સામે જઇને ઊભી રહી એટલે ફાઈલમાં જોઇને જ ધીમા અવાજે કહ્યું: 'પ્લીઝ હૅવ અ સીટ.'

હું બેઠી. સંકોચ અને શરમ વધી ગયાં. છોકરો બેઠો બેઠો ફાઈલ વાંચતો જ રહ્યો. એના ચહેરા ઉપરના ભાવ જોઇને સ્પષ્ટ કળી શકાતું હતું કે એ ખૂબ જ ઊંડો ઊતરીને ફાઈલનો અભ્યાસ કરી રહ્યો હતો. થોડી વારે એણે ફાઈલ બંધ કરીને ધીમેથી હસીને કહ્યું: 'બોલો, શું કામ છે?'

મેં કાકાની ચિઠ્ઠીવાળું કવર એના હાથમાં મૂકી દીધું. એણે ખૂબ જ શાંતિથી, આરામથી ખુરશીમાં બેસીને ધીમેધીમે કવર ખોલ્યું અને વાંચ્યું, અને પછી ચિઠ્ઠીની ગડી બનાવતાં પૂછ્યું: 'શું ભણ્યાં છો?'

'બી.એ.' મેં ધીમેથી કહ્યું.

'ઍકાઉન્ટ્સમાં કામ કરી શકશો?'

'જી, થોડું શીખવવામાં આવે તો કરી શકું.' મેં કહ્યું.

'ટ્રેઇનિંગ તમને પૂરતી આપવામાં આવે. પણ તમને પૂરતો રસ હોવો જરૂરી છે. બી.એ.માં કયા વિષયો હતા?'

'સાઇકૉલૉજી મેઈન હતું.'

એ સહેજ મૂછમાં હસ્યો: 'એવા બધા વિષયોની અમેરિકા જેવા દેશમાં કદર થાય, આપણે ત્યાં તો હિસાબ-કિતાબના માણસોની વધારે જરૂર. છતાં, ઠીક છે; તમને રસ હોય તો અમારા માણસો તમને શીખવશે. ક્યારથી આવો છો?'

'આપ કહો ત્યારથી.'

'તો,' એણે કૅલેન્ડરમાં જોઇને કહ્યું: 'આવતી પહેલીથી આવો.' અને બેલ માર્યો. પટાવાળો અંદર આવ્યો તેને એણે એકાઉન્ટન્ટને બોલાવવા કહ્યું. એકાઉન્ટન્ટ અંદર આવ્યા તેને એણે કહ્યું: 'મિસ્ટર મહેતા, આ મિસ દેસાઈ આપણે ત્યાં નવાં આવ્યાં છે. એમને પહેલી તારીખથી ઍકાઉન્ટ્સની ટ્રેઇનિંગ આપજો.'

'થૅંક યુ સર!' કહીને હું ઊભી થઈ અને બહાર નીકળી. નર્યા મારી જ ઉમરના છોકરાને 'સર' કહેતાં જરા ઠીક ન લાગ્યું, છતાં એ એના હાવભાવથી ખરેખર 'બૉસ' જ લાગતો હતો! એટલે 'સર' પણ સ્વાભાવિક રીતે જ બોલાઈ ગયું. પહેલી તારીખના ઇંતેજારમાં દિવસો વીતી ગયા.

ઑફિસ જવું શરૂ તો કરી દીધું, પણ મનમાં ઊંડેઊંડે થોડી થોડી ચિંતા જરૂર થવા માંડી. પ્રાઇવેટ ઑફિસ, યુવાન બૉસ અને ઘણી વાર તો સાંજના મોડે સુધી કામ કરવું પડે! કાકાની અને બીજા સંબંધીઓની શિખામણો યાદ આવવા માંડી: 'સાચવીને નોકરી કરજે!' 'કોઈની સાથે ઝાઝી લપ્પન-છપ્પનમાં પડતી નહિ!' 'કામથી જ કામ રાખવું! વધારે ઊંડા પાણીમાં ઊતરવું નહિ!' વગેરે.

અને એક દિવસ કૅબિનમાંથી બૉસનું તેડું આવ્યું! પગ ધ્રૂજવા માંડયા. શું હશે? શાને માટે બોલાવી હશે? ડરતી ડરતી કૅબિનમાં ગઈ. 'બૉસ' હસતા હસતા મને જોઈ રહ્યા હતા! મારી ધ્રુજારી વધી ગઈ!

'મિસ દેસાઈ! તમારી તબિયત ઠીક નથી?' એમણે સહેજ સ્મિત કરતાંકરતાં જ પૂછ્યું. હું કંઈ જ ન બોલી શકી. નીચું જોઈને ઊભી જ રહી ગઈ. 'તમને ફાવે છે કે કેમ?' એમણે સહેજ ગંભીર બનીને પૂછ્યું.

'હા જી, ફાવે છે.' ખૂબ જ મુશ્કેલીથી હું થોડા શબ્દો બોલી શકી.

'પણ હું ઘણા દિવસથી જોઉં છું, કે તમે ખાસ સ્વસ્થતાથી કામ નથી કરતાં! કંઈ ઘરની તકલીફ છે? કે સ્ટાફમાં કોઇએ કંઈ હેરાનગતી કરી છે?'

'ના, સર? એવું કંઈ જ નથી!' હું ખૂબ અચંબામાં પડી ગઈ. શું કૅબિનમાં બેઠાબેઠા બૉસ મારું જ ધ્યાન રાખતા હશે?—એમ મનમાં થયું અને વધારે ચિંતા થવા માંડી.

'જુઓ, તમને કોઈ પણ જાતની તકલીફ જેવું લાગે, કે કંઈ પ્રૉબ્લેમ

હોય તો વિના સંકોચે મને મળી શકો છો! એમ ન માનતાં કે હું તમારો બૉસ છું.' એમણે કહ્યું અને પોતાને કામે લાગી ગયા. હું 'ઓ. કે., સર!' કહીને બહાર નીકળી ગઈ. પછી ઑફિસમાં અને સાંજે ઘેર જતાં રસ્તે પણ 'બૉસ'ના જ વિચારો આવવા માંડયા. બૉસ હવે મારામાં વધારે પડતો રસ લેતા થયા હોય એવું નહોતું લાગતું? નહિ તો કૅબિનમાં બેઠાબેઠા આટલા બધા સ્ટાફને છોડીને મારા ઉપર ધ્યાન કેમ પડે? 'બૉસ' લોકો વિષે જે બધું સાંભળ્યું છે તે સાચું હશે? શું બધા જ 'બૉસ' એક જ પ્રકારના હશે?

થોડી મૂંઝવણમાં દિવસો વીતવા લાગ્યા. હું થોડી વધારે સભાન રીતે ઑફિસમાં વર્તવા લાગી. અને એકાએક એક દિવસ ફરીથી બૉસની કૅબિનમાંથી તેડું આવ્યું. યંત્રવત્ હું અંદર ગઈ. બૉસે સહેજ સ્મિત કરીને સામેની ખુરસી ઉપર બેસવા કહ્યું: 'બેસો!'

ખૂબ જ સંકોચ સાથે હું લગભગ અરધી બેઠી. 'કેમ લાગે છે હવે ઍકાઉન્ટ્સ?' એમણે હસીને જ પૂછ્યું.

'ફાવે છે. ધીમેધીમે હજી વધારે ફાવી જશે.' મેં કહ્યું.

'અચ્છા!' એમણે નીચું જોઇને જ સહેજ વિચાર કર્યો અને કહ્યું: 'શું લેશો? ચા કે કૉફી?'

હું એકદમ ડઘાઈ જ ગઈ! કંઈ જ બોલી ન શકી! કારણ કે આવી ઑફરની જરા ય અપેક્ષા નહોતી. એમણે ફરીથી સહેજ હસતે કહ્યું: 'બોલો બોલો! શરમાઓ છો શું કામ? શું પીઓ છો? ચા કે કૉફી?'

'થૅંક યુ. સર! હું બપોરે કંઇ જ નથી પીતી!'

'સવારે શું પીઓ છો?' એમણે વધારે હસીને પૂછ્યું.

'કૉફી' મારાથી સહજ બોલાઇ ગયું.

એમણે બેલ મારીને પટાવાળાને બે કૉફી લાવવા કહ્યું. હું ખૂબ જ મૂંઝવણમાં મુકાઇ ગઇ. હવે કૉફી આવે અને પીવાઇ ન જાય ત્યાં સુધી શી વાત કરવી? હું ગુપચુપ બેઠી રહી. દરમ્યાનમાં એમણે ઇધરઉધરની વાતો કરીને સમય પસાર કર્યો.

કૉફી પીને હું કૅબિનની બહાર આવી ત્યારે મન વધારેપડતા ચકરાવે ચડી ગયું. સંશય જોર પકડતો જતો હતો.

થોડા દિવસો આમ જ મૂંઝવણમાં વીત્યા હશે, ત્યાં એક દિવસ ઑફિસમાં એક નવી છોકરી દેખાઈ. એકદમ આધુનિક ઢબની, દેખાવડી, ચબરાક અને જોતાંવેંત જ આંખે ઊડીને વળગે એવી એ હતી. પરિચય થતાં ખબર પડી કે આગળનો અનુભવ પણ હતો, અને બૉસની પ્રાઇવેટ સેક્રેટરી તરીકે આવી છે.

પહેલે જ દિવસે સડસડાટ બૉસની કૅબિનમાં એ પહોંચી ગઈ, અને ખાસ્સી અરધા કલાકે બહાર નીકળી! અને નીકળી ત્યારે ચહેરા ઉપર ખુશાલીનો પાર નહોતો!

બીજે દિવસે લંચમાં મારી સાથે એ બેઠી. મને સીધો જ સવાલ એણે પૂછ્યો: 'બૉસ લંચ લેવા કેટલા વાગ્યે જાય છે?'

'મને ખબર નથી!' મેં ખૂબ જ સહજતાથી કહ્યું.

'શું વાત કરે છે? તું કોઈ દિવસ બૉસ સાથે લંચ લેવા નથી ગઈ?' એણે આશ્ચર્યથી મને પૂછ્યું. એનાથી વધારે આશ્ચર્ય મને થયું: 'ના! કેમ?'

એ ખડખડાટ હસી!—પેટ ઉપર હાથ મૂકીને હસી! પછી થોડી વારે મને બીજો સવાલ પૂછ્યો: 'બૉસને મૂવીનો શૉખ છે કે નહિ?'

'મને ખબર નથી!' મેં ફરીથી નવાઈ પામીને કહ્યું. એ ફરીથી હસી અને બોલી: 'બૉસના નફા-તોટાનો જ હિસાબ રાખે છે, એમ ને?' અને જમવા લાગી. એની વાતોમાં મને ખાસ ગમ ન પડી એટલે હું ચૂપ રહી. પણ મનમાં થયું કે આ છોકરી બૉસને જરૂર ગમી ગઈ હશે!

થોડા દિવસ પછી એકાએક પ્રાઇવેટ સેક્રેટરી ઑફિસમાં દેખાતી બંધ થઈ ગઈ! મેં અમારા ઍકાઉન્ટન્ટને પૂછ્યું. એમણે કહ્યું: 'તમને ખબર જ નથી? એણે બૉસને પૂછેલું કે ઑફિસમાં મિનિ-સ્કર્ટ પહેરીને આવું તો તમને ગમશે?'

'એમ?' હું આશ્ચર્યથી ઍકાઉન્ટન્ટને જોઈ રહી.

'હા. અને બૉસે કહ્યું કે તમે નોકરીએ જ ન આવો તે મને વધારે ગમશે!' ઍકાઉન્ટન્ટ હસવા લાગ્યા.

હું 'બૉસ'ની કૅબિન સામે બસ જોઈ જ રહી! □

હરિઃ ૐ આશ્રમ તરફનું રૂ. ૫૦નું

ચરિત્ર પારિતોષિક

અંક ૬૫૬ માટેનું 'ગાડગે મહારાજ'ના લેખક

પ્રા. વસંત જોષીને મળે છે.

અનુસંધાન] **બાયનિક્સ** [પૃ. ૩૦૭થી

કે ગોળ ફરતાં માખી પોતાની ગતિ સ્થિર રાખી શકે છે. માખીના શરીરમાં આ કુદરતી કરામતના આધારે સ્પેરી રૅન્ડ નામના એક નિષ્ણાતે આઘાત વિરોધી અને ઘર્ષણ ન પામે એવું ગાયરોસ્કોપ બનાવ્યું છે જેનો ઉપયોગ મિસાઈલ્સની ગતિને કાબૂમાં રાખવામાં થઈ શકે છે.

ઘણાં નરપશુઓ ગંધના આધારે માદાને શોધી કાઢે છે. નાક ઉપર રૂ બાંધી દીધું હોય તો સૅમન માછલી ઇંડાં મૂકવાની જગ્યાએ પાછી ફરી શકતી નથી. અતિ મંદ એવી ગંધ પણ પારખી શકવાની આવી કુદરતી રચના પરથી એક એવું સાધન વિકસાવાયું છે જે ગંધના દસલાખમા ભાગ જેટલી સૂક્ષ્મતા પણ પારખી શકે છે. આના વડે કહોવાતા ખોરાકની કે હવામાં ભળતા પ્રદુષણ કે ઝેરની સવેળા જાણ થઈ શકે છે. શરીરની અને તેનાં વ્યયદ્રવ્યોની લાક્ષણિક ગંધ પારખીને નિદાન કરવા માટે દાક્તરોને પણ આ શોધ ઉપયોગી થઈ પડશે.

મગજની ક્રિયાશક્તિથી પ્રાણીઓ અકલ્પનીય કાર્યક્ષમ ને સંક્ષિપ્ત કૉમ્પ્યુટિંગ મશીન જેવાં છે. ફ્લાઈંગ ડ્રૅગન માખીને જુએ કે તુરત તેની ઝડપ, દિશા અને સ્થિતિની ગણતરી કરી લઇને એની ઉપર સેકન્ડના વીસમા ભાગમાં ત્રાટકીને એને પકડી લે છે. માનવસર્જિત કોઈ યંત્ર આવી રીતે શિકાર પાછળ જઈ શકે ખરું?

મગજની નકલ કરી શકે એવું કૉમ્પ્યુટર શોધાશે ત્યારે બાયનિક્સનો ઘણો જ વિકાસ થયો હશે. મૂળ સ્થાને પાછા ફરતા સંદેશાવાહક કબૂતરના લખોટી જેવડા મગજનું રહસ્ય વિજ્ઞાનીઓને હજી યે મૂંઝવે છે તો માનવ-મગજની સાંકેતિક લિપિનું રહસ્ય શી રીતે પકડાશે? ભલે એ ન પકડાય, પણ બાયનિસિસ્ટ અશક્ય જણાય એવી શોધ તો હજી યે કરશે જ.

પ્રાણીઓ અને ઇલેક્ટ્રોનિક સિસ્ટમની ઘનિષ્ઠ સામ્યતાનો ખયાલ આપણને બહુ મોડો મળ્યો છે. એન્જિનીઅરિંગમાં લાગુ પડે તેવા સિદ્ધાંતો શોધવા જીવંત પ્રાણીઓનો અભ્યાસ કરતાં ૧૯૬૦ની સાલમાં બાયનિક્સનો જન્મ થયો છે. જૈવ તંત્રયોજનાનું રહસ્ય ઉકેલવા જીવ-વિજ્ઞાનશાસ્ત્રીઓ, પદાર્થવિજ્ઞાનીઓ, રસાયણશાસ્ત્રીઓ ને ઇલેક્ટ્રોનિક તજ્જ્ઞો, ગણિતજ્ઞો અને ઈજનેરો એકઠા મળી કામ ઉપાડે છે. ઔદ્યોગિક અને યુનિવર્સિટીઓની પ્રયોગશાળાઓમાં અસંખ્ય વિજ્ઞાનીઓ બાયનિક્સ ઉપર જે કામ કરી રહ્યા છે તેના ફળ રૂપે ભવિષ્યમાં અજબગજબ શોધો થવી અશક્ય નથી. □

બાયનિક્સ

કુદરતી કરામતોની નકલ કરતું વિજ્ઞાનનું એક નવું પાસું

લેખક - ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી

બાયલૉજિકલ ઇલેક્ટ્રૉનિક્સનું ટૂંકું નામ બાયનિક્સ Bionics. જેમાં યંત્રવિદ્યાના કેટલાક પ્રશ્નોના ઉકેલમાં જીવંત પ્રાણીઓની કાયાની કરામતોનું જ્ઞાન વપરાય છે.

એરક્રાફ્ટ, રૉકેટ, ટેલિવિઝન વગેરે માનવસર્જિત વિજ્ઞાનની અનુપમ સિદ્ધિઓ છે, પણ કુદરતની ઘણી રચનાઓ વિજ્ઞાનીઓની એ સરજતોને ય ટપી જાય એવી છે. તો પછી કુદરતની કરામતો અને માનવસરજતનું જોડાણ થાય તો યાંત્રિક ઉદ્યોગોમાં ક્રાન્તિ કેમ ન આવે?

વિજ્ઞાને જે વિવિધ ક્ષેત્રોમાં બાયનિક્સ સ્વીકાર્યું છે ત્યાં વિજ્ઞાનીઓએ કુદરતમાં ડોકિયું કરીને સૃષ્ટિના વિકાસ કે ઉત્ક્રાંતિની પ્રક્રિયામાં જે કુદરતી ફેરફારો યોજાયા છે તેની નકલ કરી છે. ઓગણીસમી સદીના અંતમાં એક ફ્રેન્ચ માળી જોસેફ મોનિયરને વનસ્પતિનાં મૂળને જમીન સાથે સજ્જડ ચોંટી રહેતાં જોઈને એક વિચાર સૂઝ્યો. તેણે સિમેન્ટનો લોંદો બનાવીને મૂળિયાંની જેમ તેમાં પાતળા સળિયા મૂક્યા. જમીનને પકડી રાખીને તેમાં ચુસ્તપણે ટકી રહેવાની કુદરતી કરામતની એ નકલમાંથી રીઈનફોર્સ્ડ કૉંક્રીટની શોધ થઈ. પારી(સ)ના વિખ્યાત એફિલ ટાવરની રચનામાં પણ ગુસ્તાવ એફિલે માનવીના હાડપિંજરમાંથી પ્રેરણા લીધી હોવાનું જીવવિજ્ઞાનીઓનું કહેવું છે.

વચ્ચેના ગાળામાં થાંભલા જેવા કોઈ પણ આધાર વિના ફ્રેન્ચ ઇજનેરો રીઈનફોર્સ્ડ કૉંક્રીટની વિશાળ છતવાળું થીએટર બાંધતા હતા, પણ છતમાં તિરાડ પડતી દેખાઈ. તેમણે ઇંડાના કોચલાનો અભ્યાસ કર્યો. જોયું કે કોચલાની અંદરની બાજુએ પાતળી આંતરત્વચાનું એક અસ્તર હતું. કુદરતની આ કરામત પરથી રીઈનફોર્સ્ડ કૉંક્રીટને વધારાની મજબૂતી આપવા પ્રિ-સ્ટ્રેસની પદ્ધતિ અસ્તિત્વમાં આવી.

ઋતુના પલટા સાથે દર વર્ષે હજારો માઈલ લાંબા પંથ કાપીને અમુક નિશ્ચિત પ્રદેશમાં પહોંચી જતાં યાયાવરી પક્ષીઓની માર્ગદર્શક તંત્રયોજના અને મધમાખીઓની જૈવ ઘડિયાળની રચના જાણવા પ્રયત્નો થઈ રહ્યા છે. આમાંથી નૌસંચલન માટે ઉપયોગી નવાં સાધનો વિકસાવવાની આશા રખાય છે. સોવિયેત વિજ્ઞાનીઓ કોલસાની ખાણમાં ગૅસની હાજરી જાણવા માટે અમુક માખીઓનો ઉપયોગ કરે છે. ખાણમાં ગૅસનો પ્રથમ ભભૂકો જાણી લઈ માખી જે વિદ્યુતીય સંકેતો મોકલે છે તે પકડવા તેમના માથામાં ઇલેક્ટ્રોડ ગોઠવાય છે. આ સંદેશાઓ વિદ્યુદ્ધ થતાં યંત્ર રણકી ઊઠે છે, જેથી ખાણિયાઓને તેની જાણ થાય છે. રૅટલ સ્નેક નામની જાતના સાપ ગરમીના સૂક્ષ્મમાં સૂક્ષ્મ ફેરફારો જાણવાની શક્તિ ધરાવે છે. આ કેવી રીતે બની શકે છે તે જાણી લીધા બાદ એન્ટી એર ક્રાફ્ટ સાઈડ વાઈન્ડર મિસાઈલ્સ અને મિડાસ સેટેલાઈટ બનાવાયાં છે, જેની ઈન્ફ્રારેડ કરામતથી પૃથ્વી ઉપર કોઈ પણ ઠેકાણે ઊતરતા રૉકેટની જાણ થાય છે. તીતીઘોડા પૃથ્વીના સૂક્ષ્મ આંચકા પણ જાણી શકે છે. જો એમની એ શક્તિની કરામત સમજાય તો ધરતીનાં કંપનો જાણવા માટે વધુ શીઘ્રગ્રાહી સીસ્મોગ્રાફ બનાવી શકાય. અંધારામાં પણ ક્યાંય અથડાયા વિના અતિ ઝડપે ઊડી શકતાં ચામાચીડિયાંની એ અંગેની શારીરિક કરામતની પ્રેરણા પરથી રડારની શોધ વિકસી છે. એ જ રીતે અંધજનોને માર્ગમાં આવતા અંતરાયો જાણવા સોન્ડાર શોધાયું છે.

શરીરના આકાર ઉપરાંત ચામડીની વિશિષ્ટ રચનાથી ડૉલ્ફિન કલાકના ૬૫ માઈલની ઝડપે તરી શકે છે. તેને ચામડીનાં બે પડ હોય છે. એકબીજા સાથે ઘસાતાં એ પડ ડૂબકી મારતી વખતે પાણીના દબાણ ને હલનચલનને શોષે છે. એચ. ક્રેમરના આ નિરીક્ષણથી સબમરીનો ને ટૉર્પિડો ઉપર બે પડી આવરણ બનાવાયું છે. 'ડૉલ્ફિન' સ્કીન નામે ઓળખાતા એ આવરણથી સબમરીનને નડતો પાણીનો અવરોધ લગભગ અર્ધો જેટલો ઘટાડાયો છે.

હવે તો ગ્રહો ઉપર જવાનું શક્ય બનતું જાય છે અને ત્યાં રહેવાનું થાય તો ત્યાંની સપાટી ઉપર માનવીએ ચાલતાં પણ શીખવાનું છે. બરફની લીસી સપાટી ઉપર પગના પંજા વતી વાંકાચૂકા વળીને ચાલવાની પેંગ્વિન પક્ષીની રીત જોઇને સોવિયેત નિષ્ણાતોએ પેંગ્વિનની જેમ વાંકુંચૂકું થઇને ચાલી શકે એવું વિચિત્ર ઢંગનું વાહન બનાવ્યું છે. લીલાં પાંદડાંની ફેલાએલી શિરાઓની ગોઠવણી ને રચના પરથી ઈટાલીના એક સ્થપતિએ ચાર સેન્ટિમીટર જાડાઈની સળંગ સો મીટર લાંબી સાંધા વગરની આરસ જેવી બિછાત (ફ્લોરિંગ) બનાવી છે.

કેટલાંક પ્રાણીની અતિ ઝડપી કે થકવનારી ગતિથી પણ એના પગના સાંધાઓમાં કોઈ ઘર્ષણ થતું જણાતું નથી. એનું રહસ્ય ઉકેલાશે ત્યારે એકધારા લાંબા વપરાશથી પણ ગરમ ન થાય અને અવારનવાર તેલ ઊંજવું ન પડે એવી યંત્રરચના વિકસવાનો સંભવ છે.

શરીરના સંકોચાતા સ્નાયુઓમાં પેદા થતા માયોકાર્ડિયલ વિદ્યુત–પ્રવાહોના આધારે હલનચલન થાય એવા સાંધાવાળું કૃત્રિમ કાંડું સોવિયેટ વિજ્ઞાનીઓએ બનાવ્યું છે. શરીરના વિદ્યુતીય પ્રવાહોના આધારે અવયવોના વ્યાપાર જાણવા ઇલેક્ટ્રો-કાર્ડિયોગ્રામ અને એન્સેફેલોગ્રામ વગેરે નિદાનનાં સાધનો ક્યાં નથી શોધાયાં?

દેડકાં જીવતાં જંતુઓનું ભક્ષણ કરે છે. તેની જીભ આંબી શકે એટલી કક્ષામાં જે જંતુઓ આવે તેને જ એની આંખ જોઈ શકે છે, પણ મરેલાં એટલે કે ગતિહીન જંતુઓની તેને ખબર પડતી નથી. કારણ, તેની આંખો જે જુએ છે તે બધાંની એના મગજને જાણ થતી નથી, પરંતુ જીવવા માટે જરૂરી બાબતોની જ ખબર પડે છે. આમ, તેની આંખ માત્ર અમુક લાક્ષણિક ઘાટ ને ગતિ જ પારખી શકે છે. જાણવા યોગ્ય ન હોય તેવી ચીજની જાણ એની આંખ મગજને પહોંચાડતી જ નથી.

અમેરિકાએ હવાઈ માર્ગે સંરક્ષણ માટે કરેલી 'સેઈજ' (સેમી-ઑટોમેટિક ગ્રાઉન્ડ ઈન્વાઈરનમેન્ટ SAGE) નામના સાધનની રચનામાં ઉલ્કા, વાદળો, પક્ષીઓ અને ઊડતાં મિત્ર વિમાનોની તારવણીમાં ગોટાળા વળતા. હવે તેમાં દેડકાની આંખની રચના પરથી વિકસેલી 'ફ્રૉગ્સ આઇ' ગોઠવાયાથી ઉપરની મુશ્કેલીઓ દૂર થઈ છે.

ઇલેક્ટ્રૉનિક્સની સહાય વિના પણ બાયનિસિસ્ટ કુદરતની ઘણી નકલ ઉતારે છે. ઊડતાં સી-બર્ડની પાંખોના છેડાની રચના પરથી નાના વાયુયાનને સ્થિરતા આપનાર કૉનિકલ કમ્બર વિન્ગ બનાવાઈ છે. એક એવી 'આંખ' પણ બનાવાઈ છે જે સૂક્ષ્મ-દર્શક યંત્રની અંદર જોઇને તંદુરસ્ત કોષોમાંથી કૅન્સરના કોષને ઓળખી કાઢે છે. ઇલેક્ટ્રોએન્સેફેલોગ્રામની આંખ મગજના અસાધારણ તરંગો શોધી કાઢે છે.

કોઈક નક્કર અવરોધ આંખની નજીક ને નજીક આવતાં આપણી ગતિ ધીમી પડી જઈ તેની સાથેની અથડામણ ટળે છે. 'વિસીલોગ' પણ કંઈક એ રીતે જ કામ કરે છે માર્ગમાં અવરોધ જણાતાં વાહનની ગતિને એ ધીમી પાડી દે છે ને એથી અથડામણ થતી અટકે છે. ચંદ્રની સપાટી ઉપર સલામતીથી ઊતરવા માટેની અવકાશયાનની તંત્ર-રચનામાં આવી જ કરામત થઈ છે. અંધજનો માટે નાનું વિસીલોગ પણ બની રહ્યું છે.

ગતિશીલ હવાના દબાણના ફેરફારોની નોંધ લેતી બે ધ્રૂજતી સળીઓ (Rods) દ્વારા મળતી માહિતીના આધારે ઊડતાં (અનુ. પૃ. ૩૦૬)


શતરંજના કોયડા . . . . સુરેશ મોદી

આપણે છેલ્લા બે ત્રણ કોયડામાં નળાકાર (Cylindrical) બોર્ડ જોયાં. તેથી આગળ પૃથ્વીના આકારના બોર્ડ ઉપર પણ કોયડા રચાયા છે, પણ તે હજી પ્રાયોગિક જ હોઈ આપણે તેને પડતા મૂકી 3–D બોર્ડ પર જઈશું. 3–D બોર્ડ સાધારણ રીતે ૫ × ૫ × ૫ ખાનાંનું એટલે ૫ × ૫ ખાનાંનાં પાંચ બોર્ડ એકબીજા ઉપર મૂકયાં હોય તેવું હોય છે. સાધારણ બોર્ડનું દરેક ખાનું તેની પંક્તિ અને હરોળથી ઓળખાય છે. તેમ 3–D બોર્ડનું ખાનું તેના થર, પંક્તિ ને હરોળથી ઓળખાય છે. સૌથી નીચેના થરના બોર્ડ માટે A, તેની ઉપરના માટે B અને તેમ સૌથી ઉપરના માટે E સંજ્ઞા વપરાય છે. પંક્તિ અને હરોળ માટે તો સાધારણ (2–D) બોર્ડની જેમ જ અનુક્રમે a, b, c, d, e અને ૧, ૨, ૩, ૪, ૫ નંબર વપરાય છે.

3–D બોર્ડ પર કોઈ કોયડો જોતાં પહેલાં તેના ઉપર દરેક મહોરાની ચાલ જોઈ લઇએ. તે જોવા માટે આપણે દરેક મહોરું મૂળ C c3 એટલે જે ત્રીજા યા બરાબર મધ્યના થરના બોર્ડ ઉપર ત્રીજી પંક્તિ અને ત્રીજી હરોળ પર (જે આકૃતિમાં ■ રીતે દર્શાવ્યું છે) હોય તો તે એક ચાલમાં ક્યાક્યા ખાના પર જઈ શકે તે બાજુની આકૃતિમાં જોઈશું.

સાધારણ બોર્ડ પર હાથીની ચાલને એક જ Dimension હોય છે. એટલે કે જો તે પંક્તિ બદલે તો તેની હરોળ તે જ રહે અને જો હરોળ બદલે તો પંક્તિ મૂળ હોય તે જ રહે. ઊંટ અને ઘોડાની ચાલમાં હરોળ અને પંક્તિ બન્ને બદલાય છે તેથી તેની ચાલને બે Dimension છે તેમ કહેવાય. પ્યાદાની ચાલમાં એક અને તે કોઈ મહોરાને મારે ત્યારની ચાલમાં બે Dimension હોય છે. વજીર અને રાજાની ચાલમાં ક્યારેક એક તો ક્યારેક બે Dimension હોય છે. 3–D બોર્ડ પર પણ હાથી, ઘોડા, ઊંટ અને પ્યાદાની ચાલમાં 2–D બોર્ડ પર હોય છે તેટલા જ Dimension રહે છે. દા. ત. હાથી થર, પંક્તિ કે હરોળ એ ત્રણમાંથી એક જ બદલી શકે, બાકીના બે મૂળ હોય તે જ રહે. 3–D બોર્ડ પર ફક્ત ત્રણ Dimension વાળી ચાલવાળું એક વધારાનું મહોરું ક્યારેક વપરાય છે, જેનું નામ છે Unicorn (યુનિકૉર્ન–ટૂંકું રૂપ U, અથવા ઊંધા ઘોડાની આકૃતિ). 3–D બોર્ડ પર વજીર, હાથી, ઊંટ અને Unicorn-ની ચાલ ચાલી શકે છે. આ રીતે તેને ચાલવા માટે ૨૬ દિશા મળે છે. રાજા તે દિશામાં એક-એક ખાનું ચાલી શકે છે. પ્યાદું થર અને હરોળમાં એમ બે દિશામાં ચાલી શકે છે અને ત્રાંસી ચાલે પાંચ ખાનાં ઉપર મારી શકે છે.

આકૃતિમાં રાજા, વજીર, હાથી, ઊંટ, ઘોડા, યુનિકૉર્ન તેમજ સફેદ ને કાળા પ્યાદાની ચાલ તેની એકાક્ષરી સંજ્ઞાથી (રાજા=K, વજીર=Q, હાથી=R, ઊંટ=B, ઘોડો=S અને યુનિકૉર્ન =U) દર્શાવી છે. પ્યાદાની મારવાની ચાલ માટે × સંજ્ઞા વાપરી છે. તેમાં જોશો તો મહોરાંની ચાલની ગણતરી આ પ્રમાણે થશે: રાજા–૨૬, વજીર–૫૨, હાથી–૧૨, ઊંટ–૨૪, ઘોડા–૨૪ અને યુનિકૉર્ન–૧૬ તથા પ્યાદું–૨ ચાલ + ૫ ખાનાં પર મારી શકે. હવે પછીના અંકમાં આપણે આવા 3–D બોર્ડ ઉપરનો કોયડો જોઈશું.





બૌદ્ધિક, સામાજિક, રાજનૈતિક અને સાંસ્કૃતિક ક્ષેત્રમાં ભારતીય મહિલાઓની પ્રગતિમાં પથપ્રદર્શક બની રહેલી કલકત્તાની 'બેથુન કૉલેજ'-ની શતાબ્દીને બિરદાવતી આ ખાસ ટિકિટ ગઈ તા. ૪થી સપ્ટેમ્બરે બહાર પડી, જેના પર એ સંસ્થાનું ચિત્ર આપ્યું છે.

(પ્રેષક : જગદીશ બિનિવાલે–અમદાવાદ)

દેવો ધાધલ

ગુજરાતી વાઙ્મયમાં સાભિપ્રાય સાગરસાહિત્યના પ્રથમ સર્જક સ્વ. 'સુકાની'ની
સાહસિક વીરત્વભરી રોમાંચક સાગરકથાની બીજી આવૃત્તિ.
લેખક · 'સુકાની' (કિ. રૂ. ૧૫ · રજિ. પો. સાથે રૂ. ૧૭–૫૦)
કુમાર કાર્યાલય લિમિ. · રાયપુર અમદાવાદ

'વિનોદ'ની નજરે
[૩૦]

ચંદ્રવદન ચી. મહેતા



લેખક
વિનોદ
ભટ્ટ

ચંદ્રવદન વિષે સાહિત્યના દર ત્રીજા માણસને કંઈક ને કંઈક કહેવાનું હોય છે જ. ઉમાશંકરે તો ચન્દ્રવદન પર એક કાવ્ય પણ રચ્યું છે: 'ચન્દ્રવદન એક ચીજ અલકમલકની, ગુજરાતે ના જડવી સહેલ...' વચ્ચે જ્યોતીન્દ્ર દવે અમદાવાદ આવ્યા ત્યારે વાતમાંથી વાત નીકળતાં મેં કહ્યું : 'ચન્દ્રવદન વિષે હું લખવાનું ધારું છું.' ત્યારે તે બોલ્યા : 'ચન્દ્રવદન તો વંટોળિયો છે; નહિ પકડાય.' તો પ્રા. ભોળાભાઈ પટેલે કહ્યું : 'ચન્દ્રવદન પારા જેવા છે. પકડવા જતાં સરકી જાય એવા.' અવંતી દવેએ તેમને એક 'નિરાલો છંદ' કહ્યા છે. પણ મારા મતે તો ચન્દ્રવદન એટલે નાટક. તે જે કંઈ કરે છે એમાં ઍક્ટિંગ વધારે હોય છે. કેટલાક કહે છે કે ચં. ચી. 'ડિફ્રમ' છે. હશે, કદાચ. પણ તે દેખાય છે એટલા 'ડિફ્રમ' તો નથી જ. તેમના દરેક 'જેસ્ચર' માટે તે સાવધાન હોય છે. પ્રેક્ષકો પર ધારી અસર પાડવા અભિનેતા જેટલી સભાનતાથી અભિનય કરે છે એટલી જ સજાગતા સી. સી.માં હોય છે. નાટક તેમને એટલું બધું કોઠે પડી ગયું છે કે તેમની રગેરગમાં તે ઊતરી ગયું છે. તે એટલે સુધી કે એમના સ્વાભાવિક વર્તનને ય મિત્રો નાટકનો કોઈ ટુકડો સમજી બેસવાની ગેરસમજ કરે છે. બચપણમાં ઠાકોરભાઈ ઠાકોર સાથે તેમને પાકી દોસ્તી હતી. શાળામાં સાથે ભણતા ત્યારે ઠાકોરભાઈના માથાનો વાળ દરરોજ તોડીને તે ડબ્બીમાં રાખતા. (ઠાકોરભાઈના માથામાં આજે જે ટાલ દેખાય છે એના મૂળમાં ચં. ચી. જ છે.) નહિ ગમતી પત્ની વિલાસ સાથે તેમનાં લગ્ન હતાં એ દિવસે સવારથી જ એ ધૂવાંપૂંવાં હતા. સામાન્ય જનને લગ્નનો હોય એવો ઉમળકો એમને નો'તો. બપોરે બે વાગ્યા સુધી ઘરમાં કાળો કોટ પહેરીને ફર્યા કરે. કાઢે જ નહિ. મિત્રો સમજાવે કે આજના શુભ દિવસે કાળો કોટ ન પહેરાય. ત્યારે તે વડચકું ભરતાં બરાડે: 'શુભ દિવસ તમારા માટે હશે; મારા માટે નહિ.' મિત્રોએ ફોસલાવીને માંડ કાળો કોટ ઉતરાવ્યો. વરઘોડાનો સમય થયો ત્યારે ઠાકોરભાઇને તેમણે હુકમ કર્યો : 'નારિયેળ તું પકડ, ઠાકોર!'

'મારાથી ના પકડાય' ઠાકોરભાઇએ ટૅકનિકલ મુશ્કેલી સમજાવી : 'લગ્ન તારાં છે, એટલે તારે જ નારિયેળ હાથમાં પકડવું પડે.'

ને આમ મહામુસીબતે ચન્દ્રવદનને પરણાવવામાં આવેલા. પણ વલિાસ સાથેનાં એ લગ્ન જામ્યાં નહિ. જામે જ શી રીતે? ચન્દ્રવદનને જે જમાવવું ના હોય એ જામે જ નહિને? 'ગઠરિયાં'માં પાછા નિખાલસપણે પોતે કબૂલે છે ય ખરા, 'એ જ વહુ જો મેં પોતે પસંદ કરી હોત, છાનાંમાનાં અમે મળ્યાં હોત, એકબીજાનાં થવા વચન અપાયાં હોત, પરીક્ષા વખતે મારી પડખે રહી એણે થોડું નજીવું મારું કંઈ કામકાજ કર્યું હોત, એની પરીક્ષા વખતે મેં એને વાંચવામાં અને અઘરું સમજાવવામાં મદદ કરી હોત, રજાઓમાં એકાદ વાર પણ એને મારી સાથે નહિ તો બીજાની સંગાથે મારી બા પાસે અમદાવાદ કે ગંગાપુર મોકલી હોત, આમાંનું થોડું પણ જો કંઈ થાત તો ચન્દ્રવદન ને વિલાસનું વણસી ગએલું લગ્ન પ્રકરણ જુદી જ રીતે લખાત.'

તેમનાં 'લગ્ન-લગ્ન' નાટકનો બીજો અંક વધુ રોમાંચક હતો. તેમનો જ એક દોસ્ત તેમની પત્નીના પ્રેમમાં પડયો. સ્ત્રી માટે લોકો એકબીજા સામે તલવારો ખેંચે એ જમાનામાં સી. સી.એ સામે ચાલીને પત્નીને વડોદરા લઈ જઇને પોતાથી છૂટકો અપાવી એ મિત્ર સાથે પરણાવી. નાના માણસનું આ કામ નથી. કોઈ દરિયાવ દિલ ઈન્સાન જ આવી ખૂબસૂરત હરકત કરી શકે.

અને નાટકનો છેલ્લો અંક પણ કેવો મેલોડ્રામૅટિક બની ગયો! કોઈ નવલકથાના પાના પર જ શકય બને એવું થયું. વિલાસનું અવસાન થયું તે વેળાએ તેનો એક હાથ વર્તમાન પતિના હાથમાં હતો ને બીજો હાથ સી. સી.ના હાથમાં! વિલાસ મૃત્યુ પામી ત્યારે પેલો મિત્ર ચં. ચી.ના ખભા પર માથું મૂકીને છુટ્ટે મોંએ રડવા માંડયો. ત્યારે, કહે છે કે, ચં. ચી.એ તેને આશ્વાસન આપેલું : 'રડ નહિ; હું બીજી વાર પરણવાનો છું.'

આ દામ્પત્યજીવનની ખારાશે તેમને કડવા બનાવી દીધા. અગાઉ તે આટલા બધા કટુ નો'તા એવું તેમના બાળપણના મિત્રોનું કહેવું છે. બરછટ જીભથી તેમણે શબ્દ કાપ્યા છે. તેમને ભાગે આજે જે થોડુંઘણું સહન કરવાનું આવે છે એના મુખ્ય કારણમાં પેલી જીભ છે. એ પણ સ્વીકારે છે કે લૂલીબાઈ ઉપર મીઠાશનું લીંપણ કરતાં ના આવડયું તે ના જ આવડયું.

સી. સી. નાટકના દોર પર બૅલન્સ જાળવતા ચાલતા રહ્યા છે. નાટક લખવા માટે તેમને નાટક જીવવું પડયું છે. તેમની કારકિર્દીનું જ્વલંત નાટક 'આગગાડી' લખવા માટે, કહેવાય છે કે, તેમણે રેલવેનો ડબ્બો ભાડે રાખેલો; અને 'નાગા બાવા' નાટક લખવા અગાઉ મુંબાઈની ચોપાટી પર અન્ય ભિખારીઓની વચ્ચે લગભગ અઠવાડિયું તે ભીખ માગવા ઊભા રહેલા. (આપણે ઈચ્છીએ કે 'પાગલ' પરનું નાટક સી. સી. નહિ લખે.)

સી. સી.એ માત્ર નાટકો જ કર્યાં છે એવું નથી. તે નાટક નો'તા લખતા-ખેલતા ત્યારે તેમણે પિતાની ઍન્યુઈટીના પૈસાનો સટ્ટો ખેલેલો. એમાં દેવાળું ફૂંકીને સટ્ટો છોડયો પછી સટ્ટાનું સ્થાન સાહિત્યે લીધું. (બકરાના ગળા પરના આંચળ જેવી ટાઈ કાયમ તે ગળામાં બાંધે છે તે જોઇને મારા એક મિત્રે ટકોર કરેલી કે સાહિત્યથી કંટાળીને તેમને આત્મહત્યા કરવાનું મન થાય તો ટાઈ ગળાવગી હોય તો ઠીક રહે એ માટે ગળામાં હમેશાં બાંધી રાખે છે. ફૅશનની ફૅશન ને હથિયારનું હથિયાર!) અને સાહિત્યમાં 'ગઠરિયાં' શ્રેણીનાં પ્રવાસ વર્ણનોમાં તે બરાબરના ખીલ્યા. જ્યોતિષીઓએ તેમનો હાથ નહિ, પગ જોઇને કહ્યું હશે કે તમારો એક પગ ભારતમાં ને બીજો ભારત બહાર રહેશે. તેમનાં પ્રવાસવર્ણનો પર હું ફિદા છું—ઘણા બધા છે.

પણ તેમનાં લખાણોના ખરાપણા માટે ઘણા લોકોને શંકા થયા કરે છે. કોઇકે તેમની 'ગઠરિયાં'ને નવલકથા સાથે સરખાવી છે; પણ એ લોકોની નજરે એમાં ફરક એટલો છે કે નવલકથામાં પાત્રો કાલ્પનિક હોય છે. વાત મહદ્ અંશે સાચી હોય છે; જ્યારે અહીં બેડા, બર્ગમેન, મૉરિસ શેવાલિયે, રૅક્સ હેરિસન વગેરે પાત્રો સાચાં છે, બાકી કલ્પના છે. એક બુઝર્ગે તો મને એવું કહેલું કે અંગૂઠામાંથી રાવણ ચીતરવાની કળામાં સી. સી. પાવરધા છે. કોઇકે તો વળી એથી ય આગળ જઇને

આયુર્વેદ વડે સામાન્ય રોગોપચાર-૯૨

ચક્કર

સંસ્કૃતમાં જેને 'ભ્રમ' અને અંગ્રેજીમાં 'વર્ટિગો' કહે છે એ રોગસ્થિતિને લોકભાષામાં 'ફેર આવવા' કે 'ચક્કર આવવા' કહે છે.

મોટે ભાગે તો અનેક રોગના એક લક્ષણ તરીકે આ અશક્તિને કારણે ચક્કર આવતાં જોવા મળે છે. પરંતુ કોઈ રોગ વગર પણ ચક્કર આવે તો તે એક સ્વતંત્ર રોગ ભ્રમ ગણાય છે.

લક્ષણો : પોતાની આસપાસનું બધું ગોળગોળ ફરતું લાગે, ચાલતાં કે ઊભા થતાં ફેર ચડે યા પડી જવા જેવું લાગે, આંખે અંધારાં આવે કે રાતાપીળા રંગ દેખાય અને રોગીએ તુરત આંખ બંધ કરીને બેસી જવું પડે, જીવ ડહોળાયા કરે અને અશક્તિ લાગે એ બધાં ચક્કરનાં લક્ષણો છે.

ઉપચાર : ૧) રોગીએ આરામ કરવો. માફક આવે તે રીતે બેસવું ઊઠવું કે સૂવું. ૨) જો કૃશ વ્યક્તિને ચક્કર આવે તો તેને પોષણ આપવું અને જો સ્થૂલ વ્યક્તિને ચક્કર આવતાં હોય તો તેની સ્થૂળતા ઓછી કરવાના ઉપચારો કરવા. ૩) રોજ સવારે નરણે કોઠે કાળાં મરીનો એક આખો દાણો પાણી સાથે ગળી જવો. ૪) ધમાસા (યવાસવ)નો ઉકાળો પીવો. ૫) સૂતશેખર, આમલકી રસાયન, ધાત્રી રસાયન, કામદુધા રસ, લઘુ વસંતમાલતી વગેરે ઔષધોનું સેવન પણ કરી શકાય. અગ્નિતુંડી વટી, વિષતિંદુક વટી કે રસોનાદિ વટી પણ આપી શકાય. ૬) પાચન તંત્રની ગરબડ અને કબજિયાતને કારણે જો ચક્કર આવતા હોય તો પેટ સાફ લાવવું અને અગ્નિ તેજ કરવો.

વૈદ્ય નવીનભાઈ ઓઝા

એક દંતકથા તેમને નામે ચલાવેલી કે વર્ષો અગાઉ તેમણે એસ. આર. ભટ્ટને પૂછ્યું : 'જ્યાં સાર્ત્રે જીવે છે કે મરી ગયો ?'

'કેમ ?' એસ. આરે. પૂછ્યું.

'મેં તેનો ઈન્ટરવ્યૂ લખી નાખ્યો છે.' 'એ હજી જીવે છે.'

'તો તો વાંધો નહિ…' ચં. ચી.એ શ્વાસ હેઠો મૂકતાં કહ્યું.

એક વાર આ બાબત મેં ભોળા થઈને તેમને પૂછ્યું. 'લોકો એવું કહે છે કે સી. સી.નાં પ્રવાસવર્ણનોમાં ગપ્પાં બહુ આવે છે. એંશી ટકા બાદ કરીને જ વાંચવાનું. એ લોકો આવું કેમ બોલતા હશે ?' મારો સવાલ સાંભળીને મારી સામે તે થોડીક પળો તાકી રહ્યા. પછી તાડૂકતા અવાજે બોલ્યા : 'બસ, બધા એ જ પૂછ્યા કરો છો ! બર્ગમેનને મળ્યો છું ? લોડાને મળ્યો છું ? મારે એ બધાની સાબિતી આપવાની છે ? ડોન્ટ રીડ ઈટ. 'સીધાં ચઢાણ'માં કેટલાં ગપ્પાં આવે છે ! કોઈ મુનશીને પૂછવા ગયું. મારી મથરાવટી મેલી એટલે બધા મને પૂછો છો. મેં દુનિયા વધારે જોઈ એ મારી કમનસીબી. બીજું શું ? સાચું શું ને ખોટું શું એની ખાતરી આપવા માટે તમને ત્યાં મોકલવા ?… તમારા લોકોનું અજ્ઞાન દૂર કરવાનો ઝભ્ભો ઈશ્વરે મને નથી પહેરાવ્યો, સમજ્યા ?'

ચં. ચી.ની વાતો કદાચ કોઈને ખોટી લાગશે. પણ તેમનું ગદ્ય સાચું છે એ વાતનો ઈન્કાર કોઈ કરી શકે તેમ નથી. મને તો આ માણસની બોલ્ડનેસ ગમી ગઈ છે. સાચા-ખોટા પ્રેમની ય વાત લખવા જેટલી હિંમત આ કક્ષાના અન્ય કોઈ સાહિત્યકારમાં છે ખરી ? તેમનું નિર્દંભપણું મારા આકર્ષણનો વિષય છે. મારા મતે તે પ્રોફેશનલ ગાઈડ છે. વાતને વધુ રળિયામણી બનાવવા ક્યારેક કલ્પનાના રંગોનો આશરો લે તો એમાં ખોટું ય શું છે ? કોઈ ઠેકાણે પોતે 'હીરો' બની જાય તો બની જાય. એમ તો અમદાવાદ રેડિયોને પચ્ચીસ વર્ષ પૂરાં થયાં ત્યારે, અમદાવાદને રેડિયો સ્ટેશન મળવું જોઈએ એવી સૌપ્રથમ માગણી પોતે જ મૂકેલી એવો સૂર કાઢતો વાર્તાલાપ તેમણે અમદાવાદ રેડિયો પરથી આપેલો. એ ઝુંબેશમાં જોડાએલા બીજાઓનાં નામ ઓછાં કરી સમગ્ર યશના ભોગી થવા તેમણે પ્રયાસ કર્યો છે એવાં ચર્ચાપત્રો કેટલાક લોકોએ રેડિયોને લખેલાં.

પણ આવા પત્રોને તે ગંભીર ગણે ય નહિ. હસી નાખે. તેમને હસતાં આવડે છે. તેમનામાં રહેલી હાસ્યવૃત્તિ ક્યારેક કરુણ પળોમાં ય ડોકાયા વગર ના રહે. તેમની માતાનું અવસાન થયું. સી. સી. ને બીજા સગાસ્નેહીઓ નનામી બાંધતા'તા. તેમના કોઈ મિત્રને ખબર પડી કે સી. સી.નાં માતા ગુજરી ગયાં એટલે એણે તેમની પાસે આવતાં ગળગળા સાદે પૂછ્યું : 'બા ગયાં ?' 'તો શું આ રીહર્સલ કરી રહ્યો છું ?' સી.સી.થી બોલ્યા વગર ના રહેવાયું.

તેમના મિત્ર જ્યોતીન્દ્ર દવે દૂબળા કેમ છે એ માટેનું સાચું કારણ સી. સી.એ આવું આપેલું : 'હું જ્યોતીન્દ્ર કરતાં છ મહિને મોટો. ગયે ત્યારે તેણે મને ઊંચકવો પડશે એની ચિંતામાં ને ચિંતામાં તેનું શરીર વળતું જ નથી.'

સી.સી. માટે કોઈ નવી વાત લખવી અઘરી પડે, કેમ કે તેમના વિષેની લગભગ બધી જ વાતો પ્રચલિત છે. એ પોતે જ, 'આ તો તમને એકલાને જ કહું છું.' એમ કહીને ઘણા બધાને એ જ વાત કહેતા હોય છે. એક સાક્ષરની પુત્રી સાથે તેમને પ્રેમ હતો પણ તે સ્ત્રી સાથે પરણી શકાયું નહિ. આ વાત મને જુદા જુદા લગભગ પોણો ડઝન જણાએ, તેમને સી. સી એ ખાનગીમાં કહેલી એમ કહીને મને ખાનગીમાં કહી છે. (જે બીજા કોઈને નહિ કહેવાની શરતે તમને અહીં કહું છું.)

પોતાના વિષે જે કહેવાનું તે ભૂલી ગયા છે એ તેમના દોસ્તદારોએ યાદ રાખીને કહ્યું છે—લખ્યું છે. તેમની તત્કાળ બુદ્ધિનો એક પ્રસંગ જ્યોતીન્દ્ર દવેએ નોંધ્યો છે. સૂરતમાં સાહિત્ય મંડળનો કોઈ સમારંભ હતો. એ સમારંભનું પ્રમુખસ્થાન લેવા મંત્રીઓમાંના એક મંત્રીએ જ્યોતીન્દ્રને આમંત્રણ આપ્યું. જેનો તેમણે સ્વીકાર પણ કરી લીધો. સમારંભ શરૂ થવામાં હતો ને ત્યાં જ સભાખંડમાં ચન્દ્રવદન ડોકાયા. બંને મંત્રીઓએ અલગ અલગ જ્યોતીન્દ્ર તથા ચન્દ્રવદનને પ્રમુખપદ માટેના પત્ર લખી નાખેલા ! હવે ? !… આમ તો ચન્દ્રવદન સ્વભાવે ભારે રિસાળ. તે રિસાય ત્યારે સિત્તોતેર વર્ષનાને બદલે સાત વર્ષ ને સાત માસના બાળક જેવા બની જાય છે. પાછું એ પણ ખરુ કે તેમને રિસાવા માટે કારણની ય જરૂર ના પડે. રિસાવાનું કારણ કોઈ ના આપે તો કારણ કેમ નથી આપતો ?–એવું વિચારીને ય રૂસણાં લઈ લે. પણ અહીં રિસાવાની આવી અમૂલ્ય તકનો ભોગ આપીને જ્યોતીન્દ્રને તેમણે કહ્યું : 'આપણે બન્ને પ્રમુખ બનીએ ને મંડળના બન્ને મંત્રીઓનું માન રાખીએ.'

'પણ એ કેવી રીતે બનશે ?' દવેજીએ પૂછ્યું.

'બનશે, બનશે.' ચં. ચી.એ ઠંડા કલેજે કહ્યું. બંને પ્રમુખોએ પ્રમુખસ્થાન શોભાવ્યું. ચં. ચી.એ ઊભા થઈને પ્રવચનની શરૂઆત કરી : 'તમારી મંત્રી બેલડીએ અમને બન્નેને પ્રમુખપદ માટેનું આમંત્રણ પાઠવ્યું છે એટલે અમે બન્ને પ્રમુખ તરીકેની ફરજ બજાવીશું.' અને બન્નેએ નક્કી કર્યા પ્રમાણે એક વાક્ય ચન્દ્રવદન બોલે, બીજું જ્યોતીન્દ્ર બોલે ! પછી એક એક વાક્ય પરથી અર્ધા-અર્ધા વાક્ય પર આવી ગયા ! પૂર્વાર્ધ સી. સી. બોલે તો ઉત્તરાર્ધ દવે પૂરો કરે. એમ આગળ જતાં શબ્દ ને છેવટે અક્ષર પર આવી ગયા. આ રીતે લગભગ ચાળીસ મિનિટ સુધી બન્નેએ ગાડું ગબડાવીને પ્રેક્ષકોને ન્યાલ કરી નાખેલા.

ઘણા લોકો ચં. ચી. પાસે જતાં ડરે છે. તેમના તોછડા વર્તનને કારણે

લોકો તેમનાથી દૂર રહેવા પ્રયત્ન કરે છે. પણ તેમનાથી દૂર જવાને બદલે તેમની સામે જઇને, આંખમાં આંખ પરોવીને ઊભા રહેવું. કારણ કે ચન્દ્રવદન મ્હોરાના માણસ છે. તેમનું એ મ્હોરું ચીરશો તો જ અંદરથી સાચા ચન્દ્રવદન બહાર આવશે જે ઘણા સ્નેહાળ ને માણસભૂખ્યા છે. માનવ પ્રેમ માટે તે હમેશાં વલખતા રહ્યા છે. તે સારી રસોઈ બનાવી શકે છે. તેમને ત્યાં જમવાનું લેખિત આમંત્રણ પણ મને આપ્યું છે: 'છેલ્લાં ત્રીસ વર્ષથી પાકશાસ્ત્રની મદદ લીધા વગર હું કેવું પકાવું છું. એ જમવા તો આવો ક્યારેક !'

આમ જોવા જઇએ તો ક્યારેક એવું પણ લાગે કે તે સાવ એકલા-અટૂલા છે, હારેલા થાકેલા છે. એક વાર મને તેમની આ પ્રકારની વ્યગ્રતાનાં દર્શન થએલાં. સાહિત્ય પરિષદના પ્રમુખપદ માટેની ચૂંટણીમાં તે ઉમાશંકર સામે હારી ગયા એ વિષે મેં તેમને પૂછેલું: 'ઉમાશંકર સામે હારી ગયા ત્યારે તમે શું 'ફીલ' કરેલું ?'

'ફીલ' તો શું કરે ?' તે બોલેલા : 'આપણે તો કાયમ હારતા જ આવ્યા છીએને.'

જીવનમાં આવેલ હતાશાને કારણે તેમનામાં થોડુંક 'ફ્રસ્ટ્રેશન' પણ આવી ગયું છે. મને ય એક વાર તેમણે કહેલું : 'સાહિત્યના વાડામાં મને કોઈ પેસવા દેતું નથી.' તે એવું માને છે કે તેમની જોઇએ એટલી કદર ગુજરાતી સાહિત્યે કરી નથી. નર્મદ સુવર્ણચન્દ્રક, રણજિતરામ સુવર્ણચન્દ્રક, પદ્મશ્રીનો ખિતાબ વગેરે તેમને મળી ચૂક્યાં છે. આઈ. એન. ટી. જેવી માતબર સંસ્થાને હાથે તે અમૃત મહોત્સવ પામ્યા છે; ને બાકી રહી જતું'તું તે ગયે વર્ષે સાહિત્ય પરિષદના પ્રમુખ તરીકે પણ તેમને સ્થાપવામાં આવ્યા છે. છતાં આ બધું તેમને ઓછું પડે છે. તેમને એકલાને નહિ, ઘણા લેખકોને ઓછું પડ્યું છે.

તેમના વજન જેટલાં નહિ કહીએ પણ તેમની ઉમર જેટલાં પુસ્તકો તો તેમણે લખ્યાં છે. આખી જિંદગી તેમણે ગઠરિયાંની ગાંઠ ઉઘાડ બંધ કરવામાં વીતાવી છે. પણ પોતે લખેલ પુસ્તકો બહુ ઓછાને તે ભેટ આપે છે. 'બજારમાં મળે છે, ખરીદી લો.' એવું બેધડક કહી દેતાં તે ખચકાતા નથી. કશું ફોકટ કોઇને આપતા ય નથી કે લેતા પણ નથી. કોઈ સંસ્થા તેમની પરવાનગી માગ્યા વગર તેમનું નાટક ભજવી નાખે કે પ્રકાશક તેમને પૂછ્યા વગર પુસ્તક છાપી નાખે તો નોટીસ ફટકારતાં ય તે વિચાર ના કરે ને પછી પ્રકાશક રૂબરૂ આવી રોદણાં રડે ત્યારે કહી દે: 'જા સાલ્લા, કમાઈ ખા ! તું શું કામ બાકી રહી જાય !' (તે એવું દૃઢપણે માને છે કે પ્રકાશકો તેમના પુસ્તક પર જ ગાડીઓ ફેરવતા થયા છે. પ્રકાશકોની ગાડીઓમાંથી નીકળતા પેટ્રોલના ધુમાડામાંથી તેમને 'ગઠરિયાં'ની વાસ આવે છે.) એક વાર જે હોટેલમાં તે ઊતરેલા તેના ધોબીએ તેમનો લેંઘો ખોઈ નાખ્યો. આવી 'લેથાર્જી' સી. સી. ચલાવી લે ? તેમણે ધોબી પાસેથી લેંઘાના પૈસા વસૂલ કર્યા ને હોટેલના નોકરોની વચ્ચે એ વહેંચી નાખ્યા... શિસ્તના તે હઠાગ્રહી છે.

અને સમયપાલનના પણ. (માત્ર એક જ વાર તે સમયપાલન કરવાનું ચૂકી ગએલા. તે ૧૯૦૧ની છઠ્ઠી એપ્રિલે જન્મેલા—પાંચ દિવસ મોડા પડેલા) કેટલાક કહે છે કે સી. સી. અલગારી છે. મારી દૃષ્ટિએ નથી. અલગારી માણસ પોતાની જાતને ઘડિયાળના બે કાંટાની વચ્ચે બંધાવા દેતો નથી. સમયની ડોકને મરડી નાખે છે. જ્યારે સમયની બાબતમાં સી. સી. અતિ ચુસ્ત છે. સિત્તોતેર વર્ષની ઉમરે સત્તાવીસના નવયુવાન જેવી સ્ફૂર્તિ તે ધરાવે છે એનું કારણ આ જ હશે. તે સમયને સાચવે છે ને સમય તેમને સાચવે છે. તમને તે લખે કે અમુક તારીખે સાંજના ચારથી સવા ચાર ગોવાલિયા ટેંક બસ-સ્ટૉપ, એટલે એનો અર્થ એ થાય કે આ સમયે ગોવાલિયા ટેંકના બસ-સ્ટૉપ પર તો તમારી રાહ જોશે. વાવા-

લઘુકથા

વાસુદેવનો પ્યાલો

ઈજ્જતકુમાર આર. ત્રિવેદી

ફરી એક વાર માસ્તર શાન્તિલાલની અભિલાષા અધૂરી રહી. અસલ રેશમનો ઝભ્ભો પહેરીને પત્નીની સાથે પોતાના કોઈ જન્મ દિવસે પિક્ચર જોવું એ માસ્તરની એકમાત્ર અભિલાષા પૂરી કરવામાં ૫૬ વર્ષ તો ખર્ચાઈ ચૂક્યાં હતાં.

માસ્તરની ફિલસૂફી જ એવી હતી કે સમયની સાથે તેનો મેળ ખાતો નહિ. પગાર સિવાયનો એક પૈસો પણ ન લે. પરીક્ષામાં ભલભલા ચમરબંધીને માર્ક વધારી આપવાની ના પાડી દે. માસ્તર માનતા કે સરસ્વતીની છબી લક્ષ્મીની છબી કરતાં ઘણી ઊંચે ટીંગાએલી છે. પોતાની ઊંચાઈ વધાર્યા સિવાય ત્યાં ગમે તેમ ન પહોંચી શકાય. માસ્તરની આવી ફિલસૂફીના કારણે જ ખડખડપાંચમ સાઈકલ, કયાંક ફાટેલું ધોતિયું અને ખાદીનો બરછટ ઝભ્ભો તેનાં આજીવન સાથી રહેલાં.

અંતે છેક ૫૭ વર્ષે પેલી અભિલાષા પૂરી કરવાની તક માસ્તરને અચાનક સાંપડી. પગારમાં રહી ગએલી ભૂલ ઑડિટમાં સુધરીને આવી અને માસ્તરને ઍરીઅર્સના રૂ. ૨૦૦ એકસામટા મળ્યા. જન્મદિવસ પણ નજીક આવતો હતો.

ઝભ્ભાનું કાપડ ખરીદવા જવા નીકળતા શાન્તિલાલને ઘેર ત્યાં તો સુગમ આવી ચડયો. 'કાં ભાઈ! તને તો મેડિકલમાં ઍડમિશન મળી ગયું હતું ને ? તું હજુ ગયો નથી ?' શાન્તિલાલે પ્રેમથી પૂછ્યું.

'સર! તમે કહેતા હતા ને કે મને ઍડમિશન મળી જશે તો તમે કોઈની પાસેથી મદદ અપાવશો. સાહેબ! તમારા સિવાય મારું કોણ...' સુગમને ડૂમો ભરાઈ આવ્યો.

'અરે હા, એ તો હું ભૂલી જ ગયો હતો. એક વિદ્યોત્તેજક ફંડમાંથી તને મદદ કરવા મેં ૨૦૦ રૂપિયા મેળવ્યા જ છે.' અચાનક યાદ આવ્યું હોય તેમ શાન્તિલાલ બોલ્યા અને પછી સુગમના હાથમાં નોટો મૂકીને તેની પીઠ થાબડવા લાગ્યા......

ચાર પાંચ દિવસ પછી સુગમે જ્યારે અમદાવાદના પાદરે પગ મૂકયો ત્યારે શાન્તિલાલ માસ્તરનો જન્મદિવસ ચાલ્યો ગયો હતો. □

ઝોડાને કારણે કદાચ એ બસ-સ્ટૉપ ત્યાંથી ઊખડી ગયું હશે; પણ સી. સી. તો ઊખડયા વગરના, અડીખમ ઊભા હોવાના. તમે તેમની પાસે સમયસર પહોંચી જશો તો રાજી થઈને મોજથી વાત કરશે. પણ સમયને તમે ક્યાંક આઘોપાછો કર્યો તો આવી જ બન્યું જાણજો. સી. સી. તમારી ખબર લઈ નાખશે. કોઈ એક સભામાં તે પ્રમુખ હતા ને મધુ રાય વક્તા હતો. મધુ સભામાં મોડો પહોંચ્યો એટલે સી. સી.એ તેને જાહેરમાં સજા કરી: ભાષણ આપવા ના દીધું! કોઈ અતિથિવિશેષ કે પ્રમુખ પણ સમયસર સભામાં ના પધારે તો સી. સી. તેમની ગેરહાજરીમાં ય કાર્યક્રમ તો સમયસર શરૂ કરી જ દે. પછી તે ગમે તેટલી મોટી વ્યક્તિ હોય—પરવા ના કરે.

પાછા ઍપૉઈન્ટમેન્ટ વગર મળે નહિ. વચ્ચે વિનોદ જાની વડોદરા તેમની હૉસ્ટેલ પર મળવા ગયો. મળવાની જાણ અગાઉથી જાનીએ કરેલી નહિ. તેણે કૉલબેલનું બટન દબાવ્યા કર્યું; પણ સી. સી. ઉઘાડે તો ને ? અરધો કલાક સુધી બારણું ખોલાવવામાં નિષ્ફળ જઇને જાની પાછો ફર્યો. આ લખનારને એવું લાગે છે કે સી. સી. ખુદ પોતાને ય ઍપૉઈન્ટમેટ વગર નહિ મળતા હોય. પચ્ચીસ, પચાસ કે સો વર્ષ પછી ખુદ યમરાજા પણ ઍપૉઈન્ટમેન્ટ લીધા વગર આવીને બારણે ટકોરા મારશે તો પણ સી. સી. બારણું નહિ ખોલે.' □

કલાવાર્તા

જનક ત્રિવેદી

યાતનાઓની રેખાથી અંકિત એમનો ચહેરો જોઈને એમને કોઈ ભાગ્યે :જ કલાકાર સમજે,




પણ લેખનની સાથોસાથ એમની આંગળીઓ ચિત્રસર્જનમાં પણ પારંગત બનેલી છે.

રાજકોટ જિલ્લાના જસદણ તાલુકાના એક બહુ નાના ગામડાના એક અકિંચન કર્મકાંડી બ્રાહ્મણ પિતાનો એ પુત્ર અવારનવાર નજરે ચડતાં ધાર્મિક સામયિકોમાંનાં રંગીન ચિત્રો જોઈને એને સ્લેટમાં ચીતરતો. ઘરની આર્થિક સ્થિતિને લીધે નોટ કે ચોપડીનાં કોરાં પાનાં એ એની ચિત્રપોથી, અને વાંસની સળી પર રૂ બાંધીને બનાવેલી પીંછી તથા કાપડ રંગવાના રંગો એ એની અભિવ્યક્તિનાં સાધનો હતાં.

ગામડાનું શિક્ષણ પૂરું થતાં જૂનાગઢમાં મોટા ભાઈ સાથે રહીને ભણવાનું થયું. ભાઈએ એની અભિરુચિ પારખી અને તેના વિકાસમાં શક્ય તે સહાય કરવા માંડી. બાર વર્ષની વયે 'ધર્મયુગ'ના બાળવિભાગમાં એનાં ત્રણ ચિત્રો છપાયાં. 'ઈલસ્ટ્રેટેડ વીકલી'ની ચિત્રસ્પર્ધામાં છ વખત પ્રથમ ઈનામો મેળવ્યાં. એ અરસામાં કલાનો અભ્યાસ કરતા વૃંદાવન સોલંકીનો પણ ત્યાં પરિચય થયો ને નવી દિશાઓ લાધી. જોકે મુંબાઈની કલાશાળામાં અભ્યાસ કરવા જવાનાં સ્વપ્નો તો અધૂરાં જ રહ્યાં, પણ કૌટુંબિક સ્થિતિને કારણે રેલવે ખાતામાં સ્વીકારી લેવી પડેલી નોકરીની વચ્ચે યે એની કલાઝંખના તો જલતી જ રહી. છતાં એની પરિતૃપ્તિના અભાવે એક વાર નિરાશાના આવેશમાં એણે પોતાનાં બધાં જ ચિત્રો-સ્કેચો વગેરે ફાડીને ફેંકી પણ દીધેલાં !


પણ પછી પાનેલીમાં વસવાનું થતાં એનું હૃદય જે ઝંખતું હતું તે મળી ગયું : ચિત્રકાર મિત્રો, ચિત્રો અને ચિત્રમય સામયિકોથી ભરેલાં કબાટોવાળો મિત્રનો એક સ્ટૂડિયો તથા મિત્રોની લાગણીઓ ! મુરઝાઈ ગયેલી કલાભાવના ફરી પાંગરી અને ચિત્રોનો ફાલ ઊતરવા લાગ્યો. ચિત્રનાં વિધવિધ માધ્યમોમાં એમની કલમ ફૂટવા લાગી. 'ચિત્રો સર્વગ્રાહી, સુગમ અને કંઈક કહેતાં, લાગણીઓની અભિવ્યક્તિવાળાં હોવાં જોઈએ. પશ્ચિમના આધુનિક કલાકારોનું આંધળું અનુકરણ કરીને પોતાની મૌલિકતા ગુમાવવાને બદલે પોતાનું સ્વત્વ પ્રકટ કરે તે રીતે ચિત્રસર્જન કરવામાં' તેઓ માને છે. આ રીતે કરેલી એકાકી ચિત્રસાધનામાં એમણે જે પ્રગતિ કરી છે તેનો અણસાર આ સાથે આપેલી કેટલીક કૃતિઓ દ્વારા મળી રહે છે. લેખન ઉપરાંત ચિત્રાલેખનને પણ પોતાની અભિવ્યક્તિનું માધ્યમ બનાવવાના એમના પુરુષાર્થનું આ ફળ છે. □












જનક ત્રિવેદીની ચિત્રકૃતિઓ (ઉપરથી નીચે અનુક્રમે) મસ્તી, નીરવ શાંતિ, વર્ષાભીની, એક મિત્રનો સ્કેચ અને મેઘલી રાત. ચિત્રશૈલી અને રંગ માધ્યમના વિવિધ પ્રયોગ.

જગદીશ જે. ચાવડા

ફ્લૉરિડા ટેક્નૉલૉજિકલ યુનિવર્સિટીની કૉલેજ ઑાવ હ્યુમૅનિટી ઍન્ડ ફાઈન આર્ટના કલાવિભાગમાં સહાયક પ્રોફેસર તરીકે કામ કરતા જગદીશ જે. ચાવડાએ ગ્રાફિક ડિઝાઈન, સિનેમેટોગ્રાફી, ફોટોગ્રાફી, લેખન વગેરે ક્ષેત્રમાં પોતાની પ્રતિભાના બળે સારી ખ્યાતિ પ્રાપ્ત કરેલી છે. આ દરેક વિષયનું એમનું કામ દારે સલામ, મિશિગન, ફ્લૉરિડા, ઇંગ્લૅન્ડ, દ. આફ્રિકા, સ્કૉટલૅન્ડ વગેરે અનેક સ્થળે અનેક





જગદીશ ચાવડાના સંજ્ઞાત્મક આલેખન અને લખનના કેટલાક નમૂના—મથાળે: Bajamar નામક એક પુસ્તક માટેના નામાક્ષરો. બહામાના ટાપુનો વિષય હોઈ એમાં એમણે a અક્ષરને સઢવાળી હોડીનું રૂપ આપ્યું છે. ડાબી બાજુ: 'ફ્લૉરિડા નૅચરાલિસ્ટ' નામના એક માસિક પત્રમાં પ્રકટ થએલા 'મગર' વિષેના એક લેખ માટે કરેલું ઈલસ્ટ્રેશન. તેમાં ઉપર વિચિમાલા જેવી વળાંકદાર સમાંતર રેખાઓ વડે પાણીનું સૂચન કરીને તેની નીચે (એટલે કે પાણીની અંદર ઊંડે) મગરના 'હાઈ કૉન્ટ્રાસ્ટ'વાળા ફોટોગ્રાફનો સુંદર પ્રયોગ કર્યો છે. એમાંનો વધુકો કાળો ભાગ પાણીના ઊંડાણને પણ સૂચવે છે. જમણી બાજુ: 'Peso' નામની એક સંસ્થાના વાર્ષિક કાર્નિવલ માટેની શોભનાત્મક સંજ્ઞા. મોરપિચ્છ જેવી આ સંજ્ઞામાં સંસ્થાના 'સિમ્બૉલ'ને યોગ્ય સ્થાને સમાવી લેવાની ચાતુરી છે. નીચે: ફ્લૉરિડા ટેક્નૉ. યુનિ.ના વિદ્યાર્થી મંડળની વિવિધ પ્રવૃત્તિની કાર્યસૂચન સાથેની ધ્યાન સંજ્ઞાઓ.





વાર પ્રદર્શનોમાં પણ રજૂઆત પામેલું છે. વળી, ૧૯૬૫થી '૭૭ દરમિયાન એમણે છએક જેટલાં નિજી પ્રદર્શનો પણ વિવિધ દેશોમાં યોજ્યાં છે. કીન્યા, ફ્લૉરિડા, વૉશિંગ્ટન ડી. સી., મિશિગન, પૉલૅન્ડ ને ભારતમાં એમની કૃતિઓ સંઘરાઈ પણ છે. અહીં એમની ગ્રાફિક કળાના કેટલાક નમૂના આપ્યા છે. જેના પરથી આ પ્રકારમાં અતિ જરૂરી એવી કામની ચોકસાઈ ને એમની કલાચાતુરીનો કંઈક ખયાલ મળે છે.



△ જગદીશ જે. ચાવડા. અને Ozair Esmail નામના પ્રથમાક્ષરની સરળ સાદી ને સચોટ રજૂઆતવાળી રચના.

ટિકિટ-સંગ્રહ



ગઈ જન્માષ્ટમી ૨૫મી ઑગસ્ટે બહાર પડેલી આ ખાસ ટિકિટ લાલ ભોંય પર અર્જુનને ગીતાબોધ આપતા શ્રીકૃષ્ણના સોનેરી આલેખનવાળી સુંદર ટિકિટ. બાજુની ચાર ટિકિટો અમેરિકાનાં પ્રચલિત નૃત્યો—બાલે, થીએટર નૃત્ય, લોકનૃત્ય અને આધુનિક નૃત્યને ચિત્રિત કરતી સંલગ્ન ટિકિટો. (પ્રે. બિનિવાલે)



સાહિત્યસંપર્ક

અંગ્રેજી-ગુજરાતી વિનીત કોશ

સ્વભાષા કે પરભાષાના જ્ઞાનવિકાસ માટે વિદ્યાર્થીઓમાં શબ્દકોશ વાપરવાની ટેવ કેળવવાની ખાસ જરૂર છે. અંગ્રેજી શાસન ગયા પછી યે હજી આપણા રોજિંદા વ્યવહારમાં ને અભ્યાસના ક્ષેત્રમાં અંગ્રેજી ભાષાનું ઘણું જ મહત્ત્વ રહ્યું હોઈ એ ભાષાનું જ્ઞાન અનિવાર્ય છે, અને એ માટે જે કંઈ વ્યવસ્થા વિચારાય તેમાં સારી જાતના કોશો એ એક અગત્યનું સાધન છે. આવા કોશની ખોટ પૂરી કરવાના એક પ્રયાસ રૂપે ઈ. ૧૯૭૦માં સરદાર પટેલ યુનિવર્સિટીએ મધ્યમ કદનો એક 'અંગ્રેજી-ગુજરાતી કોશ' પ્રકટ કરેલો અને એને ઘણો સારો આવકાર પણ મળેલો. શ્રી પાંડુરંગ ગણેશ દેશપાંડેએ એનું સંપાદન કરેલું. પણ એ પછી યે માધ્યમિક કક્ષાના વિદ્યાર્થીઓને (તથા અન્ય રસિયાઓને) અંગ્રેજી પુસ્તકોના સ્વવાચન માટે શાળેય કક્ષાના એક નાના કોશની જરૂર જણાતી હતી. શ્રી દેશપાંડેએ તૈયાર કરેલા 'અંગ્રેજી-ગુજરાતી વિનીત કોશ'નું પ્રકાશન એ ખોટ પૂરી કરવાનો એક આવકાર્ય પ્રયાસ છે.

શ્રી દેશપાંડેના અગાઉના 'અંગ્રેજી-ગુજરાતી કોશ'નો આ કેવળ સંક્ષેપ નથી, પણ તેની યોજના સ્વતંત્રપણે વિચારાએલી છે. બેઝિક ઇંગ્લિશના ૮૫૦ શબ્દો, 'ધ ન્યૂ મેથડ ઇંગ્લિશ ડિક્શનરી'ના કર્તા માઈકલ વેસ્ટે એ કોશના શબ્દોની વ્યાખ્યાઓ અને અર્થો આપવા માટે આશરે જે બે હજાર શબ્દો વાપર્યા છે તે બધા શબ્દો, અગાઉ મુંબાઈ સરકારે નવમા ધોરણ સુધીના વિદ્યાર્થીઓ માટે આશરે જે બે હજાર શબ્દોની યાદી તૈયાર કરી હતી તે શબ્દો તથા Henry Chellew રચિત 'ધ ચિલ્ડ્રન્સ ડિક્શનરી'માં આપેલા છ હજાર શબ્દો સાથે આ કોશમાં રૂઢિપ્રયોગો સહિત લગભગ વીસ હજાર શબ્દોનો સમાવેશ કરેલો છે. આ ઉપરાંત, અંગ્રેજીમાં વપરાતા કેટલાક સામાન્ય સંક્ષેપો, સંકેત ચિહ્નો, માપતોલનાં કોષ્ટકો, રોમન આંકડા અને સંખ્યાલેખન, સેન્ટિગ્રેડ અને ફારનહાઈટ અંશમાપનો તફાવત તથા અંગ્રેજીના અનિયમિત ક્રિયાપદોનાં પરિશિષ્ટો; અંગ્રેજી શબ્દોના ઉચ્ચારો અંગે જાળવેલી ચીવટ અને સુવ્યવસ્થિત આયોજનના કારણે આનવો વિનીત કોશ ખરેખર ઉપયોગી હોઈ વસાવી લેવા જેવો છે.

પ્રકાશક: ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ-૯. પૃ. ૪૬૬, પાકું પૂઠું, કિં. ૧૨ રૂપિયા. —બિ.

શબ્દકથા: ચંદરવો · ચાંદની

મંડપ કે છત પર બંધાતા ચંદરવા માટે સંસ્કૃતમાં જૂનો શબ્દ वितान છે. કાલિદાસના 'વિક્રમોર્વશીય' નાટકમાં વર્ષાઋતુમાં વનમાં ભમતો પુરુરવા કહે છે કે સિંહાસન ઉપરના સોનેરી ભરતવાળા વિતાનને સ્થાને અહીં વિદ્યુત-રેખાએ ઝળહળતું વાદળું એ મારું વિતાન છે. ('विद्युल्लेखा-कनक-रुचिरं श्रीवितानं ममाभ्रं'). તો 'માલતીમાધવ'માં ભવભૂતિએ શિખરોરૂપી પ્રેક્ષકગણ સમક્ષ મેઘોના વિતાન નીચે નાચતા મયૂર-નર્તકોનું ચિત્ર દોર્યું છે. (मेघैर्विता नाच्यते)

એ પછી वितानને બદલે उल्लोच શબ્દ ચંદરવા માટે પ્રચલિત બન્યો— વિશેષે પ્રાકૃત અને અપભ્રંશમાં उल्लोव એવા રૂપે. પ્રાકૃત કથા 'લીલાવતી'માં વિવાહમંડપના વર્ણનમાં જેમાં મોતીની સેરો લટકાવેલી હતી તેવો, દેવતાઈ વસ્ત્રનો उल्लोच બાંધેલો હોવાનો નિર્દેશ છે.

આ वितान કે उल्लोच શબ્દ અર્વાચીન ભાષાઓમાં ઊતરી આવ્યો નથી. તેમને સ્થાને પાછળના સમયમાં चंद्रातप કે चंद्रोदय શબ્દ ચંદરવાના અર્થમાં પ્રચલિત બન્યા. એ બંનેનો અર્થ 'ચંદ્રિકા' એટલે કે 'ચાંદની' થાય. પણ ચાંદની જેવાં શ્વેત વસ્ત્રનો ચંદરવો પણ चंद्रातप કે चंद्रोदय કહેવાયો. चंद्रोदय ઉપરથી પ્રાકૃતમાં चंदोवय કે चंद्रोवय અને પછી હિંદી चंदोवा, चंदवा, ગુજ. चंदरवो, બંગાળી चांदोया વગેરે સિદ્ધ થયા. હિંદી चांदनी (અને તેના પરથી ગુજ. चांदनी, चंदनी) 'સફેદ ચંદરવા'ના અર્થમાં પણ પ્રચલિત છે.

હરિવલ્લભ ભાયાણી

નવી નવલિકાઓ

આર. આર. શેઠની કંપની
મુંબાઇ–૨, અમદાવાદ–૧

સરમત સંધાર: સૌરાષ્ટ્રના દેશી રાજ્ય નવાનગર સામે બહારવટું ખેડનાર સરમત સંધાર એક કાળે આખા સૌરાષ્ટ્રમાં પ્રસિદ્ધ હતો. એના અંગે લોકોમાં પ્રચલિત થએલી દંતકથાઓના આધારે લખાએલી શ્રી ગુણવંતરાય આચાર્યની આ કૃતિમાં ઇતિહાસ ઓછો છે. આમ છતાં લેખકની દરિયાઈ નવલકથા-શ્રેણીમાં આ કૃતિ એક નોંધપાત્ર ઉમેરો કરે છે. (પૃ. ૩૧૨, પાકું પૂઠું. રૂ. ૧૫.)

સર્વેશ્વર: મહારાજા કુમારપાળના સુવ્યવસ્થિત શાસન બાદ ગુજરાતમાં નબળા રાજાઓના અમલમાં પ્રજા માટે વસમા દિવસો શરૂ થયા હતા. એવી વિપત્તિના સમયે પણ ગુજરાતના સદ્‌ભાગ્યે વીરધવલ, વસ્તુપાલ અને તેજપાલ જેવા જે થોડા તેજસ્વી રાજપુરુષો થઈ ગયા એમના પ્રારંભિક જીવનની ઘટનાઓ આલેખતી શ્રી ગુણવંતરાય આચાર્યની અર્ધ-ઐતિહાસિક નવલકથા(પૃ. ૨૭૨. પાકું, રૂ. ૧૩)

માન-અભિમાન: પૂનાની ફિલ્મ ઇન્સ્ટિટ્યૂટમાં દિગ્દર્શનનો ડિપ્લોમા લઈ પોતાના આદર્શ મુજબની ફિલ્મ ઉતારવા પુરુષાર્થ કરતા ગૌતમને શ્રીમંત પરમાનંદ શેઠની પુત્રી કામિની સાથે ફિલ્મનો વ્યવસાય છોડવાની શરતે લગ્ન કરવું પડે એવી સ્થિતિ ઉપસ્થિત થાય છે. આમ વ્યવહાર અને પોતાના સિદ્ધાંત વચ્ચે સંઘર્ષ ખેલતો ગૌતમ આખરે એને ઘણા સમયથી ચાહતી સાથી કાર્યકર્તા યશોધરા સાથે લગ્ન કરે છે. શ્રી સારંગ બારોટની આ કૃતિમાં શ્રીમંતાઈ અને સિદ્ધાંતનિષ્ઠા વચ્ચેનો સંઘર્ષ સારી રીતે આલેખાયો હોવા છતાં પાત્રાલેખન પાંખું અને નબળું લાગે છે. (પૃ. ૨૯૨, પાકું, રૂ. ૧૩-૭૫.)

કંચનવર્ણી: ભારે વરસાદના કારણે અટકી પડેલી ગાડીના એકજ ડબ્બાનાં પ્રવાસી અશોક અને સુનંદાના પ્રણયની આ કથામાં સુનંદા અનેક આપત્તિઓ અને બળાત્કારનો ભોગ બન્યા પછી અશોકની ઉદારતાના કારણે એને કેવી રીતે પામે છે એ શ્રી વિઠ્ઠલ પંડ્યાએ એમની જાણીતી આગવી (!) શૈલીથી અહીં આલેખ્યું છે. (પૃ. ૩૮૭, પાકું પૂઠું, રૂ. ૧૮–૨૫)

શિખરોને પેલે પાર: જાણીતા કવિ નાથાલાલ દવેની ૧૧ ટૂંકી વાર્તાઓના આ સંગ્રહમાં વિષયનું વૈવિધ્ય છે, રસનું વૈવિધ્ય છે અને શૈલીનું પણ વૈવિધ્ય છે. આરંભની પાંચ વાર્તાઓમાં તિબેટ, સરહદ પ્રાંત, ભૂતાન, આસામ અને રશિયાની ભૂમિકાનું આલેખન જોતાં લેખકની ચિત્રાત્મક શૈલીની સુખદ પ્રતીતિ થાય છે! 'ખોવાએલી પત્ની' અને 'લક્ષ્યાંક ને લગ્ન' જેવી વાર્તાઓ હાસ્ય અને કટાક્ષના સબળ નમૂના પૂરા પાડે છે. વિષય ને નિર્વહણ બંને દૃષ્ટિએ આ વાર્તાઓ આસ્વાદ્ય બની છે. (પ્ર. સાધનાપથ પ્રકાશન, ભાવનગર, પૃ. ૧૮૮, રૂ. ૧૪, પાકું પૂઠું.) —બહાદુરશાહ પંડિત

અન્ય પ્રકાશનો

અશોક પ્રકાશન
મુંબાઇ–૨ અને અમદાવાદ–૧

પરિતોષ : શ્રી બકુલ રાવલના વિવેચન-અવલોકન વિષયક ૨૧ લેખોના આ સંગ્રહમાં 'સત્યના પ્રયોગો', 'મળેલા જીવ', 'નિશીથ' ઇત્યાદિ કૃતિઓની સમીક્ષાઓ, 'બાળ સાહિત્ય' અને 'આઝાદી પછીનું સાહિત્ય' જેવા તાત્ત્વિક અને ઐતિહાસિક કક્ષાના લેખો અને 'બટુભાઈનું જીવનદર્શન', 'ઈશ્કનો બંદો કલાપી' જેવા સર્જકલક્ષી લેખોનો સંચય કરવામાં આવ્યો છે. લેખકની દૃષ્ટિ મહદ અંશે ગુણગ્રાહી રહી છે અને સમીક્ષ્ય કૃતિ કે કર્તાનું યથાર્થ વિશ્લેષણ કરવાનો એમનો પ્રયાસ નોંધપાત્ર છે. આમ છતાં કેટલાક અભિપ્રાયોની અસ્પષ્ટતા, શૈલીની શિથિલતા અને ભાષાની સંદિગ્ધતા ખૂંચે એવાં છે. કેટલાક લેખો વિદ્યાર્થીઓને આપેલી 'નોટ્સ' જેવા લાગે છે અને 'શિક્ષણનો મૂળભૂત પ્રશ્ન' તો સાવ છાપાળવો બની ગયો છે. (પૃ. ૨૨૪, પાકું પૂઠું, રૂ. ૧૦–૫૦.) —બ. પં.

વોરા ઍન્ડ કંપની
ગાંધી માર્ગ • અમદાવાદ–૧

મરક મરક : શ્રી રતિલાલ બોરીસાગરના હાસ્યલેખો અવારનવાર સામયિકોમાં પ્રકટ થતા રહ્યા છે ત્યારે વાચકોનું ધ્યાન એમના નામ પ્રતિ દોરાયું છે. આ પુસ્તકના પંદર હાસ્યલેખોમાં જીવનની હાસ્યોત્પાદક ક્ષણને આબાદ રીતે પકડી લેવાની લેખકની વેધક દૃષ્ટિનો પરિચય મળી રહે છે. પણ હાસ્યલેખક માટે આટલું જ પૂરતું નથી. ક્ષણને પકડ્યા પછી એને પોતીકી કરી બરાબર પળોટ્યા પછી એ શબ્દ પાસેથી એવું કામ લેતો હોય છે કે શબ્દની હાસ્ય નિર્માણ કરવાની શક્તિની એની સૂઝ કે અસૂઝ પ્રકટ થઈ જતી હોય છે. અહીંના નિબંધોમાં લેખકની એવી શબ્દસૂઝનો પણ પરિચય મળી રહે છે તે તેમના ભાવિ વિકાસનું સુચિહ્ન બની રહે છે. એમણે કોઇને ખડખડાટ હસાવવાનું તાક્યું જ નથી; નહિતર સંગ્રહનું નામ 'મરક મરક' શું કામ આપત? લેખકની નર્મમર્મ શક્તિનો પરિચાયક આ પ્રથમ સંગ્રહ વધુ પરિષ્કૃત અન્ય કૃતિઓની અપેક્ષા જન્માવે તેવો છે તેમ કહેવામાં અતિશયોક્તિ નહિ જ લાગે. (કાચું પૂઠું, પૃ. ૧૨૮, રૂ. ૬.)

કવિતાસંગમ : જાણીતા કવિ શ્રી ઉમાશંકરના કાવ્યસંગ્રહ 'નિશીથ'ને જ્ઞાનપીઠ પુરસ્કાર પ્રાપ્ત થયો હતો તે રકમમાંથી એમણે 'નિશીથ પુરસ્કાર ગ્રંથમાળા' પ્રકટ કરવાનું જે આયોજન કર્યું છે તેની આ સાત પુસ્તિકાઓમાં આપણી જ પડોશી ભાષા મરાઠીના સાત કવિઓની કેટલીક ચૂંટેલી રચનાઓના ગુજરાતી અનુવાદો પ્રકટ થયા છે. તે કવિઓ છે આરતી પ્રભુ, મંગેશ પાડગાંવકર, ગ્રેસ, નારાયણ સુર્વે, વિંદા કરંદીકર, પુ. શિ. રેગે ને વસંત બાપટ. આ કવિઓના અનુવાદકો છે સર્વશ્રી વસંત જોષી, સુરેશ દલાલ, જયા મહેતા ને જગદીશ જોષી. કવિતાના અનુવાદનું કામ આમે ય નર્યું દુસ્સાહસ છે, પણ જો બીજી ભાષાની કવિતાનું કંઈક પામવું હોય તો થોડું ગુમાવવાની શરતે પણ અનુવાદ પાસે જવું પડે છે. આ પ્રકારના અનુ-

મારી માન્યતા

સાહિત્ય તથા જીવનનાં ઉપાસકોના ઉત્તરો : ખાસ મુલાકાતો દ્વારા મેળવનાર **ચંપકલાલ મહેતા**



શ્રી વિનાયક વોરા

જન્મ : તા. ૨૧-૧૦-૧૯૨૯, કચ્છના માંડવીમાં. પિતા સંસ્કૃત, સંગીત અને આયુર્વેદના પંડિત હતા. એમના સંસ્કારવારસા સાથે મુંબાઈ યુનિ.ના ગુજરાતી વિષય સાથે સ્નાતક, હિંદીના 'કોવિદ' અને ગાંધર્વ મહાવિદ્યાલયના 'સંગીત વિશારદ' થે ડો સમય સંગીત શિક્ષક બની ૧૯૫૬થી આકાશવાણી (મુંબાઇ)માં જોડાયા અને સંગીત સાથે સંકળાએલા અનેકવિધ કાર્યક્રમોનો અનુભવ પામ્યા. 'તાર શરણાઇ' નામે એક વાદ્યના શોધક. ચલચિત્રોમાં પણ સંગીત અને નાટકોમાં સંગીત દિગ્દર્શન આપે છે. સાન્ટાક્રુઝમાં 'સંગીત વિહાર' નામે સંગીતના વર્ગો પણ ચલાવે છે.

૧ સંગીત વિષે આપનો ખ્યાલ કહેશો?

ઉ. સંગીત એ યોગ છે, આત્માનો સ્વભાવ છે. તેનો રસાનુભવ એટલે ઇશ્વરાનુભવ. ઇશ્વરના અસ્તિત્વને અનુભવવા નાદવિચાર એ સરળ અને ઉત્તમ માર્ગ છે.

૨ આપે સર્જેલા 'તાર શરણાઇ' વાદ્યની રચના કેવી છે?

ઉ. 'તાર-શરણાઇ' નામમાં જ તાર એ તંતુવાદ્યનું સૂચક છે અને શરણાઈ તો સર્વત્ર જાણીતી છે. દિલરૂબા જેવું જ આ તંતુવાદ્ય છે અને એ રીતે જ વગાડાય છે, પણ દિલરૂબાના તુંબડામાં આમાં શરણાઈ જેવું ભૂંગળું બેસાડેલું છે. આથી વાયોલિન અને શરણાઈના સૂરના મિશ્રણ જેવો અવાજ એમાંથી પ્રકટે છે.

૩ આપના પ્રિય રાગ કયા?

ઉ. તોડી, યમન અને ભૈરવી મારા પ્રિય રાગો છે. તેની સ્વાભાવિકતા અને તેમાં રહેલા નિત્યનૂતન ચેતનાસભર તત્ત્વોથી હું બહુ જ પ્રભાવિત છું.

૪ આપના પ્રિય સંગીતકાર કોણ કોણ છે?

ઉ. પં. ઓમકારનાથ ઠાકુર, અમીરખાં, પં. રવિશંકર અને ઉસ્તાદ અલીઅકબરખાંનું સંગીત મને અત્યંત પ્રિય છે.

૫ 'આકાશવાણી' ઉપરાંત આપ અન્યત્ર સંગીત અંગે કઈ પ્રવૃત્તિ કરો છો?

ઉ. હા, અવકાશ અને અનુકૂળતા હોય તો ચલચિત્રોમાં તાર શરણાઈ જેવા વાદ્યની જરૂર પડે તો એ વગાડવાનું સ્વીકારું છું. નાટકોમાં સંગીત દિગ્દર્શન પણ કરું છું. પોલીડોર ગ્રામોફોન કંપનીએ મારી એક એલ. પી. રેકૉર્ડ પણ ઉતારી છે. સાંસ્કૃતિક કાર્યક્રમોમાં પણ ક્યારેક તાલીમ આપું છું.

૬ આકાશવાણી (મુંબાઇ) કેન્દ્ર પરના આપના વિવિધ સંગીત-કાર્યક્રમોમાં સવિશેષ કાર્યક્રમ કયો?

ઉ. 'સુરવાણી' નામનો એક કાર્યક્રમ વિશિષ્ટ કહી શકાય.

૭ આપે પરદેશમાં સંગીતના કાર્યક્રમો આપ્યા છે?

ઉ. હા, ઈરાન, પારી(સ), બર્લિન, આમ્સ્ટરડૅમ, સ્વિટ્ઝર્લૅન્ડ અને નેપાલમાં મેં મારા કાર્યક્રમો આપ્યા છે. લક્ષ્મીશંકર જોડે પણ મેં અનેક કાર્યક્રમો યોજેલા.

વિનાયક બી. વોરા

આવકાર

મિલિતકોશ : લે. પાંડુરંગ ગણેશ દેશપાંડે. પ્રકાશક: ગુજરાત યુનિવર્સિટી, નવરંગપુરા, અમદાવાદ-૯. પાકું પૂઠું, પૃ. ૪૬૬, રૂ. ૧૨.

વર થા : લે. ચંપકલાલ વ્યાસ. પ્ર૦ : ડૉ. શરદ ચંપકલાલ વ્યાસ, કણજા રોડ, વ્યારા. કાચું પૂઠું, પૃ. ૧૬.

હવાની હવેલી: લે. શેખાદમ આબુવાલા. પ્ર૦ : રૂપાલી પ્રકાશન, રીલિફ રોડ, અમદાવાદ-૧. પાકું પૂઠું, પૃ. ૧૭૬, રૂ. ૧૦-૦૦.

અસ્ત : લે. મહેન્દ્ર ગોહિલ. પ્ર૦ : ઉપર મુજબ. કાચું પૂઠું, પૃ. ૯૨, રૂ. ૫.

હળતા મિનારા : લે. રૂસ્વા મઝલૂમી. પ્ર૦ : ઉપર મુજબ. પાકું પૂઠું, પૃ. ૧૭૫, રૂ. ૧૦.

ગઝલનું નવું ગણિત : (સંપાદકીય). પ્ર૦ : ઉપર મુજબ. કાચું પૂઠું, પૃ. ૪૦, રૂ. ૬.

ઝાલાસાહેબના નિબંધો: લે. જી. સી. ઝાલા. પ્ર૦ : જી. સી. ઝાલા મેમોરિયલ કમિટી, મુંબઈ. પાકું પૂઠું, પૃ. ૪૩૯, રૂ. ૧૨૦.

હોવું એટલે હોવું : લે. વિજય શાસ્ત્રી. કુમકુમ પ્રકાશન : ગાંધી માર્ગ, અમદાવાદ ૧. પાકું પૂઠું, પૃ. ૧૫૦, રૂ. ૮-૫૦.

કસુંબલ રંગ કસબી : લે. જોરાવરસિંહ જાદવ. પ્ર૦ : માધવસિંહ જાદવ. ૨, પ્રોફેસર કૉલોની, અમદાવાદ ૯. કાચું પૂઠું, પૃ. ૧૮.

ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ ગ્રંથ-૫ (સલ્તનત કાળ) : રસિકલાલ છો. પરીખ. પ્ર૦ : ભો. જે. વિદ્યાભવન, અમદાવાદ-૯. પાકું પૂઠું, પૃ. ૫૮૦, રૂ. ૨૫-૬૦.

શ્વાસ ભીતરના ફેરે : લે. મફત ઓઝા. પ્ર૦ : આદર્શ પ્રકાશન, રાયખડ, અમદાવાદ-૧. કાચું પૂઠું, પૃ. ૩૨, રૂ. ૬-૨૫.

વ્યાકરણ-અર્થ અને આકાર : લે. સ્વ. ડૉ. પ્રબોધ પંડિત ને ડૉ. દયાશંકર જોષી. પ્ર૦ : યુનિ. ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ-૯. કાચું પૂઠું, પૃ. ૧૩૯, રૂ. ૬.

ગોવર્ધન શતાબ્દી ગ્રંથ : લે. ડૉ. ઉપેન્દ્ર પંડયા. પ્ર૦: એન. એમ. ત્રિપાઠી પ્રા. લિ., મુંબઈ-૨. પાકું પૂઠું. પૃ. ૫૦૮, રૂ. ૩૦.

ચાલો રસોડામાં : (આવૃત્તિ ત્રીજી) લે. માલતી દલાલ. પ્ર૦ : ઉપર મુજબ. પાકું પૂઠું, પૃ. ૪૧૬, રૂ. ૫૦.

મહાભારતનો મર્મ – વાગીશ્વરીનાં કર્ણફૂલો : લે. અનુભાઈ પંચોળી. પ્ર૦ : સર્વોદય સહકારી પ્રકાશન સંઘ લિ., સણોસરા. કાચું પૂઠું, પૃ. ૧૨૬, રૂ. ૬-૫૦.

રામગંગા કા શેર : ચંદ્રદત્ત 'ઈન્દુ'. પ્રકાશન વિભાગ, સૂચના ઔર પ્રસારણ મંત્રાલય, ભારત સરકાર, ન્યૂ દિલ્હી. કાચું પૂઠું, પૃ. ૫૧, રૂ. ૩-૫૦.

શિશુ : લે. સુભદ્રા ગાંધી. પ્ર૦ : વિશ્વમાનવ સંસ્કાર શિક્ષણ ટ્રસ્ટ, વડોદરા-૧. પાકું પૂઠું, પૃ. ૨૨૮, રૂ. ૩૦.

પુષ્પોની પરખ : લે. ઇશ્વરચંદ્ર ભટ્ટ. શબ્દલોક પ્રકાશન, કૉમર્શિયલ સેન્ટર, અમદાવાદ-૧. પાકું પૂઠું, પૃ. ૧૩૩, રૂ. ૯-૫૦.

મા : લે. અતુલ સવાણી. પ્ર૦ : પ્રગતિ પ્રકાશન, મૉસ્કો. કાચું પૂઠું, પૃ. ૪૧૪.

સોમા : લે. રતિલાલ ગો. પંચાલ. પ્ર૦ : પોતે જ, ગીતામંદિર રોડ, અમદાવાદ-૨૨. પાકું પૂઠું, પૃ. ૧૩૬, રૂ. ૭-૫૦.

વાદ સંગ્રહોમાં જો મૂળ ભાષામાં કૃતિ આપવામાં આવી હોય તો આસ્વાદ અને અભ્યાસમાં વધુ સુવિધા રહે જ. પણ જે છે તે રીતે ય મરાઠી નહિ જાણનાર ગુજરાતી કાવ્યરસિક પાસે મરાઠી કવિતાની આ મોટી મૂડી ગુજરાતીમાં અવતારવાનું શુભ સાહસ આવકાર્ય લેખાયા વગર રહેશે નહિ. એક આરતી પ્રભુ (કારણ કે તે સ્વર્ગસ્થ) સિવાયના અન્ય કવિઓના સંગ્રહના આરંભે તે તે કવિએ પોતાની કવિતા વિષે જે મિતાક્ષરી પરિચય આપ્યો છે તે પણ કાવ્યભાવકને રસ પડે તેવો છે. (સંપા. ઉમાશંકર જોશી, પ્રત્યેકનું કાચું પૂઠું, 'પ્રેસ'નાં પૃ. ૪૦, બાકીના પ્રત્યેકનાં પૃ. ૪૮; પ્રત્યેકની કિં. રૂ. ૫.)

નવજીવન પ્રકાશન મંદિર

અમદાવાદ-૩૮૦૦૧૪

ડૉક્ટર આવતાં પહેલાં : 'કુમાર'ના જાણીતા લેખક ડૉક્ટર શિવપ્રસાદ ત્રિવેદીની એ માસિકમાં આવેલી લેખમાળાનું આ પુસ્તક ડૉક્ટર પૂર્વે દર્દી જ પોતાનો ડૉક્ટર કઈ રીતે બની શકે, તેની પ્રાથમિક સારવાર વિષે વિશદ ચર્ચા કરી, ઉપયોગી માહિતી પૂરી પાડે છે. એક નીવડેલા નિષ્ઠાવન્ત તબીબની અનુભવી કલમે લખાએલા આ લેખો સહુકોઈને શ્રદ્ધેય માર્ગદર્શન પૂરું પાડી રહેશે. (કાચું પૂઠું, પૃ. ૧૪૪, રૂ. ૫.)

તારુણ્યની તાસીર: મનુષ્યજીવનનો તરુણકાળ જેમ મહા મૂલ્યવાન છે તેમ મહામૂંઝવણભર્યો પણ છે. તરુણો પોતાના તે કાળે જાતીય આવેગની અમૂંઝવણભરી અવસ્થામાં મુકાતો હોવાથી એના મન પર જાતજાતની અસરો અને પ્રતિક્રિયાઓ ઝિલાય છે. આવે સમયે એને સાચા સહાનુભૂતિશીલ વડીલ માર્ગદર્શકની તીવ્ર ઝંખના હોય છે. એ ઝંખનાને સંતોષતી 'કુમાર'માં આવી ગએલી ડૉ. શિવપ્રસાદ ત્રિવેદીની લેખમાળાના આ પુસ્તકમાં તરુણોને એક સ્વજનની હેસિયતથી ખૂબ જ ઉપયોગી માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું છે. (કાચું પૂઠું, પૃ. ૧૧૬, રૂ. ૫.)

વિદેશ વસવાટનાં સંભારણાં: પ્રવાસસાહિત્ય એક સાહિત્યપ્રકાર લેખે મહત્ત્વનું બની રહે છે. તેથી ય વિશેષ તો છે તેનું સાંસ્કૃતિક સામાજિક મૂલ્ય પ્રવાસી કઈ રીતે પોતાના પ્રવાસને નાણેમાણે છે તેના પર તેની પ્રવાસકથાના ઘાટ ઊતરવાનો આધાર રહે છે. પ્રસ્તુત પ્રવાસકથાના લેખક જિતેન્દ્ર દેસાઈ જિજ્ઞાસુ ને સ્ફૂર્તિલા યુવાન છે એટલે એમણે પ્રવાસને ઉત્સાહથી હૃદય ભરી માણ્યો છે. સાથે સાથે એક સ્વસ્થ વિચારકનું દૃષ્ટિસંપન્ન વ્યક્તિત્વ મળ્યું હોઈ એ પ્રવાસ દરમિયાન ચિંતનમનન પણ કર્યું છે. એમના વ્યક્તિત્વનાં આ બંને પાસાંનો લાભ આ પ્રવાસકથાને મળ્યો છે તેથી આ કથા માત્ર નીરસ 'સંભારણાં'ની તાસીર ન રહેતાં જીવંત અનુભવોનો રસિક ઇતિહાસ બની રહે છે. વર્ણન ને નિરૂપણમાં શૈલી ઘણે સ્થળે કૌતુકરાગી બની હોઈ સર્જનાત્મક કૃતિ વાંચ્યાનો પણ અનુભવ કરાવી જાય છે. આમ, વિદેશની જે છાપ એમના હૃદય-મગજમાં પડી છે તેનો અચ્છો સુવાચ્ય ચિતાર આ પુસ્તકમાં અપાયો હોઈ એ આપણા પ્રવાસ સાહિત્યમાં આવકાર્ય ઉમેરો બની રહે છે. (કાચું પૂઠું, પૃ. ૨૯૩, રૂ. ૧૦.)

ભારતી સાહિત્ય સંઘ પ્રા. લિ.

૬૪ ફર્નાન્ડિઝ બ્રિજ ગાંધીરોડ અ'વાદ-૧

આરોગ્ય કેમ સાચવશો : કુદરતી ઉપચારો દ્વારા તનનું આરોગ્ય કેમ સાચવવું તેની ચર્ચા કરતા ડૉ. ભૂપતરાય મો. દવે અને ડૉ. શંકરલાલ મો. દવેના આ સહિયારા પુસ્તકની ત્રીજી આવૃત્તિ એની લોકચાહનાની ગવાહી છે. (પાકું પૂઠું, પૃ. ૧૬૦, રૂ. ૭-૫૦.)

તંદુરસ્ત રહો : પ્રસ્તુત લેખકોના આ પુસ્તકના ત્રણ પેટા વિભાગોમાં વિવિધ સામાન્ય રોગો, તેના ઉપચારો અને પથ્યાપથ્યની ચર્ચા કરવામાં આવી છે, જે સહુકોઇને ઉપયોગી થઈ પડશે. (પાકું પૂઠું, પૃ. ૧૫૨, રૂ. ૭-૫૦.)

રોગોમાં અનુભવસિદ્ધ ઉપાયો : સામાન્ય રોગોના ઉપાયોનું આ પુસ્તક પ્રાયોગિક એ અર્થમાં છે કે એમાં વર્ણવાએલા ઉપાયો કોઈ ને કોઈ કિસ્સામાં અનુભવસિદ્ધ થએલા છે. આથી એની શ્રદ્ધેયતા ને ઉપયોગિતા વધી જાય છે. આરોગ્યના ઉપચારો વિષેનું આ અનુભવસિદ્ધ સામાન્ય જ્ઞાન પ્રત્યેક વાચકને નિજી આરોગ્યની જાળવણીની દિશામાં ઉપકારક થઈ પડશે. (પાકું, પૃ. ૧૬૦, રૂ. ૭-૫૦.) —ધી. પ.

પચ્ચીસ વર્ષ પહેલાં



સપ્ટેમ્બર ૧૯૫૩ · સળંગ અંક ૩૫૭

ત્યારે ચાલતી ચં. ચી. મહેતાની આત્મકથા 'બાંધ ગઠરિયાં'માંનું એક રેખાચિત્ર:

આપણે હવે '૩૮ની અધવચમાં છીએ. ઘણો ખરાબ વખત. ત્યારે મુંબાઈમાં કાળા ઘોડા પાસે 'વેસાઈડ ઈન' નામે એક નાનું રેસ્ટોરાં છે ત્યાં જૂના દોસ્ત ચિમનલાલ ચિનાઈ સાથે કોઈ કોઈ વાર જતો. ત્યાં રોજ રાત્રે વચલા ટેબલ પર એક માહન કુટુંબ જમે. એની સાથે ચિનાઈએ ઓળખાણ કરાવી.

પીરોજશા માહન હમેશાં સફેદ લાંબો ડગલો, સફેદ પાટલૂન અને કાળી ઈરાની ટોપી પહેરી કુટુંબ સાથે મોજથી ખાણું જમતા. કોઈ અમસ્થું આવી ચડતું તો પોતાના ટેબલ પર મહેમાન કરીને પધરાવતા.

શેર બજારમાં એ પી. એમ. માહન તરીકે ઓળખાય, અને એમની બહુ સારી શાખ. કોલાબામાં રહે. ગુજરાતીના સારા અભ્યાસી. રામાયણ-મહાભારત વાંચે. યુરોપનું ચુનંદું સાહિત્ય વસાવે, સારી બાંધણીની ચોપડીઓ પર બહુ પ્રેમ. ઍસ્ટ્રૉલૉજી—જ્યોતિષ જાણે, ને આરામ તથા આસાનીથી કલાકો સુધી ગપ્પાં મારવાં હોય તો કોઈ પણ વિષયમાં ઝંપલાવવા તૈયાર.

બહુ દુલ્લો દોસ્ત, હિમ્મત આપવામાં હોશિયાર: 'અરે ચન્દ્રવદન, એમ હિમ્મત સું હારોચ? તમારો બી સારો દિવસ આવસે ને તમારી ચઢતી પણ થસે,—થસે જ જ!' એમ વારંવાર કહેતા. 'થસે જ જ'નો નવો પ્રયોગ હું એમની પાસેથી શીખ્યો. 'થશે જ' તો આપણે જાણીએ છીએ, પણ વધારે વિશ્વાસ પેદા કરવા, મક્કમતાથી પહેલા 'જ' પર ભાર મૂકી એને બેવડાવવો એ તો પિરોજશાનો જ પ્રયોગ.

'તમારું સેર બજારમાં કામ નહિ. તમે રહ્યા પોએટ દ લા લૉરિયેટ; સમજેચ કે? એટલે કોઈ બી તમુને આસાનીથી બનાવી જાય. અરે, સેર બજાર તો સું, પન કોઈ બી બજારમાં તમને બનાવી જાય.'


ચિમનલાલ ચિનાઈ વચ્ચે કહીક ટાપશી પૂરતા કે 'પ્રેમના બજારમાં?'

'હા રે, હા, ચિનાઈ સેઠ, કોઈ બી બજારમાં. એવણુ તો પોએટ દ લા લૉરિયેટ, સમજ્યા કની? અમે લોકો કહીએ છ તેમ "ગોટાળામાં ગોસ"—એટલે કે ખોદાયજીએ એવણુને ઘડીઆ, તારે આય ખખરધૂસ કોથરામાં ભૂલથી જિગર ઓરતનું મૂકી દીધું, તે એવણુ આસક બજાર કે માસુક બજાર, મચ્છી બજાર કે સબજી બજાર બધે જ બનવાના.'

ચિમનલાલ ચિનાઈ ટહુકો કરવામાં પાછી પાની તો કરે જ નહિ: 'તે, પિરોજશા શેઠ, ખોદાયજી એવી ભૂલ ઓરતના કોથળામાં...'

'અરે થાય છે જ જ; જરૂર જ. આવો બતાવું કચકઈ ઓરતના કોથરામાં માટીડાનું જિગર. પન બાપ રે, જવા દો. જમવા વખતે નામો કાં દઇએ? એવનને તો હું સંભાળસ. ચાલો, હવે કંઈ જમો.'

અને એ ખાનદાન નબીરાએ એક સાચા દોસ્ત તરીકે મને જાળવ્યા કર્યો. 'વે-સાઈડ'-માંથી પછી તો જમણ ઘરમાં થતાં. ત્રણે છોકરા મોટા થયા, ઠેકાણે પડ્યા. વહુ ભલી, સાલસ, ને નેક. તેને કૅન્સરનો જીવલેણ રોગ થયો, અને પિરોજશા શેઠે પોતાની મહોરદારની જે ચાકરી કરી છે તે જોઈ અમે તો દંગ જ થઈ જતા. અઠવાડિયે એક વાર તો અમે મળતા જ. જમવામાં મારે માટે કોઈ ખાસ મનપસંદ વાની કરાવતા. ત્રણે છોકરાઓ મને મુરબ્બી તરીકે માનતા—'પપ્પાના દોસ્ત.'







ચિત્રબોધ: વિવિધ ધર્મોનાં પ્રતીકો

મદ્રાસ પાસે અધાર નદીને કિનારે એ જ નામના પરામાં વિશાળ જમીન પર થીઓસૉફીની સુંદર વસાહત આવેલી છે, જ્યાં એ સંપ્રદાયનું મુખ્ય કેન્દ્ર છે. તેના મોટા ને મનોહર મકાનની પરસાળની ભીંતો પર વિવિધ સંપ્રદાયોનાં પ્રતીકો તથા તેની નીચે તે તે ધર્મનો એક પ્રસંગ નિર્દેશતાં ભીંતચિત્રો છે, તેમાંથી પ્રતીકોનાં આલેખન અમદાવાદ થીઓસૉફિકલ સોસાએટીના સૌજન્યથી અત્રે આપીએ છીએ. મથાળેથી ડાબી બાજુથી (૧) હિંદુ (૨) બૌદ્ધ (૩) શીખ (૪) યહૂદી (૫) જરથુસ્ર (૬) ફ્રીમેસન (૭) ઇસ્લામ (૮) જૈન (૯) ઈસાઈ (૧૦) થીઓસૉફી.

એક પતેતીની સવારે રમણિક સુખડિયા ને હું કોલાબા પર એમને ઘેર ચડી ગયા. રમણિકને ફૂલનો બહુ શૉખ, તે અમે બંનેએ હાથમાં ગુલાબનો એક અચ્છો ગુચ્છો પતેતી મુબારક કરવા લઈ લીધો હતો. નોકરે બારણું ઉઘાડયું, અને અમને દીવાનખાનામાં બેસાડયા. નાના દીકરાને અમે મમ્માની તબિયેત પૂછી, તો કહે કે એ તો બે રોજ પર ગુજરી ગયાં! પિરોજશાને પગે આર્થ્રાઇટિસ થએલો, તે લાકડી લઇને આવ્યા: 'આવોજી, આવોજી, ભલે પધાર્યા. અરે રૂસી, જોની, સેઠ સજનનાં ફૂલ લાયાચ, તે મમ્માની સબી આગલ મૂકો તો. થેંક્યુ. જુઓ-ની, એવણ તો ગીઆં, પન મને કંઈ છાપાંમાં કે એમ લખી હોહા કરવી ગમતી નહિ જી. આપરા અંગ્રહના હોસે તે આવસે, અને નહિ તો નહિ. ઊઠમણાની પન મેં તો જાહેરખબર નથી આપી. ચાલો, શું લેસો? ચા કે સરબત? લાઈફ મસ્ટ ગો ઑન.'

અમે તે પતેતી મુબારક કરીએ કે દિલાસો આપીએ? પણ અમારો આખો ક્ષોભ ક્ષણવાર-માં પિરોજશાએ મટાડી દીધો. ત્યાર બાદ પણ હું તો અવારનવાર જતો જ. પણ થોડાં જ વર્ષો રહી, એના મોટા દીકરા રૂસીએ પણ, સવારના હું ગયો ત્યારે કહ્યું કે 'તમે મલી ગીઆ તેને ત્રીજે જ દિવસે પપ્પા તો સધાવ્યા. ચાલો, ચા લેસો કે કૉફી?... લાઈફ મસ્ટ ગો ઑન... તમે હમેસાં આવતા રહેજો.' □

આહાર ઉપરના એક અતિ ઉપયોગી લેખમાંના બે કોઠા તેનાં અનુષંગી લખાણ સાથે નીચે આપ્યા છે, તે પોતે જ પોતાનું મહત્ત્વ કહેશે: ઘઉંના દાણાનું પૃથક્કરણ કરતી નીચેની આકૃતિમાં, ડાબી તરફ, જેમાંથી થૂલું બને છે (અને જે આપણે ફેંકી દઇએ છીએ) તે, દાણા પરનાં છ પ્રકારનાં પડમાં રહેલા વિવિધ ગુણ દર્શાવ્યા છે, અને જમણી તરફ તેની મૂછો, મેંદો ધરાવતો મધ્ય ભાગ તથા ફણગાની સમજણ આપી છે.

ઘઉંના દાણા ઉપરનાં થૂલાનાં છ પડના ગુણો

(૧) શરીરને નીરોગી રાખનારાં વિટામિન મોટા પ્રમાણમાં પૂરાં પાડે છે.


(૨) લોહી તથા સ્નાયુ માટે ઉત્તમ જાતનું પ્રોટીન આપણને પૂરું પાડે છે.

(૩) વચલા ભાગ કરતાં દસ ગણા વિધવિધ ક્ષાર આપણા શરીરને પૂરા પાડે છે.

(૪) જ્ઞાનતંતુ તથા હાડકાં માટે ફૉસ્ફરસ પૂરાં પાડી ખડતલપણું આપે છે.

(૫) કાળી દ્રાક્ષ કરતાં પણ બમણા પ્રમાણમાં લોહીમાં રતાશ લાવનારું લોહ પૂરું પાડે છે. (પછી આપણને લોહ-ભસ્મ ખાવાની જરૂર રહે ખરી?)

(૬) કબજિયાત અટકાવવામાં જરૂરી એવો ઉત્તમ કૂચો પૂરો પાડે છે.



મૂછ અથવા સરવલાં, કે જે કાઢી નખાય છે.

આ વચલા સફેદ ભાગમાં મુખ્યત્વે મેંદો હોય છે. જે ફક્ત ગરમી પૂરી પાડે છે. ખોરાક તરીકે એકલા મેંદાની કિંમત મલઈ કાઢી લીધેલ દૂધ જેટલી જ ગણાય.

ફણગો, જેમાંથી ઘઉંની ડૂંડી ઊગે છે. તેમાં પુષ્કળ વિટામિન તથા શક્તિદાયક તેલ હોય છે, અને તેમાં રહેલું પ્રોટીન દૂધના પ્રોટીન જેવું ઉત્તમ ને પૌષ્ટિક હોય છે.

કેટલાક અખતરાઓ પછી એમ માલૂમ પડયું છે કે જેટલો ખોરાક લઇએ તેના અમુક પ્રમાણમાં વિટામિન 'બી'ની જરૂરત છે. એ અનાજના થૂલા તથા ફણગામાં તેમ જ કઠોળના થૂલા તથા ફણગામાં મોટા પ્રમાણમાં રહેલું છે. આપણા શ્રીમંત વર્ગમાં લોટને ચાળીને (થૂલું કાઢીને) રોટલી બનાવવાનો રિવાજ છે તેથી કેટલું નુકસાન છે તે આ પરથી સમજાશે. થૂલું અને ફોતરાં કાઢી નાખવાથી આપણામાં અનેક રોગ થાય છે એ વાત નિઃસંદેહ છે. લોટમાંથી થૂલું ચાળીએ નહિ તો સારી અને પાતળી રોટલી થઈ શકે નહિ એ માન્યતા ભૂલભરેલી અને અનુભવ વિનાની છે. રોટલી કરતાં પહેલાં એકબે કલાક કણેક બાંધી રાખી હોય તો થૂલું પલળીને કણેક સાથે એકરસ થઈ જાય છે અને પાતળી રોટલી વણી શકાય છે.

શ્રીમંત વર્ગમાં ખીચડી બનાવતી વખતે મગની દાળનાં ફોતરાં કાઢી નાખવાનો રિવાજ હોય છે તે પણ આવાં કારણોને લીધે નુકસાનકારક છે. લોહીને શુદ્ધ રાખવા સારુ તથા બીજી કેટલીક ક્રિયાઓ માટે શરીરને મોટા પ્રમાણમાં કૅલ્શ્યમ, મૅગ્નેશ્યમ, સોડિયમ, પોટાશ્યમ, ફૉસ્ફરસ, ક્લોરીન, સલ્ફર અને આયર્ન એ આઠ જાતના ક્ષારની જરૂરત હોય છે. ઘઉંમાં આ આઠે જાતના ક્ષાર સારા પ્રમાણમાં છે, અને શરીરને તે થૂલા તથા ફોતરાં દ્વારા પૂરાં પાડી શકાય છે. વળી કબજિયાત અટકાવવા અને આંતરડાંના ખોરાકને ગતિ આપવા 'કૂચા' અથવા રેસાવાળા પદાર્થની જરૂરત છે. તે કૂચા પૂરાં પાડનારા પદાર્થોમાં પણ થૂલું તથા ફોતરાં ઉત્તમ છે, કારણ કે તે આંતરડાંને છોલતાં નથી. ઘઉંમાં પૌષ્ટિક તત્ત્વ કેવી રીતે વહેંચાએલું છે

પુષ્કળ વિટામિન પૂરાં પાડે તેવા કેટલાક પદાર્થો

વિટામિન 'એ' (વૃદ્ધિપોષક)	વિટામિન 'બી' (જ્ઞાનતંતુ-પોષક)	વિટામિન 'સી' (રક્તશોધક)	વિટામિન 'ડી' (અસ્થિપોષક)	વિટામિન 'ઇ' (સર્જક)
ઘી	યીસ્ટ	સંતરાં મોસંબી	સૂર્યનો પ્રકાશ	દૂધ
માખણ	થૂલાવાળું અનાજ	કેરી, ટમેટાં		
ટમેટાં	ફોતરાંવાળું કઠોળ	વગેરે મધુરાં ફળ	કૉડ લિવર ઑઈલ	અનાજના ફણગા
લીલા વટાણા	બદામ, પિસ્તાં અખ-			
ભાજીપાલો	રોટ વગેરે સૂકો મેવો	ભાજીપાલો		ભાજીપાલો
દૂધ દહીં	ભાજીપાલો			
કૉડ લિવર ઑઈલ	મધુરાં ફળ			શ્રીફળનાં બી

દ્વાદશ જ્યોતિર્લિંગ-૯ શ્રી વૈદ્યનાથ

શિવપુરાણમાં એક કથા છે : કઠોર તપદ્વારા શંકરને પ્રસન્ન કરીને એમની પાસેથી જ્યોતિર્લિંગ મેળવી રાવણ તેને આકાશમાર્ગે લંકા લઈ જતો હતો. માર્ગમાં એ લિંગને જો ભૂમિ પર ક્યાંયે એ મૂકે તો પછી તે ત્યાંથી ચસકશે નહિ એવી શિવે એને ચેતવણી આપી હતી. રાવણ એ જ્યોતિર્લિંગને લંકા લઈ જાય એ દેવોને રુચતું નહોતું એટલે એમણે કપટ કરી રાવણને પૃથ્વી પર ઉતારીને એ જ્યોતિર્લિંગને અહીં જ સ્થાપવાની યુક્તિ રચી. આ રીતે છેતરાએલા રાવણને એ જ્યોતિર્લિંગની સ્થાપના લંકાને બદલે જે સ્થળે કરવી પડી તે બિહારના સાંથાલ પરગણામાં દેવગઢ (દેવઘર) મુકામે આવેલું છે. તે ક્ષેત્ર ચિતાભૂમિ પણ કહેવાય છે. રાવણના મૃત્યુ પછી દીર્ઘકાળ સુધી અપૂજ રહ્યા બાદ બૈજુ નામના એ વ્યાધે આજીવન તે લિંગની પૂજા કર્યાથી બૈજનાથ-વૈજનાથ ને તેમાંથી કાળાંતરે વૈદ્યનાથ નામે એ જ્યોતિર્લિંગ ઓળખાયું એવી માન્યતા છે.

આ વૈદ્યનાથની સામે એક ગૌરીમંદિર છે. ત્યાં જયદુર્ગા ને ત્રિપુરસુંદરીનું સ્થાપન છે. સતીના મૃતદેહમાંથી એનું હૃદય આ સ્થળે પડયું હતું એ પરથી જે શક્તિપીઠ અહીં સ્થપાઈ એ હાર્દપીઠ નામે ઓળખાતી હતી. વૈદ્યનાથની આસપાસ ગણપતિ, બ્રહ્મા, સંધ્યાદેવી, મનસાદેવી, સરસ્વતી, ગંગા, હરગૌરી, અન્નપૂર્ણા, કાલિકા, કાલભૈરવ, શ્રી રામ, લક્ષ્મીનારાયણ વગેરે દેવદેવીઓનાં ૨૨ જેટલાં મંદિરો છે. નજીકમાં ચોપાસ કોટવાળું શિવગંગા નામે એક વિશાળ જળાશય છે. ભાવિકો પ્રથમ અહીં સ્નાન કરીને પછી જ વૈદ્યનાથનાં દર્શન કરે છે ને સાથે આણેલું ગંગાજળ શિવને ચડાવે છે.

રોગનિવારણ, પુત્રપ્રાપ્તિ અને બાળકોના સ્વાસ્થ્ય માટે વૈદ્યનાથની આરાધના થાય છે.

દ્વાદશ જ્યોતિર્લિંગ વિષેના એક અન્ય પાઠ 'પરલ્યાં વૈદ્યનાથં ચ' અનુસાર એક મત આંધ્ર પ્રદેશમાં પરલી ગામના વૈદ્યનાથને જ્યોતિર્લિંગ માને છે. અહીં શંકરનો પાર્વતી સહિત વાસ હોવાનું મનાય છે અને એટલે આ ક્ષેત્રને કાશી કરતાં પણ એક જવભાર શ્રેષ્ઠ ગણે છે. અહીંનું શિવલિંગ શાલિગ્રામ શિલાનું ને એકાદ હાથ ઊંચું છે. પૃથ્વીની મધ્યરેખા પરલી પરથી પસાર થાય છે એવું મનાતું હોઈ વિષુવદિને એક ગવાક્ષમાંથી સૂર્યકિરણ સીધું શિવલિંગ ઉપર પડે તેવી ત્યાં રચના છે. અહીં રોજ ચાર વાર દેવની પૂજા થાય છે ને પ્રાતઃપૂજા પછી લિંગ પર મુખવટો પહેરાવાય છે. નવરાત્ર, અશ્વિની પૂર્ણિમાથી કાર્તિકી પૂર્ણિમા અને મહાશિવરાત્રીએ અહીં મોટો મેળો ભરાય છે. —ચંદ્રકાન્ત મો. શુક્લ



માધુકરી

નાચ્યાં વરાળ વીજળી, મન તો અનાચ્યું,
આંબ્યા ગ્રહો, નિજનું અંતર તો અજાણ્યું;
આ માનવોદ્ભવતણી મહતી પ્રવૃત્તિ?
તું ગીત એ ગણીશ વા કરુણ પ્રશસ્તિ?

—અશોક હર્ષ

સ્વ. લચ્છુ મહારાજ

ઉત્તર ભારતના કથક નૃત્યની પરંપરાનાં મૂર્ધાભિષિક્ત જ્ઞાતા અને ગુરુ લચ્છુ મહારાજનું ગઈ ૧૯મી જુલાઇએ ૭૭ વર્ષની વયે અવસાન થયું. લખનૌનું ભાવ અને અભિનયપ્રધાન ઘરાનું કથક નૃત્યની પ્રાણવત્તાના કેન્દ્ર સમાન ગણાય છે. બિંદાદીન મહારાજ એના પ્રતિષ્ઠાપક અને જનક હતા. એમના કલાવારસાને ઉત્તમ રીતે સાચવવા અને દીપાવવામાં શંભુ મહારાજ અને લચ્છુ મહારાજ તથા અચ્છુ મહારાજ એ ત્રણે ભાઇઓનું આગવું મહત્ત્વ છે—લચ્છુ મહારાજે ઉસ્તાદ ફૈયાઝખાં પાસે સંગીતની તાલીમ પણ લીધી હતી. એમના પિતા પં. કાલિકાપ્રસાદજી શ્રેષ્ઠ તબલાનવાઝ હતા. લચ્છુ મહારાજનું મૂળ નામ પણ પં. બૈજનાથજી હતું.

જીવનના ચાર દાયકા જેટલો સમય એમણે મુંબાઈમાં વિતાવ્યો હતો તે દરમિયાન 'રામરાજ્ય'થી માંડી 'એક હી રાસ્તા', 'મુઝે જીને દો', 'મુઘલે આઝમ', 'તીસરી કસમ', 'પાકિઝા' વગેરે સુધીની અનેક ફિલ્મોમાં એમણે નૃત્ય-દિગ્દર્શન પણ કરેલું. 'માલતી માધવ'થી લઇને 'ગૌતમ બુદ્ધ' ને 'રાધાકૃષ્ણ લીલા' સંબંધી અનેક વિષયો લઇને એમણે કથક શૈલીમાં અનેક નૃત્યનાટિકાઓની સર્જના પણ કરી હતી. રાજસ્થાન, પંજાબ, હૈદરાબાદ વગેરે રાજ્યોમાં પણ એમણે પોતાનાં નૃત્યો દ્વારા કથક અને લખનૌ ઘરાનાનું નામ રોશન કર્યું હતું. ભાવોને સંગીતમય બનાવીને એની તાલબદ્ધ રજૂઆતમાં એમની કલાક્ષમતા અનુપમ હતી. આવી જ રીતે ઠુમરી, દાદરા, પૂરવી ખયાલ વગેરે ગાયકીમાં પણ એમની પ્રવીણતા એટલી જ ખ્યાતિ પામી હતી. સંગીતની સેંકડો 'ચીજો' એમને કંઠસ્થ હતી. ઈ. ૧૯૫૭માં સંગીતનાટક અકાદમીએ એમની કલાશક્તિને પુરસ્કારથી નવાજી હતી. ઈ. ૧૯૭૪માં એમને 'પદ્મશ્રી'નું માન આપવાનું પણ કેન્દ્ર સરકારે વિચારેલું પરંતુ લચ્છુ મહારાજે તેનો અસ્વીકાર કર્યો હતો.



એમને મન કથક એ ભગવાન કૃષ્ણ અને શિવનું નૃત્ય હોઈ એની શાસ્ત્રશુદ્ધતાના તેઓ ચુસ્ત હિમાયતી હતા. કથા વિના કથકનું મહત્ત્વ નથી એમ તેઓ માનતા, પણ કથકમાં થતાં નવાં ઉમેરણો તેમને અસ્વીકાર્ય હતાં. મુઘલ સમયમાં શુદ્ધ કથકમાં પેસી ગએલાં આવાં નવાં તત્ત્વોને કારણે જ એ નાચનારીઓનું નૃત્ય ગણાવા લાગેલું એમ તેઓ માનતા. કથકની શુદ્ધતા જાળવવા અંગેના એમના આગ્રહને કારણે અમુક ઉચ્ચ કોમોની વ્યક્તિ સિવાય અન્યને કથક શીખવવાના પણ તેઓ વિરોધી હતા. આજના લગભગ બધા સુખ્યાત કથક નૃત્યકારો એક રીતે એમના શિષ્યો છે. કેવળ તાલ ઠેકાના ગણિતમાં બંધાઈ રહેલા કથકને તેમાંથી મુક્ત કરીને એમણે તેમાં ભાવસંચેતનાની પ્રાણપ્રતિષ્ઠા કરી એ એમનું સૌથી મોટું પ્રદાન છે. □

સૃષ્ટિસૌંદર્યથી ખચિત ગિરિધામ પંચમઢી

પોતાના શાસનકાળમાં અંગ્રેજોએ જે કેટલાંક ચિરસ્મરણીય કાર્યો કરેલાં તેમાંનું એક કાર્ય છે એમના અમલ તળેના પ્રદેશોમાં ગિરિમથકો વિકસાવવાનું. પંચમઢી એ એક એવું ગિરિમથક છે. ઇંગ્લૅન્ડ, જર્મની કે જાપાનથી યે વધુ વિસ્તૃત અને ભારતમાં સૌથી મોટા-૪૪૩૪૫૯ ચો. કી. મી. વિસ્તારવાળા મધ્ય પ્રદેશનું એ એકમાત્ર ગિરિમથક છે. સ્વાતંત્ર્ય પૂર્વેના મધ્ય પ્રાંતના હોશંગાબાદ જિલ્લાના સોહાગપુર તહેસિલમાં સાતપુડા પર્વતમાળના ઉચ્ચ પ્રદેશમાં આરોગ્ય-



ધામ તરીકે એના વિકાસનો આરંભ થએલો. 'ધ હાઈલૅન્ડ્સ ઑવ સેન્ટ્રલ ઇન્ડિયા'ના લેખક કૅપ્ટન ફૉરસીથે જ્યારે પહેલી વાર એ પ્રદેશ જોયો ત્યારથી એમને એ ગમી ગએલો. પોતાને માટે ત્યાંના જંગલમાં એમણે 'બાઈસન લૉજ' નામે એક નાનું મકાન પણ બનાવેલું. ઈ. ૧૮૬૯ થી ૧૮૭૧ દરમિયાન અંગ્રેજ સરકારે એ વિસ્તાર પોતાને હસ્તક લીધો અને મધ્ય પ્રાંતના ચીફ કમિશનરે ઉનાળામાં ત્યાં વસવાટ કરવા માંડયો.

પંચમઢી નામ એ સ્થળે આવેલી પાંચ ગુફાઓ પરથી પડેલું છે. પોતાના વનવાસ દરમિયાન પાંડવો ત્યાં રહેલા એવું લોકો માને છે. પણ આવી કથાઓ તો ભારતનાં બીજાં અનેક સ્થળો સાથે લોકોએ જોડી કાઢી છે. આ ગુફાઓ કદાચ બૌદ્ધ પણ હોઈ શકે. એ ઇતિહાસ તો જે હોય તે, પણ ગિરિમથક તરીકે પંચમઢી એક અત્યંત સુંદર સ્થાન છે. સાતપુડા પર્વતમાળામાં સમુદ્રની સપાટીથી લગભગ ૧૦૬૭ મી. (૩૫૦૦ ફૂટ)ની ઊંચાઇએ આવેલા આશરે ૨૩ ચો. માઈલના ઉચ્ચ પ્રદેશમાં એ આવેલું છે. ભર ઉનાળામાં પણ ત્યાંનું હવામાન ખુશનુમા રહે છે. આ પ્રદેશમાં વાર્ષિક સરાસરી વરસાદ લગભગ ૭૭ ઈંચ જેટલો પડતો હોવા છતાં, જૂનથી સપ્ટેમ્બર માસ દરમિયાન જ એ બધો વરસી જતો હોવાથી ચોમાસામાં અનુભવાતી ગંદકી વગેરે મુશ્કેલીઓ અહીં નડતી નથી. વરસાદ પછી તો આ સ્થળ આસપાસની વનશ્રીથી સવિશેષ ખીલી ઊઠે છે.

ઈટારસી-જબલપુરના રેલમાર્ગમાં આવતા પીપરિયા સ્ટેશનેથી પર કિ. મી. લાંબા બસ માર્ગે પંચમઢી પહોંચવાની સારી સુવિધા છે.

ગિરિમથક હોવાથી અહીંનાં આસપાસનાં જોવાલાયક સ્થળોમાં મુખ્યત્વે તો પ્રાકૃતિક સૌંદર્યનાં મનોહર સ્થાનો જ છે, જેની સંખ્યા લગભગ ૬૦ જેટલી છે. સાતપુડા પર્વતમાળાનું સર્વોચ્ચ શિખર ધૂપગઢ પંચમઢીથી છએક માઈલ જેટલું જ દૂર છે ને ત્યાં પહોંચવા માટેના પોણા ભાગના અંતરમાં તો પાકી સડક તથા વાહનની સગવડ સુલભ છે. એ પછીનો માર્ગ સાંકડો હોઈ ચાલીને જ જઈ શકાય છે. માર્ગમાં વચ્ચે એક વિશ્રામગૃહ પણ છે. પંચમઢીથી એક ટૂંકા માર્ગે પણ ત્યાં જઈ શકાય છે.

પંચમઢીથી લગભગ એટલું જ દૂર આવેલું મહાદેવ શિખર પણ પહાડી સૌંદર્યની દૃષ્ટિએ ધૂપગઢથી જરાય ઓછું ઊતરે તેવું નથી. એની ટોચ ઉપર મહાદેવનું મંદિર પણ છે અને મહાશિવરાત્રીના પર્વ પર તો હજારો યાત્રિકો ત્યાં આવે છે ને મોટો મેળો ભરાય છે.

એક મનહર પહાડી ઝરણાને જન્મ આપતી મહાદેવ ગુફા પણ અહીંનું એક બહુ લોકપ્રિય સ્થાન છે. વૃક્ષ આચ્છાદિત પહાડી, તેમાં વહેતા ઝરણાનો કલનાદ અને આ વિશાળ ગુફાના દ્વાર પાસે રહેતા એક પૂજારી દ્વારા થોડી થોડી વારે થતા ઘંટનાદ ને પહાડોમાંથી ઊઠતા તેના પ્રતિઘોષને કારણે આ સ્થાનનું સૌંદર્ય ને વાતાવરણ અત્યંત આહ્લાદક લાગતું હોઈ વનભોજનનો આનંદ લેવા ઘણા પ્રવાસીઓ અહીં અચૂક આવે છે. એમના વિરામ માટે પણ અહીં સારી સુવિધા છે ને બસમાં આવ્યા પછી ઊંચટનું ચઢાણ ચડવા અહીં ઘોડા પણ મળે છે. મહાશિવરાત્રીના દિવસે અહીં પણ સંખ્યાબંધ લોકો ઊમટે છે.

મહાદેવ ગુફાથી ચારેક કિ. મી. દૂર આવેલું ચૌરાગઢ પણ અહીંનું એક સુખ્યાત શિખર છે. ત્યાંના માર્ગમાં યાત્રીઓ સરળતાથી ચડી શકે એ માટે મજબૂત દોરડાંઓ બાંધેલાં છે. આ શિખર ઉપર ત્રિશૂળ મૂકી જવાનું માહાત્મ્ય હોઈ ત્યાં આસપાસ અનેક જગ્યાએ એ જોવા મળે છે.

પાંડવ ગુફાઓ—જેના ઉપરથી આ ગિરિનગરનું નામ પડયું છે એ પંચ-મઢી પણ અહીંનું એક આકર્ષણ છે. જે પહાડ ઉપર એ કોરાએલી છે તેની ટોચેથી દેખાતા ગિરિનગરનું દૃશ્ય અત્યંત મનહર લાગે છે.

રાજેન્દ્રગિરિ પણ અહીંનું એક આકર્ષણ છે. ઈ. ૧૯૫૩માં રાષ્ટ્રપતિ રાજેન્દ્રપ્રસાદની અહીંની મુલાકાત પછી એ નામે ઓળખાતું આ 'પૅનોરમા પૉઈન્ટ' આ પ્રદેશના સૃષ્ટિસૌંદર્યનું એક અનોખું દર્શન કરાવે છે.

હરિયાળાં ગિરિશિખરોની જેમ આ પ્રદેશના જલપ્રપાતો પણ અનેરું આકર્ષણ છે. અપ્સરા વિહાર ધોધમાંથી વહેતો જલપ્રવાહ આગળ જતાં રજત પ્રપાત નામે ૩૫૦ ફૂટ ઊંચેથી પડીને એક ભવ્ય રૂપ ધારણ કરે છે, એટલું જ નહિ તેથી યે આગળ અનેક નાના ધોધ રૂપે વહેંચાઇને અદ્ભુત સૌંદર્ય પ્રકટ કરે છે. કુદરતના આ અનોખા રૂપને જોવા માટે પણ ત્યાં સુંદર વ્યવસ્થા કરેલી છે. ધૂપગઢના માર્ગે વચ્ચે નીચાણમાં પહાડી નદીના એક સંગમ ઉપર વનશ્રીવિહાર નામનું એક સુંદર સ્થાન છે. નહાવા માટે ત્યાં કેટલાક કુંડ પણ છે. પર્યટન માટે આ એક અત્યંત રમણીય સ્થાન ગણાય છે.

ગીચ વનરાઈ, કલકલતાં ઝરણાં ને લીલી હરિયાળીની વચ્ચે પીપરિયા-પંચમઢી માર્ગ પર પનાર પાણી નામના સ્થાનનું સૌંદર્ય પણ અનેરું છે. છેક બ્રાઝિલથી મંગાવીને અહીં ખાસ ઉગાડેલું કુંદનવૃક્ષ એનાં સુગંધી પીળાં પુષ્પોને કારણે અહીંનું એક મુખ્ય આકર્ષણ છે. નાનાં મોટાં શિખરો, ઝરણાંઓ અને એના ધોધ, લીલીછમ વનરાઈ ને ઉચ્ચ પ્રદેશના સદાબહાર વાતાવરણને કારણે અજબ સૃષ્ટિ સૌંદર્યથી મંડિત પંચમઢી ભલે મધ્ય પ્રદેશનું એકમાત્ર ગિરિધામ હોય, પણ એ એકે હજારા સમું છે.

કોકમ

આમલીને બદલે આપણે કોકમ નાખીએ છીએ. કેટલાકને તો આમલીવાળી દાળ જ ભાવે; કેમ કે દેખાવમાં કોકમની દાળ કાળી બને છે. પરંતુ શરીર માટે આમલી કરતાં કોકમ જ ફાયદાકારક છે. કોકમ એ એક પ્રકારના નારંગી જેવાં મોટાં લીંબુ છે. લીંબુના ગુણ એનામાં છે.

"તેર ગુન તંબોલમેં, લીંબુમેં ગુન વીસ,
સોલા અવગુન આમમેં, ચીંચુમેં ચાલીસ."

આમલી(ચીંચુ)માં તો ચાળીસ અવગુણ છે, એટલે કે તે ખૂબ નુકસાનકારક છે એમ આ દુહો કહે છે.

દક્ષિણના કોંકણ અને કર્ણાટક પ્રાંતોમાં કોકમનાં ઝાડ આપણી લીંબુડી જેવાં મોટાં થાય છે. કોકમ એ ઝાડનું ફળ છે. નારંગી આકારના એ રાતા ફળને ત્યાંના લોકો 'રાતાંબાં' પણ કહે છે. ત્યાંના લોકો કોકમનું પાણી પીએ, કોકમનો મગજ બનાવે, તેની છાલ સૂકવે તે આપણાં કોકમ, આ કોકમની બહુ મોટા પાયા પર નિકાસ થાય છે. કોકમ સ્વાદ અને ખટાશ આપે છે. એ ઉપરાંત તેનાં બીયાંમાંથી તેલ કાઢવામાં આવે છે. મીણ જેવું સફેદ ને જાડું એ તેલ દવાના કામમાં આવે છે. આપણે તેને કોકમનું ઘી કહીએ છીએ. તેની મીણબત્તી પણ બનાવાય છે.

આયુર્વેદની દૃષ્ટિએ કોકમ ગુણકારી છે. જેમને શીતપિત્ત એટલે કે શીળસ થાય છે તેમને કોકમના પાણીમાં જીરું અને ખાંડ નાખી પાશેર જેટલું પીવડાવવાથી આરામ મળે છે. કોકમનો ઉકાળો પીવાથી અજીર્ણમાં આરામ મળે છે. ખાટા ઓડકાર માટે કોકમ સાથે એલચી કે

સાકરની ચટણી ખાવી. પિત્તના રોગ માટે કોકમ ફાયદાકારક છે.

હાડકાંના દુખાવામાં કોકમના ઝાડનાં પાંદડાં વાટી ગરમ કરીને બાંધવાં. ઠંડીથી ચામડી ફાટે ને વાઢિયા પડે તે પર કોકમનું ઘી ઘસીને ચોપડીએ તો મટે છે એ તો જાણીતો ઉપચાર છે. કાચું કોકમ ખાટું, ગરમ, વાયુહર, કફપિત્ત કરનાર છે. પાકું કોકમ ભારે, મળ દૂર કરનાર, તીખું, તૂરું, હલકું, ગરમ, રુચિવર્ધક, અગ્નિ પ્રદીપ્ત કરનાર, તથા વાયુગોળો, શૂળ, છાતીનું દર્દ મટાડનાર છે. (ગુજરાતમિત્ર)

સૌરાષ્ટ્રનાં ઇતિહાસ-પુરાતત્ત્વ

ઇતિહાસ-પુરાતત્ત્વની દૃષ્ટિએ સૌરાષ્ટ્ર એક અદ્ભુત પ્રદેશ છે. સૌરાષ્ટ્રને ભાદરકાંઠેથી જૂના પાષાણયુગનાં ઓજારો મળ્યાં છે. ઉત્ખનન દ્વારા આદિ ઇતિહાસકાળથી આજ પર્યંતના ઇતિહાસની સળંગ કડીઓ પ્રાપ્ત થઈ છે. પુરાણો કથિત પાતાળપ્રદેશ અને નાગલોકનાં ઇંગિતો સૌરાષ્ટ્રમાં મળે છે. સિન્ધુ સભ્યતાની એક લે'ર સૌરાષ્ટ્રના લગભગ બધા જ ખૂણામાં ફેલાઈ ગએલી હોવાનું પ્રાપ્ત અવશેષો ઉપરથી સ્પષ્ટ છે. ઇતિહાસકાળનો તો એક મૂલ્યવાન અવશેષ ગિરનારની તળેટીમાં આપણી નજર સમક્ષ છે. બોરિયા, ઈંટવા ને ધૂમલીનાં બૌદ્ધ સ્થાનો અને બાવાપ્યારા, ઉપરકોટ, સાણા, તળાજા, ખંભાલિડા, બરડાની બૌદ્ધગુફાઓ તથા ચૈત્યો સૌરાષ્ટ્રનું એ કાળે કેવું મહત્ત્વ હશે તેનો નિર્દેશ આપી રહે છે. શુંગ, ક્ષત્રપ, ગુપ્ત, મૈત્રક, પ્રતિહાર, ગુર્જર વગેરેનાં પાદચિહ્ન સૌરાષ્ટ્રમાં મળે છે. ઉત્તર ગુજરાતે સોલંકી સામ્રાજ્યનો ઉદય થયો ત્યારે અહીં નાનાં પણ જામેલાં રાજ્યો હતાં; પોતપોતાની શક્તિભક્તિ મુજબ સંસ્કૃતિની સુવાસ પણ ફેલાએલી હતી. શક-સીથિયન, હૂણ, બ્રાહ્મણ, મહેર અને કાઠીની, તથા રાજપૂતોના જેઠવા, ચૂડાસમા, ગોહિલ, વાળા, વાજા, પરમાર, ઝાલા, જાડેજા જેવા વંશોની તેમજ મુસ્લિમ તથા પારસી પ્રજાઓ સૌરાષ્ટ્રમાં આવી સૌરાષ્ટ્રની બનીને રહી છે. મુઘલ, મરાઠા, ફિરંગી ને અંગ્રેજોએ આપેલા રંગ પણ સૌરાષ્ટ્રમાં છે. સૌથી આકર્ષક રંગ તો અહીંની લોકસંસ્કૃતિનો છે. રાજદરબારોના ખૂની ભભકા કરતાં ય સૌરાષ્ટ્રની પ્રજાએ સાધુસંતોને ને પીરઓલિયાઓને વિશેષ સન્માન્યા છે. ભારતવર્ષનો લગભગ દરેક ધાર્મિક પુરુષ સૌરાષ્ટ્રમાં આવ્યો છે. ગિરનાર, દ્વારકા અને સોમનાથ સંસ્કૃતિનાં પરમ ધામ છે. —મણિભાઈ વોરા

અઢારમી સદીનું સૌરાષ્ટ્ર

અઢારમી સદીનો ઉત્તરાર્ધ એટલે મુઘલ અને મરાઠાની પડતીનો સમય. આ સમય ઓખામંડળ, હાલાર, બરડો, સોરઠ, પાંચાળ, કાઠિયાવાડ, ગોહિલવાડ અને ઝાલાવાડનાં નાનાંમોટાં રાજ્યોની ધક્કામુક્કીનો સમય છે; કાંડાબળિયા કારભારીઓ અને અંગ્રેજ કંપની સરકારના ઉદયનો સમય છે; રા' દેશળજી, ફતેહમહમદ જમાદાર, જામ જશાજી, મેરુ ખવાસ, ભા કુંભાજી, નવાબ હામદખાન, અમરજી દીવાન, રાણા સુરતાનજી, પ્રેમજી દામાણી, સુંદરજી સોદાગર, રાવળ વખતસિંહ અને કાઠી ધાડાં, ગાયકવાડી ફોજ, વાઘેરો તથા બહારવટિયાનો સમય છે. અઢારમી સદીના એ સૌરાષ્ટ્ર વિષે અસંખ્ય લોકકથાઓ અને લોકગીતો છે, નાનાંમોટાં ધીંગાણાંની યાદ આપતા પાળિયાઓ પણ છે. પ્રજાપક્ષેથી નિહાળીએ તો આ સમય મહાન ધર્મસંક્રાન્તિનો સમય પણ છે. લશ્કરી જુલ્મોથી ત્રાસી ગએલી પ્રજા ભજનભક્તિમાં શાંતિને શોધતી હતી. ધીરો, ભોજો ને નિરાંત જેવાં ભક્ત-રત્નો એ સમયમાં પાક્યાં. અઢારમી સદીના અંત પછી સ્વામીનારાયણનો ઉદય ધર્મસંક્રાન્તિની પરાકાષ્ઠા સૂચવે છે. બ્રહ્માનંદ, મુક્તાનંદ અને નિષ્કુલાનંદ અઢારમી સદીનાં સંતાનો છે. અંગ્રેજો, અધિકારીઓ, શ્રેષ્ઠિઓ અને મહંતો રાજખટપટમાં પડ્યા હતા ત્યારે પ્રજા અંદર જોઇને બેઠી હતી! 'અઢારમી સદીનું સૌરાષ્ટ્ર' એ અભ્યાસનો બહુ મોટો વિષય છે. —મણિભાઈ વોરા

ટે. ૩૮૨૬૦૩, ૩૮૦૨૦૮ ઑડિટ વર્ગ : 'અ' ટેલિગ્રામ : 'ટેક્ષટેબ'

ટેક્ષટાઈલ ટ્રેડર્સ કો-ઑપરેટિવ બૅંક લિ.

હેડ ઑફિસ : પારસી ચાલ, મસ્કતી મારકેટ સામે, અમદાવાદ–૨ * બ્રાન્ચ : ૭૦૮, ન્યૂ ક્લૉથ માર્કેટ, અમદાવાદ–૨

શ્રી ચંદુલાલ ભીખાભાઈ સતિયા ચેરમૅન — **શ્રી સુમતિલાલ પોપટલાલ** વાઇસ ચેરમૅન — **શ્રી હીરાલાલ હરિલાલ ભગવતી** મૅનેજિંગ ડિરેક્ટર

તા. ૩૦–૬–૭૮ સુધીના આઠ વર્ષના ટૂંકા ગાળામાં બૅન્કે સાધેલી સિદ્ધિઓની કડીબદ્ધ વિગતો :

(૧) ડિપૉઝિટ : રૂ. ૨,૬૧,૪૯,૦૦૦ (૨) શેર કેપિટલ : રૂા. ૩૨,૩૫,૦૦૦

(૩) કાર્યકારી ભંડોળ : રૂ. ૩,૭૭,૦૦,૦૦૦ (૪) રિઝર્વ : રૂા. ૭૦,૫૮,૦૦૦

ગુજરાત સરકારની ટ્રસ્ટ ડિપૉઝિટો સ્વીકારવા માટે મંજૂરી મેળવેલ છે.

મધ્યસ્થ સરકારે કેપિટલ ગેઇન્સ ટેક્સનાં નાણાં સહકારી બૅંકોને લેવાની મંજૂરી આપેલ છે.

ઉજ્જ્વળ ભાવિ માટે આપનાં નાણાંનું બૅંકનાં "સુરક્ષા સર્ટિફિકેટ્સ"માં રોકાણ કરી બાળકોનાં અભ્યાસ, લગ્ન તથા ભવિષ્યની ચિંતાથી મુક્ત થાઓ.

બૅન્કના સ્વભંડોળમાં રૂા. ૧,૦૨,૦૦,૦૦૦ — એક કરોડ બે લાખ થાય છે.

વર્ષ/માસ	રૂા. ૫૦૦	રૂા. ૧૦૦૦	રૂા. ૨૦૦૦	રૂા. ૩૦૦૦	રૂા. ૪૦૦૦	રૂા. ૫૦૦૦	રૂા. ૧૦,૦૦૦
૫	૮૧૯-૩૦	૧,૬૩૮-૬૦	૩,૨૭૭-૨૦	૪,૯૧૫-૮૦	૬,૫૫૪-૪૦	૮,૧૯૩-૦૦	૧૬,૩૮૬-૦૦
૧૦	૧,૩૪૨-૫૭	૨,૬૮૫-૧૪	૫,૩૭૦-૨૮	૮,૦૫૫-૪૨	૧૦,૭૪૦-૫૬	૧૩,૪૨૫-૭૦	૨૬,૮૫૧-૪૦
૧૫	૨,૨૦૦-૦૦	૪,૪૦૦-૦૦	૮,૮૦૦-૦૦	૧૩,૨૦૦-૦૦	૧૭,૬૦૦-૦૦	૨૨,૦૦૦-૦૦	૪૪,૦૦૦-૦૦
૨૧/૧	૪,૦૧૩-૪૦	૮,૦૨૬-૮૦	૧૬,૦૫૩-૬૦	૨૪,૦૮૦-૪૦	૩૨,૧૦૭-૨૦	૪૦,૧૩૪-૦૦	૮૦,૨૬૮-૦૦

સર્ટિફિકેટ્સ રૂા. ૫૦૦/– અને તેના ગુણાંકમાં મેળવી શકાય છે

તો શા માટે તેમાં ત્વરિત રોકાણ ન કરવું ? • આ રોકાણ સુરક્ષિત, નિશ્ચિત અને આકર્ષક પણ છે.

આ રીતે સાદા વ્યાજનો દર ૩૫·૧૩ ટકા જેટલો થાય છે. * વધુ માહિતી માટે મળો :

કંચનલાલ વાડીલાલ પરીખ, મૅનેજર (હેડ ઑફિસ)

સૌરાષ્ટ્રની વિસ્મૃત નગરીઓ

બસો વર્ષ પૂર્વે શહેરોની સંખ્યા નહિવત્ હતી. આજની તુલનામાં તો 'શહેર' ન કહેવાય એવી રાજધાનીઓ હતી. આજુબાજુના પ્રદેશની જ્યાં આપ-લે થતી હોય તે 'નગર' કહેવાતું. આવી ઉજ્જડ અને વિસ્મૃત નગરીઓનાં ખોખાં સૌરાષ્ટ્ર ભ્રમનારની નજરે ચડયા વિના રહેતાં નથી. થાન, ઢાંક, ધૂમલી, સરધાર, વળા, શિહોર, હાથબ, ઊના. ખંભાળિયા, વંથલી, માંગરોળ, નાગના, હળવદ આજે હયાત ગઈ કાલની મહત્ત્વની નગરીઓ હતી. પુરાણકાળની કુશસ્થલી અને દ્વારકા તથા જુદાંજુદાં તામ્રપત્રોમાં ઉલ્લેખિત નક્ષિસપુર, ભદ્રપત્તન, કોટિનગર, કુબેરનગર, કંકમસ્રવણ વગેરે તો વિસ્મૃત થએલી નગરીઓ છે. આજના યુવાન ઇતિહાસ સંશોધકોનું એ ઉત્તરદાયિત્વ છે કે આ નગરીઓના અવશેષો શોધી કાઢી એનો સ્થળનિર્દેશ કરે. —મણિભાઈ વોરા

(સૌરાષ્ટ્ર ઇતિહાસ સંશોધન સભાના જ્ઞાનસત્રમાં અધ્યક્ષસ્થાનેથી આપેલા પ્રવચનમાંથી)

ગૉગલ્સનું ગાંડપણ

સામાન્ય રીતે લોકો આંખને ઠડક આપવા કે આંખના રક્ષણ માટે ગૉગલ્સ પહેરે છે. વધુપડતો પ્રકાશ, તડકો કે ધૂળ અને ધુમાડાભર્યા વાતાવરણમાં ગૉગલ્સથી આંખને ઢાંકી દેવામાં દેખીતી કંઈક રાહત મળે છે. પણ ભાગ્યે જ કોઇને ખયાલ હશે કે આ નિર્દોષ દેખાતાં ગૉગલ્સ આંખ માટે નુકસાનકારક પણ છે. આ અંગેના કેટલાક કિસ્સા નોંધીને આંખોના નિષ્ણાત એક અમેરિકન ડૉકટરે ચર્ચા કરી છે. એમાંનો એક મિસિસ એમ. જોઈસ નામની એક યુવતીનો કિસ્સો પણ જાણવા જેવો છે. તે રૂપાળી હતી, પણ ગૉગલ્સ પહેરતી ત્યારે વધુ રૂપાળી લાગતી. સૌ કહેતા કે તે ગૉગલ્સ પહેરે છે ત્યારે રૂપસુંદરી લાગે છે. પરિણામે તે હરહંમેશ ગૉગલ્સ પહેરીને જ ફરતી. એક દિવસ તેને ઓચિંતા ગૉગલ્સ વગર બહાર જવાનું થયું. સૂર્યનાં કિરણો તેની આંખો સહી શકતી ન હતી. સાંજ પડતાં તો તેની આંખમાં અતિશય દર્દ ઊપડ્યું. તે ડૉકટર પાસે ગઈ ત્યારે જ તેને ખયાલ આવ્યો કે કાયમ ગૉગલ્સ પહેરી રાખવાને કારણે તેની આંખો નબળી પડી ગઈ હતી ને તે લગભગ અંધ બની ગઈ હતી.

દારૂ, સિગારેટ કે તમાકુની ટેવની માફક જ ગૉગલ્સ પહેરવાની ટેવ પડે છે. આ કુટેવ નુકસાનકારક છે કારણ કે તે આંખો સાથે સીધી સંકળાએલી છે. ખૂબ જ આકરા સૂર્યના પ્રકાશ સિવાય ગૉગલ્સ પહેરવાં હિતાવહ નથી. ગૉગલ્સ અવારનવાર પહેરવાથી આંખમાં રંગ પારખનારું જે દ્રવ્ય છે તે ઉત્પન્ન થતું બંધ થઈ જતાં અંધાપાની પણ ધાસ્તી રહે છે.

જગતમાં ૧૯૭૨ પછી દરેક દેશમાં યુવાન પેઢીનાં છોકરા-છોકરીઓમાં ભાતભાતનાં ગૉગલ્સ પહેરીને સુંદર અને આકર્ષક દેખાવાનું જે ગાંડપણ લાગ્યું છે તે રોકવું અત્યંત જરૂરી છે. આ ગાંડપણની પરાકાષ્ઠા અને દુઃખ એ છે કે ઊંચી કિંમતે વેચાતાં 'રૅ઼ડો ગ્લાસિસ' અને 'સ્મોક ગ્લાસિસ' જેટલાં સુંદર દેખાય છે તેટલાં જ પહેરવામાં ખતરનાક છે. ઊંચી કિંમતની ફ્રેમોની વિવિધતા અને બાહ્ય દેખાવથી ભરમાઇને ખરીદાતાં આ ગૉગલ્સ આંખને સૌથી વધુ નુકસાન કરે છે.

(આયુ ડાઇજેસ્ટ) —'આપની આંખો' એપ્રિલ-૬૮

પરવળ–શાકભાજીમાં શ્રેષ્ઠ

ભારતમાં સર્વત્ર થતાં પરવળ લીલાં શાકભાજીમાં શ્રેષ્ઠ ગણાય છે. આસામ, પશ્ચિમ બંગાળ, બિહાર અને ઉત્તર પ્રદેશમાં એ વધુ પ્રમાણમાં થાય છે. હવે તો ગુજરાતમાં વડોદરા, ખેડા, અમદાવાદ અને સુરત જિલ્લામાં પણ તેનું વાવેતર વધુ પ્રમાણમાં થવા માંડયું હોઈ અહીં પણ તે છૂટથી મળી શકે છે.

SUKUMAR & CO.

81, Chikhal Gully,
M. J. Cloth Market,
BOMBAY 400 002

FOR
FANCY PRINTS
EXCLUSIVE IN ELEGANCE


'Grow More Trees'
—*Lions Club of Andheri, Bombay*



વેચાણ કેન્દ્રો :

અમદાવાદ, વડોદરા, ભાવનગર, રાજકોટ, ગોંડળ, જામનગર, સુરેન્દ્રનગર, પોરબંદર, ધોરાજી અને ખંભાત

આ માસના આકાશમાં



ગ્રીક પુરાણમાં એક કથા છે : સૂર્યના પુત્ર ફૅઈટનના બાલમિત્ર સિગ્નસે એક વાર લાગ સાધી સૂર્યનો રથ હાંકવાની અનધિકૃત ચેષ્ટા કરી. પણ એ રથના ઘોડાઓને કાબૂમાં રાખી શક્યો નહિ. બિકાળૂ ઘોડા પૂરપાટ દોડવા લાગ્યા અને એથી રથમાં ફંગોળાવા માંડેલો સિગ્નસ અંતે એરીડેનસ નદીમાં પડી જતાં દુઃખી મર્યો. એ પછી નવું શરીર ધરવા નદી પર ભટક્યા કરતા એના અવગતિયા આત્માને દેવોએ હંસનું રૂપ આપ્યું અને ત્યારથી એ હંસ રૂપે હમેશાં નદી પાસે જ રહે છે. આકાશમાં એક તારામંડળમાં ઊડતા હંસની આકૃતિ કલ્પીને એને આ સિગ્નસ (Cygnus)નું નામ અપાયું છે. ખળખળ વહેતી નદીના ઝળહળતા જલ પર ઊંચે ઊડી રહેલા હંસની કલ્પના કરી શકો તો હાલમાં ઈશાનથી નૈઋત્યમાં ફેલાએલી આકાશગંગાના તારા-પટમાં દેખાતા એ તારામંડળના નામની સાર્થકતા પ્રમાણી શકશો.

આ તારામંડળના મુખ્ય છ તારાથી રચાતી આકૃતિ ઈસુ ખ્રિસ્તીના વધસ્તંભ-ક્રૉસ જેવી પણ લાગે છે, એટલે એને 'નૉર્ધન ક્રૉસ' પણ કહે છે. [નૉર્ધન, એટલે ઉત્તરનો એટલા માટે કે આવા જ આકારનું એક નાનું તારામંડળ-સધર્ન ક્રૉસ ('સ્વસ્તિક') દક્ષિણ આકાશમાં પણ છે.] આ ક્રૉસના શિરસ્થાને 'ડેનેબ' (Deneb Asided) નામનો એક તારો છે. નરી આંખે દેખાતી તેજસ્વિતાની દૃષ્ટિએ આકાશના સૌથી ઉજ્જ્વળ એવા પ્રથમ વીસ તારાઓમાંનો એ એક આગળપડતો વિરાટ તારો છે. સોળ સો પ્રકાશ વર્ષ દૂરથી દેખાતું એનું આ તેજ અસલમાં તો સૂર્ય કરતાં યે ૬૦,૦૦૦ ગણું છે. ખગોળશાસ્ત્રીઓ કહે છે કે આ તારાનું વાતાવરણ સ્પંદનો અનુભવે છે. એક ગણતરી છે કે ઈ. ૧૦,૦૦૦ના અરસામાં ડેનેબ પૃથ્વીના ધ્રુવતારાનું સ્થાન ધરાવતો હશે.

સિગ્નસ તારામંડળને આપણે આપેલું 'હંસ' (Swan) નામ તો અનુવાદિયું છે. પશ્ચિમમાં લોકો એને 'સ્વૉન' (રાજહંસ) પણ કહે છે અને એ સ્વૉનનું આપણે હંસ કર્યું છે. આ હંસાકૃતિના પુચ્છ સ્થાને આવેલા ડેનેબને 'હંસપુચ્છ', મુખસ્થાન પરના તારાને 'હંસમુખ' અને એ બંનેની વચ્ચેના ભિમાંના એક વધુ ચળકતા તારાને 'હંસવક્ષ' નામે ઓળખીએ છીએ. પણ ઉત્તર આકાશમાં અનેક રીતે મહત્ત્વ ધરાવતા ડેનેબ કે હંસપુચ્છને આગવા ભારતીય અભિધાનથી વંચિત ન રાખવા ગાંધી-શતાબ્દી વર્ષમાં સ્વ. પ્રતાપરાય ગિ. મહેતાએ ગાંધીજીનું નામ આપવાનો એક પ્રસ્તાવ વહેતો મૂકેલો અને એને આવકાર પણ મળ્યો, એટલે હવે આપણે ડેનેબને 'ગાંધીતારક' કહી શકીએ.

'હંસમુખ' (Albireo) એ આ તારામંડળનો બીજો મુખ્ય તારો છે. હંસમુખ યુગ્મ તારો છે અને સોનેરી ને નીલવર્ણી એવા તારાવાળી એની જોડ સુંદરતા માટે ખ્યાત છે. 'હંસવક્ષ' (Sada) દેખાવે તો સામાન્ય લાગે છે પણ એનું મહત્ત્વ દર સેકંડે ૬ કિ.મી.ના વેગે એ આપણી તરફ ધસી રહ્યો છે તે તેની ગતિમાં છે.

જો દૂરબીનની સગવડ હોય તો આ તારામંડળનો વિસ્તાર અત્યંત પ્રેક્ષણીય છે. ત્યાં અનેક યુગ્મતારકો અને તારાગુચ્છો તો છે જ, એ ઉપરાંત, કાળી નિહારિકાઓ પણ છે. હંસપુચ્છ પાસેની એક કાળી નિહારિકાના ભાગમાં '૬૧'ની સંજ્ઞાથી ઓળખાતો એક ઝાંખો યુગ્મ તારો છે. તારાઓનું અંતર માપવામાં સૌ પ્રથમ આ તારાનું અંતર મપાયું હતું. આપણાથી ૧૧·૨ પ્ર. વ. જેટલે દૂરનું એનું સ્થાન ઉત્તર ગોળાર્ધના આકાશમાં આપણાથી વધુમાં વધુ નજીકનું છે. 'જય' આપણી સૌથી વધુ નજીકનો તારો છે એ તો એ પછી જાણવા મળેલું, અને એનું સ્થાન દક્ષિણ ગોળાર્ધમાં છે.

—બિ. ટાંક

પરવળ બે જાતનાં થાય છે : એક મીઠાં પરવળ અને બીજાં કડવાં પરવળ. મીઠાં પરવળ શાક માટે વપરાય છે. કડવાં પરવળ માત્ર ઓષધ તરીકે વપરાય છે. શાક મીઠાં કૂણાં પરવળનું જ થાય છે. પરવળનું શાક ખાવાથી પાચનશક્તિ વધે છે. ઉધરસ, તાવ અને લોહીના વિકારો માટે છે. બીમાર–માંદા માણસ માટે તેનું શાક ખૂબ ગુણકારી છે. મીઠાં પરવળનું શાક ઘીમાં તળીને બનાવવાથી વધારે પૌષ્ટિક બને છે. પરવળ પાચક, હૃદયને હિતકારી, વીર્ય વધારનાર, હલકાં, અગ્નિને પ્રદીપ્ત કરનાર, સ્નિગ્ધ અને ગરમ છે. તેમ જ એ ઉધરસ, લોહીવિકાર, તાવ, ત્રિદોષ અને કૃમિને મટાડનાર છે.

—માધવ મો. ચૌધરી

અવાજની દીવાલને વીંધતાં વિમાન

કોઈ પણ વિમાન જ્યારે ઊડે છે ત્યારે તેના અવાજનાં મોજાં બધી દિશામાં ફેલાતાં જાય છે. જે મોજાં આગળ જાય છે, તે જ દિશામાં વિમાન પણ જતું હોય છે.

હવે માનો કે અવાજની ઝડપ કલાકના ૭૦૦ માઈલની છે અને વિમાનની ઝડપ ૫૦૦ માઈલની છે (અવાજની ઝડપ ઊંચાઈ એટલે હવાની ઘનતા અને ઉષ્ણતા પર આધાર રાખે છે) તો આગળ જતાં અવાજનાં મોજાં અને વિમાન વચ્ચે ૨૦૦ માઈલનું અંતર રહેશે. હવે જો વિમાનની ઝડપ ૭૦૦ માઈલની થઈ જાય તો મોજાં અને વિમાન ભેગાં થઈ જશે. મોજાં તો સતત પેદા થતાં જ રહે છે. આથી વિમાનની આગળ તેમની એક દીવાલ રચાઈ જશે. હવે જો વિમાનની ઝડપ હજી પણ વધારવામાં આવે તો તેણે એ દીવાલ ભેદીને આગળ નીકળવું પડશે, કારણ કે વિમાનની ઝડપ વધારી શકાય, પણ અવાજનાં મોજાંની ઝડપ કંઈ એ રીતે વધારી ન શકાય. જે ક્ષણે વિમાન આ અદૃશ્ય દીવાલને ભેદીને તેની આરપાર નીકળે તે ક્ષણે દીવાલ તૂટવાનો પ્રચંડ ધડાકો થાય છે. એ ધડાકો એવો પ્રચંડ હોય છે કે નીચે શહેરનાં બારીબારણાંના કાચ પણ ફૂટી જાય!

આ અદૃશ્ય દીવાલને ભેદવા માટે વિમાનનો મોરો અણીદાર અને આકાર તથા ઘડતર અનુકૂળ હોવાં જોઈએ. નહિ તો વિમાન પોતે અવાજની આ દીવાલ સાથે અફળાઈને તૂટી પડે! પ્રારંભમાં આવા અકસ્માત થયા પણ હતા.

('વિજ્ઞાનદર્શન')

આ માસ (સપ્ટેમ્બર) ઇતિહાસમાં

તા. ૨/૧૬૬૬ ત્રણસો છત્રીસ એકરના વિસ્તારમાં ચારસો શેરીઓ અને તેર હજાર બસો મકાનોને ચાર જ દિવસમાં ભરખી જનાર લંડનની ભયાનક આગ, લંડન બ્રિજ પાસે એક ભઠિયારાની દુકાનમાંથી શરૂ થઈ. પણ આ આગથી વારંવાર ફેલાતી મરકીનો ભય દૂર થયો અને શહેરના નવનિર્માણમાં પ્રજાની સલામતી ને સગવડો વધી.

વ્યક્તિવિશેષ



તા. ૯/૧૮૫૦ ગુજરાતમાં નર્મદ, મહારાષ્ટ્રમાં ચિપળૂણકર અને બંગાળમાં વિદ્યાસાગર તથા બંકિમચંદ્રનું ભાષાની અસ્મિતા સ્થાપવામાં જે સ્થાન છે તે હિંદી ભાષામાં તેનું સ્વત્વ સૌ પ્રથમ જગાડનાર ભારતેન્દુ હરિશ્ચન્દ્રનું છે. કાશીનરેશના પ્રિય કવિ ગોપાલદાસને ત્યાં આ તારીખે એમનો જન્મ થએલો. પાંચ વર્ષની વયે માતા અને નવમે વર્ષે પિતા ગુમાવવાથી ઘરના નોકર ગંગૂએ એમને ઉછેર્યા. બચપણથી જ આઝાદમિજાજ અને તોફાની એટલે માંડ કૉલેજ સુધી પહોંચ્યા ને મનાઈ હોવા છતાં પાન ખાઇને કૉલેજમાં જવાને કારણે ત્યાંથી રુખસદ મળી. એ પછી એમણે હિંદુસ્તાનનો પ્રવાસ કર્યો. એમાં પ્રાંતપ્રાંતની ભાષાની અસ્મિતાના અંકુરો ફૂટતા જોઈને એમણે હિંદી ભાષાનો ઉદ્ધાર કરવા નિશ્ચય કર્યો ને એ માટે માત્ર હિંદીમાં જ લખવાનું વ્રત લઈને 'કવિબચન સુધા' નામે એક માસિક પત્ર શરૂ કર્યું. એ પત્રમાં એમણે ઇતિહાસ, પ્રવાસ, પિંગળ, વિજ્ઞાન, નાટક, સમાજસુધાર, રાજકારણ આદિ બધા વિષયો પર કલમ ચલાવી. એમના આ પ્રયાસથી પ્રજામાં જાગ્રતિ આવતાં 'હરિચંદ્ર ચંદ્રિકા', 'કાશીપત્રિકા', 'આર્યમિત્ર' વગેરે બીજાં પત્રો પણ શરૂ કરી હિંદી ભાષાના ખેડાણને વિસ્તારીને એ ભાષાનું મુખ ઉજ્જ્વલ કર્યું. એની એક કદર રૂપે લોકોએ એમને 'ભારતેન્દુ'નું અભિધાન આપી નવાજ્યા અને સરકારે પણ લોકોએ આપેલા એ ખિતાબને માન્ય રાખ્યો. દેશપ્રવાસ દરમિયાન એમણે તમિળ અને તેલુગુ એ બે સિવાય હિંદની લગભગ બધી ભાષાઓ શીખી લીધી હતી. હિંદી ભાષા ખાતર એમણે કરેલી ન્યોછાવરીભરેલી સખાવતોને કારણે ઉત્તરાવસ્થામાં તેઓની આર્થિક સ્થિતિ બહુ તંગ બની ગએલી, છતાં એવી સ્થિતિમાં યે હિંદી ભાષાને ખાતર કોઈ ખર્ચમાં કૃપણતા આવવા દીધી નહોતી. ઈ. ૧૮૮૫માં એમની તબિયત લથડી ને ૬ઠ્ઠી જાન્યુઆરીએ અવસાન પામ્યા.

તા. ૧૦/૧૬૪૫ વિશ્વની અજબ ઈમારત ને કલામય પ્રેમસ્મારક તાજમહાલનું કામ પૂરું થયું.

તા. ૧૧/૧૮૯૩ મુંબાઈમાં પહેલવહેલું હિંદુ-મુસલમાન હુલ્લડ થયું. આવા કોમી દાવાનળ સામે ગાંધીજીએ ૨૧ દિવસના પહેલા ઉપવાસ કર્યા તે પણ આ જ માસની ૧૮મી તારીખે ઈ. ૧૯૨૪માં.

તા. ૧૨/૧૭૮૬ કચ્છના જમાદાર ફતેહમામદે રાવ રાયધણ ત્રીજાને કેદ કરીને કચ્છની રાજવ્યવસ્થા પોતાને હસ્તક લીધી.

તા. ૧૩/૧૯૩૧ 'લાહોર કાવતરા કેસ'માં પકડાએલા જતીન્દ્રનાથ મુખરજીનું જેલમાં ઉપવાસ કરવાથી અવસાન. વિપ્લવવાદી જતીન મુખરજીને કટકની ઑસ્પિટલમાં ૧૯૧૫માં ફાંસી અપાએલી એ પણ આ જ તારીખે.

તા. ૧૫/૧૯૩૫ હિટલરે સ્વસ્તિકને જર્મનીના રાષ્ટ્રચિહ્ન તરીકે અપનાવ્યો.

પ્રસંગવિશેષ

તા. ૧૯/૧૬૭૯ અંગ્રેજ-મરાઠાઓનું પહેલું નૌકાયુદ્ધ. વ્યાપારના બહાને હિંદમાં આવીને ધીરેધીરે પગ પસારતા જતા અંગ્રેજોએ શિવાજીના વધતા જતા પ્રતાપ સામે પણ પેંતરો ગોઠવવા માંડયો, અને એ માટે જંજીરાના સીદીની પીઠ થાબડવા માંડી. વારંવાર ઉપદ્રવ આપતા આ સીદીને આમ આશરો આપવા માંડવાથી શિવાજીએ એ સીદીને જેર કરવા સમુદ્રકિનારાનો જ કોઈ કિલ્લો સર કરવા સારુ મુંબાઈ નજીકના અંગ્રેજોના તાબાના ખંડેરીના કિલ્લા પર આ તારીખે જલમાર્ગે હુમલો કરીને નાકાબંધી કરી દીધી. અંગ્રેજ-મરાઠાઓનું એ પહેલું નૌકાયુદ્ધ હતું. અંગ્રેજોની એમાં સજ્જડ હાર થઈ, એમનો સેનાપતિ થૉર્પ અને બીજા બે અફસરો મરાયા ને ઘણા જખમી થયા. બાકીના બીજા ઘણા કેદ પકડાયા.



કથાકાર રોજ કથા કરતો હતો અને પછી આરતીની થાળી ફેરવતો, પણ થાળીમાં પૈસા બહુ ઓછા આવતા. એક દિવસ કથાકારે કાળાંબજારના અપવિત્ર ધનની ખૂબ નિંદા કરી. પછી આરતીની થાળી ફેરવતાં પહેલાં કહ્યું: 'જેમણે ભૂલેચૂકે પણ કદી કાળાંબજારનો પૈસો મેળવ્યો હોય તેઓ કૃપા કરીને આ થાળીમાં કંઈ ન ધરે, કાળાં બજારનું ધન સતકાર્યમાં નથી ખપતું!'

રખે પોતે કાળાંબજારિયો ઠરે એ બીકે તે દિવસે સૌ શ્રોતાએ આરતીની થાળીમાં પૈસા ધર્યા. પહેલી જ વાર તે દિવસે થાળી ભરાઈ ગઈ!

'તેં રમા જોડે વિવાહ કેમ તોડી નાખ્યો?'

'અરે, એ તે કંઈ છોકરી છે? આજ સુધી મને પસંદ કરતી હતી અને મારા માટે લાગણી છે એમ કહેતી હતી; અને છેલ્લે મને એક દહાડો કહેવા લાગી કે એને ન્હાનાલાલ, રમણલાલ, કનૈયાલાલ, ઉમાશંકર, ઝીણાભાઈ ને ઝવેરચંદ બહુ ગમે છે. આવી, બીજા છ માણસ માટે સ્નેહ ધરાવનારીને કોણ પરણે?'

(આવી બુદ્ધિવાળા માનવીને કોણ...?)

બે મિત્રો ફિલ્મ જોવા ગયા. એકાએક એક મિત્ર બોલ્યો: 'યાર, ગજબ થઈ ગયો. હું મારું પાકીટ ઓશિકા નીચે જ ભૂલી આવ્યો છું.'

'એમાં ચિંતા કરવાની શી જરૂર? તારો નોકર તો ઘણો પ્રામાણિક છે.'

'એની જ તો ચિંતા છે. નોકર પાકીટ લઈને પત્નીને આપી દેશે.'



સ્વ. 'શિવ' (જનસત્તા)

છો ગયો દીવો ઠરી મેં કૈંક વેળા પેટવ્યો;
હાથ થાક્યો છે, હૃદય પણ કેમ અંધારે ભરું ?

—હસિત બૂચ—

અમેરિકન કરોડપતિ કાર્નેગીની માલિકીના લોખંડના કારખાનાના કામદારો અવારનવાર હડતાળ પર ઊતરતા. એમને ઉશ્કેરનારો એમનો એક નેતા એવી ગંભીર બીમારીમાં સપડાયો કે સૅનેટોરિયમમાં અમુક વખત રહ્યા વિના એ સાજો ન થઈ શકે. પણ એની પાસે એટલા પૈસા ન હતા. થોડા સમય બાદ ફરી ડૉક્ટર પાસે જતાં તેને એ જ સલાહ આપવામાં આવી ને સાથે કહેવામાં આવ્યું કે તે માટે એને કશો ખર્ચ નહિ કરવો પડે, એટલે તે સૅનેટોરિયમમાં રહેવા ગયો. નિયત સમયે રહી સાજો થયા બાદ પાછો ફર્યો ત્યારે જ એને જાણવા મળ્યું કે પોતે જેના કારખાનામાં અવારનવાર હડતાળ પડાવતો હતો તે કાર્નેગીએ જ એનું ખર્ચ ચૂકવેલું.

કહેવત: 'બેસતો રાજા, આવતો મેહ ને આવતી વહુ, વગર વિચાર્યે વાહવાહ કરે સહુ.' જે ભવિષ્યમાં કેવાં નીવડશે તેની કોઈને ખબર નથી એવા માણસ કે પ્રસંગ વિષે આશાવાદી થવા સામે ટકોર કરતી કહેવત.

અનેકાર્થી શબ્દ: **ભાવ**=કિંમત કે દર; હેત કે પ્રીત; લાગણી કે વૃત્તિ; ઈરાદો, મતલબ; અસ્તિત્વ કે હોવાપણું; તાત્પર્ય, અભિપ્રાય; પ્રકૃતિ કે સ્વભાવ; ચેષ્ટા કે અભિનય; આસ્થા; સ્થિતિ, સ્વરૂપ (ઉદા. શિષ્યભાવ).

અંકસંદર્ભ—**આઠ**: અષ્ટસિદ્ધિ (હઠયોગથી મેળવાતી)—અણિમા, મહિમા, ગરિમા, લઘિમા, પ્રાપ્તિ, પ્રાકામ્ય, ઈશત્વ, વશિત્વ.



ટિકિટકથા: ફ્રેંચ મોટર બનાવનાર લૂઈ રેનૉલ્ટની શતાબ્દી નિમિત્તે ગયા વર્ષે પ. આફ્રિકાના ટોગો પ્રજાસત્તાકે વિવિધ મોટરગાડીઓનાં ચિત્રોવાળી છ ખાસ ટિકિટો બહાર પાડી હતી. તેમાંની આ એક પર 'રૉલ્સ રૉઈસ-સિલ્વર ઘોસ્ટ'નું ચિત્ર છે. આ ગાડી ૧૯૦૯માં બનેલી અને જોગાનુજોગ એનો રજિસ્ટ્રેશન નંબર પણ ૧૯૦૯ હતો.

जिह्वे प्रमाणं जानीहि
भोजने भाषणेऽपि च।
अतिभुक्तिरतीवोक्तिः
सद्यः प्राणापहारिणी॥

(અનુષ્ટુપ)

ભોજને, ભાષણે, રાખો જીભ હે! સુપ્રમાણને
બોલવું બહુ ને ખાવું ખૂબ, એ પ્રાણને હરે.

અતિ સર્વત્ર વર્જયેત્ એ સૂત્ર જીવનના દરેક ક્ષેત્રમાં મુદ્રાલેખ જેવું હોવું જોઈએ. એમાં યે જીભ જ્યારે પ્રમાણ છોડી 'અતિ' આચરે છે ત્યારે તો મહા અનર્થ બને છે, કેમ કે એ એક જ ઇન્દ્રિય એવી છે કે જે બેવડો અનર્થ કરે છે! બહુ બોલવાથી ઘરમાં કે બહાર, દેશમાં કે રાજકારણમાં કેવા અનર્થ થયા છે! તે જ પ્રમાણે આરોગ્યશાસ્ત્ર કહે છે કે બધા રોગોનું મૂળ પેટ છે, ને જીભ વશ ન રહે તેથી જ પેટ બગડે છે. પછી તો બૉઈલર બગડવાથી આખી મિલ અટકે તેમ આખું શરીર અટકે છે. આમ, જીભ મર્યાદા મૂકે ત્યારે પ્રાણને જોખમ આવે છે. —ર. ભી.

૧થી ૯ સુધીના અંકોને ક્રમિક રીતે વાપરીને ૧૦૦ જવાબ નીચેની ૧૨ રીતે લાવી શકાય:

૧+૨+૩+૪+૫+૬+૭+(૮×૯)
૧+(૨×૩)+(૪×૫)−૬+૭+(૮×૯)
૧+(૨×૩)+૪+૫+૬૭+૮+૯
(૧×૨)+૩૪+૫૬+૭−૮+૯
−(૧×૨)−૩−૪−૫+(૬×૭)+(૮×૯)
૧૨+૩−૪+૫+૬૭+૮+૯
૧૨−૩−૪+૫−૬+૭+૮૯
૧૨૩+૪−૫+૬૭−૮૯
૧૨૩+૪૫−૬૭+૮−૯
૧૨૩−૪−૫−૬−૭+૮−૯
(૧+૨−૩−૪) (૫−૬−૭−૮−૯)—નૌતમ



સળંગ રેખા વડે દોરેલી માનવ-મુખાકૃતિ

માણસોના દાંતનાં પોલાણ પૂરવામાં દુનિયામાં દર વર્ષે ૬૫ ટન સોનું વપરાય છે એ જાણો છો? બીજા આંકડા પણ રસપ્રદ છે: ઈ. ૧૯૭૬ દરમિયાન જગતમાં સોનાનું કુલ ઉત્પાદન ૧૩૭૮ ટન હતું, જેમાંથી ૪૩૧ ટન અનામત રાખવામાં આવ્યું, ૫૩૨ ટન દરદાગીના અને જરઝવેરાતમાં વપરાયું, ૨૩૭ ટનના સિક્કા અને ચન્દ્રકો બનાવાયા, અને ૬૫ ટન ઈલેક્ટ્રૉનિક્સમાં તથા ૪૮ ટન અન્ય બનાવટોમાં વપરાયું.



પૉરપૉઈઝ માછલી પાણીની અંદરથી સપાટી બહાર ૨૧ ફૂટ ઊંચે સુધી કૂદી શકે છે.

જસ્ટીસ હૉકિન્સ પોતાની બૅરિસ્ટર તરીકેની કારકિર્દીમાં કેસ નિષ્ફળ નીવડ્યો છે એમ ચોખ્ખું લાગવા છતાં તે કેસના બચાવમાં ભાષણ કર્યે જતો. એક વખત જજે આથી કંટાળી કહ્યું: 'મિ. હૉકિન્સ! બે કાળી વસ્તુથી એક ધોળી થાય છે એમ જો તમે સાબિત કરો તો જ હું તમને આગળ દલીલ કરવા દઈશ.'

હૉકિન્સે તરત જવાબ આપ્યો: 'માઇ લૉર્ડ! હું તેમ કરીશ. કાળો મરઘો અને કાળી મરઘી એક સફેદ ઈંડું ઉત્પન્ન કરે છે એમ હું જાણું છું!'



કલાકૃતિ: ભારતીય વસ્ત્રોમાં કલાત્મક મોરની ભાત

અનુ.] **વાચકો લખે છે** [પૃ. ૩૦૦થી

સરોજ ત્રિવેદીની લઘુકથા વિષે

બાળપણથી જ 'કુમાર'નો ચાહક ને વાચક છું. જીવનોપયોગી સર્વક્ષેત્રીય સાહિત્ય પીરસવામાં 'કુમાર' બેજોડ છે. જુલાઈ '૭૮નો અંક સ્ફુલમાં મળ્યો. સૌ પ્રથમ મુખપૃષ્ઠ પર તેમજ તેની પાછળ શ્રીમતી હંસા પટેલનાં સુંદર લીનોકટ, વૂડકટ બે ચિત્રો આપવા બદલ અભિનંદન. આ બંને માધ્યમો કલાકારની પૂરી ચોકસાઈ, રંગઆયોજનની નિપુણતા અને ઊંડી કલાસૂઝ દર્શાવે છે. ભાઈ શ્રી અશોક હર્ષનો 'વિનોદની નજરે' પરિચય અને ખુદ અશોકભાઈની કલમે લખાએલ 'જૉન બ્રાઉન' અને જૂન અંકમાં 'હૅત્રી રટૅનલી'નાં ચરિત્રો ખૂબ જ ગમ્યાં. અશોકભાઈનું ઇતિહાસ-ભૂગોળનું ઊંડુ ખેડાણ આ બંને ચરિત્રોમાં જોઈ શકાય છે.

મનમાં થોડાક પ્રશ્નો ઊભા થયા સરોજ ત્રિવેદીની, લઘુકથા' વિષે:

આ અગાઉ બે લઘુકથા 'કંકુનો ચાંદલો' અને 'ફ્રૅન્કેન્સ્ટાઈનનું હૃદય' હૃદયસ્પર્શી હતી. માર્ચ ૭૮માં પ્રફુલ્લ રાવલે દર્શાવેલ લઘુકથાનાં લગભગ બધાં જ તત્ત્વો ઉપર્યુક્ત બંને કથામાં સાકાર થાય છે. પરંતુ એક સ્ત્રીલેખિકા લઘુકથામાં પોતાને પુરુષ તરીકે કેમ દર્શાવે છે? ખરેખર આ લેખિકાનું મૌલિક સર્જન છે કે પછી જવનિકા પાછળ બીજા કોઈની કલમનો ફાલ છે? આ અંગે સ્પષ્ટતા થશે તો આભાર.

'કુમાર' 'ઊર્મિની ઓળખ'ની માફક 'લઘુકથા સંગ્રહ' પ્રસિદ્ધ ન કરી શકે?

(અમદાવાદ) -(પ્રા.) મહેશ એમ. ત્રિવેદી

૨

'કુમાર'ના જુલાઈ માસના અંકમાં આવેલી લઘુકથા 'ફાટેલું ગંજી' કથાના લઘુસ્વરૂપમાં પણ ઘણુંઘણું કહી જાય છે. અમારાં અભિનંદન સહિત આ સાથે મોકલેલા વીસ રૂપિયા એ કથાના લેખકને મોકલી આપી આભારી કરશો..

(શ્રેયસ ટ્રસ્ટ-ગાંધીધામ)—અ. લ. નાણાવટી

૯૨ વર્ષ પહેલાં

પુણેં-સ્થિત ભાંડારકર પ્રાચ્યવિદ્યા સંશોધન મંદિરની હીરક જયન્તી (૧૯૧૮–૧૯૭૮) ને ભારતીય પ્રાચ્યવિદ્યા-પરિષદનું ૨૯મું અધિવેશન ૧, ૨, ૩ જૂનના દિવસોમાં સુંદર રીતે પુણેંમાં ઉજવાઈ ગયાં. તે પ્રસંગે ત્રિખંડ-પંડિત ડૉ. રામકૃષ્ણ ગોપાલ ભાંડારકર (સંસ્થાના પ્રતિષ્ઠાપક)નું એક પ્રબોધક સંસ્મરણ નોંધવા જેવું છે.

ઈ. ૧૮૮૬માં ઑસ્ટ્રિયાની રાજધાની વિયેનામાં ભરાએલા પ્રાચ્ય-ભાષા-વિશારદોના સંમેલનમાં ડૉ. ભાંડારકરને એમના મૌલિક સંશોધનકાર્યના સન્માનમાં નિમંત્રિત કરવામાં આવ્યા હતા. તે પરિષદમાં ભાષણ કરતાં શ્રી ભાંડારકરજીએ એક સંસ્કૃત શ્લોકની રચના કરીને પોતાની જે ભાવના વ્યક્ત કરી હતી તે આજે ૯૨ વર્ષ પછી પણ વિશ્વ માટે પ્રતીતિકર જણાય છે. શ્લોક આ પ્રમાણે છે:

राष्ट्राणां स्नेह-भावाय विग्रहस्य शमाय च।
कल्पतां ईदृशी संसद् मनुजानां च भूतये॥

જુદાંજુદાં રાષ્ટ્રો વચ્ચે સ્નેહ-સંપાદન માટે, યુદ્ધોના શમન માટે, ને લોકોના કલ્યાણ તથા ઐશ્વર્ય માટે આ પ્રકારની પરિષદ હોવી જોઇએ.

(પોરબંદર) —શંકરદેવ વિદ્યાલંકાર

આશા

મે અંકમાં પ્રો. વસંત જોષીનો 'સંત જ્ઞાનેશ્વર'વાળો લેખ ગમ્યો. 'શ્રેયસ લોકસંગ્રહાલય' લેખ આપણી સંસ્કૃતિના ઇતિહાસને તાજો કરે છે. શ્રી બહાદુરશાહ પંડિતનો લેખ 'આશાવાદ' માટે સંસ્કૃતનો આ શ્લોક પણ ઉપયોગી થશે:

आशा नाम मनुष्याणां काचिदाश्चर्य
शृङ्खला।
यया बद्धाः प्रधावन्ति, मुक्तास्तिष्ठन्ति
पङ्गुवत्॥

અર્થાત્ આશા (નામની) મનુષ્યોની આશ્ચર્યજનક સાંકળની કડી છે. જેઓ તેનાથી બંધાએલાં છે તેઓ દોડે છે અને મુક્ત છે તેઓ પાંગળા થઇને સ્થિર થાય છે.

(તોરણા) —કાલિદાસ એસ. વાલા

ધર્મક્ષેત્રે કુરુક્ષેત્રે

[૧ થી ૬ ભાગમાં સંપૂર્ણ મહાભારત]

રૂ. ૮૦ની કિંમતનાં આ પુસ્તકો સસ્તાં મેળવવા માટે રૂ. ૪૫/–પિસ્તાલીસ રૂપિયા તુરત મોકલી ગ્રાહક બનો. આ સેટ દિવાળી આસપાસ ગ્રાહકોને મળશે.

દર્શક સંપુટ ૧લો

સોક્રેટીસ (નવલકથા), દીપનિર્વાણ (નવલકથા), પરિત્રાણ (મહાભારત પર નાટક)

દર્શક સંપુટ ૨ જો

ઝેર તો પીધાં છે જાણી જાણી-૧ (નવલકથા)
બંધન અને મુક્તિ (નવલકથા)
આપણો વારસો ને વૈભવ (ઇતિહાસ)

દુખિયારાં સેટ

દુખિયારાં ભા. ૧-૨ (લે મિઝરાબ્લ)
ચંદ્રલોકમાં (જૂલે વર્ન)

દરેક સેટ દીઠ ઘેર બેઠાં મેળવવા માટે રૂ. ૨૪/– નું M. O. કે ડ્રાફ્ટ મોકલો.

લખો: સંસ્કાર સાહિત્ય મંદિર

નીચેનાં રૂ. ૨૦૧/–નાં પુસ્તકો મંગાવનારને 'ધર્મક્ષેત્રે કુરુક્ષેત્રે'વાળો રૂ. ૮૦નો સેટ વિના મૂલ્યે મળશે.

મેઘાણી ગ્રંથ ભા. ૧-૨ (મેઘાણી સાહિત્યના ઉત્તમ અંશોનું સંકલન) ૬૦–૦૦
મહાભારત કથાવલિ ૧ થી ૮ (ચક્રવર્તી રાજગોપાલાચાર્ય) ૨૦–૦૦
ગાંધી બાપુ ભા. ૧-૨ (ગાંધી જીવનકથા–લેખક: રામનારાયણ ના. પાઠક) ૧૬–૦૦
સાહસિક સોદાગરો (કોઈ પણને પ્રેરણા આપે તેવાં ૧૮ ચરિત્રો –ડુંગરશી સંપટ) ૬–૦૦
કુદરતની કેડીએ ૧-૨ (પક્ષીજીવનની જીવન્ત વાતો–પ્રદ્યુમ્ન કે. દેસાઈ) ૨૫–૦૦
મહાન મુસાફરો ૧-૨ (વિશ્વના મહાન પ્રવાસવીરો–મૂળશંકર મો. ભટ્ટ) ૧૦–૦૦
બલિદાન કથાઓ ૧-૫ (ક્રાંતિવીરોનાં ચરિત્રો – કાન્તિલાલ શાહ) ૧૮–૦૦
કુદરતી ઉપચાર (નેચર ક્યૉર – ગોપાળજીભાઈ) ૭–૦૦
સિંધી સાહિત્યની શ્રેષ્ઠ વાર્તાઓ (સં. જયંત રેલવાણી) ૫–૫૦
જાપાનની પરીકથાઓ ૧ થી ૬ (પ્રમીલા શાહ) ૧૬–૦૦
રામરોટી (હાસ્યરસિક નિબંધો તથા લેખો – નટવરલાલ પ્ર. બુચ) ૮–૦૦
મહાન મુસાફરો ૧-૨ (મૂળશંકર મો. ભટ્ટ)

સંસ્કાર સાહિત્ય મંદિર: પો. ઑ. નં. ૩૪, દરબારગઢ, **ભાવનગર**
અમદાવાદમાં, **અનુભાઈ શાહ**, ૯/એ વિવેકાનંદ સોસાયટી, પાલડી

સાચો શે'ર

મે અંકમાં શ્રી એમ. જે. જોશીએ જે શે'રનો નિર્દેશ કરેલો છે તે નીચે પ્રમાણે હોવો જોઇએ :

કિનારોંસે મુઝે અય નાખુદા,
તુમ દૂર હી રખના,
વહાં લેકર ચલો, તૂફાં
જહાંસે ઉઠનેવાલા હૈ.

(ઉર્દૂમાં 'ઉઠને'માં 'ઉ' હ્રસ્વ છે.)

ઘણી વાર લેખકની ઇચ્છા છતાં ટાંકવા ધારેલી કોઈની કાવ્ય-પંક્તિઓનો શુદ્ધ પાઠ લભ્ય થતો નથી. આવે પ્રસંગે જ્ઞાતાને પૂછી લેવું જોઈએ.

શ્રી જોશીએ તેમના બીજા પત્રમાં જે આક્ષેપ મૂક્યો છે તે વધારેપડતો છે. અલબત્ત, 'કુમાર'માં પ્રકટ થતી બધી જ ગઝલોમાં વજન સંપૂર્ણપણે જળવાયું નથી હોતું. તંત્રીશ્રીએ દાખલાઓ ટાંકવાનું કરેલ સૂચન યથાર્થ જ છે.

(ભાવનગર) —કિસ્મત કુરેસી

૨

મે અંકમાં શ્રી એમ. જે. જોષીના પત્રના અનુસંધાનમાં જણાવવાનું કે શ્રી વિનોદ ભટ્ટે જે શે'ર ટાંક્યો છે એ વિષે એક ભૂલ સુધારતાં બીજી ભૂલો ઊભી થઈ છે.

સાચો શે'ર આ મુજબ છે: (આપે ખુલાસો આપતાં પહેલાં કોઈ સૂઝવાળા ગઝલકારને પૂછ્યું જણાતું નથી.)

કનારો સે મુઝે અય નાખૂદા, તૂ દૂર હી રખના;
વહાં લેકર ચલો, તુફાં જહાં સે ઉઠનેવાલા હૈ.

અને આ શે'રવાળી ગઝલ બેગમ અખ્તરે ગાઈ છે એમાં પણ પ્રથમ પંક્તિમાં 'તૂ' રહી ગયો છે. ગાવામાં નામી ગાયકની પણ આવી ભૂલો ક્યારેક થાય છે.

(નડિયાદ) —યાસીન વૈદ્ય

[* શે'રમાં જોડણી પત્રલેખકની છે.]

એક ભૂલ

'કુમાર' (મે-૭૮)માં 'સૌરાષ્ટ્ર' અંગે મારો પત્ર પ્રકાશિત કરવા બદલ આભાર.

ફરી એક વાર નાનકડી ફરિયાદ છે. હમણાં હમણાં 'કુમાર'નું પ્રુફસુધારણા તંત્ર બરાબર કામ કરતું લાગતું નથી. શુદ્ધ જોડણી, ખરા આંકડા અને મૂળ શબ્દનો આગ્રહ રાખતું 'કુમાર' નાનકડી શી ભૂલ પણ ન કરે તેવી અમારી શ્રદ્ધાને આપ અને આપના સાથીઓ કાયમ રાખો તેવી વિનંતી છે. 'આ માસ (મે) ઇતિહાસ'માં વિભાગમાં તા. ૧૧ પછી બહાદુરશાહ 'ઝફર'ને હિંદનો શહેનશાહ બનાવવાની માહિતીમાં આપે ભૂલથી '૧૯૪૮' લખેલ છે જે '૧૮૪૮' જોઇએ.

(રાજકોટ) —જયવંત મૂ. ત્રિપાઠી

જૂના અંકો

'કુમાર'ના લગભગ ૩૦૦ જૂના અંકો મારી પાસે આવ્યા છે, જેમને ખરીદવા હોય તે સંપર્ક સાધે.

(વાંકાનેર) —છોટાલાલ માનસિગ કામદાર

(વિશેષ સરનામાની જરૂર નથી.)

આપના પુત્રનો
માથાદુખણ
કોયડો

આપનો પુત્ર માધ્યમિક શાળામાં ભણે છે? તે અંગ્રેજીનો અભ્યાસ કરે છે?

તો, બનવા જોગ છે કે, અંગ્રેજી ભાષાનું એક અતિ આવશ્યક, ઉપયોગી અને અગત્યનું અંગ-direct-indirect narration-તેને માટે માથાના દુખાવા સમાન હોવાનું. હકીકતમાં, દર દસ વિદ્યાર્થીએ નવ વિદ્યાર્થીને એ વિષય હમેશ હંફાવતો નીવડ્યો છે.

આ સમસ્યાનો ખ્યાલ રાખી, છેલ્લાં ૭ વરસથી નિયમિત પ્રગટ થતા, એક માત્ર માસિક 'ઇંગ્લિશ ફોર યૂ'

English for you

ઑગસ્ટ '૭૮નો ખાસ અંક પ્રગટ થયો છે :

DIRECT–INDIRECT SPEECH–ખાસ અંક

તેમાં, વિદ્યાર્થીની માતૃભાષા દ્વારા આ વિષયની સમજૂતી અપાઈ છે. કોઈ પણ પુસ્તકમાંથી સાંપડી શકે તે કરતાં આઠ દસ ગણી વિસ્તારથી સમજૂતી, પુષ્કળ દૃષ્ટાંતો, તાલીમ માટે પૂરતો મહાવરો—અને અગત્યનું એ કે અત્યંત સરળ ભાષામાં રજૂઆત-આ અંકમાં મળી રહે છે.

અત્યારે ગ્રાહક થનારને આ ખાસ અંક ઉપરાંત જાન્યુઆરી '૭૯માં પ્રગટ થનાર અંગ્રેજી ભાષાના ગૂંચવતા અને મૂંઝવતા શબ્દો (words : misused and confused) પર પ્રગટ થનારો ખાસ અંક પણ મળશે.

વાર્ષિક લવાજમ રૂપિયા પંદર
આજે જ મનીઑર્ડર કરો યા લખો.

*

ગ્રંથલોક
ત્રીજે માળે, મોડલ સિનેમા પાસે,
અમદાવાદ ૩૮૦ ૦૦૧

